શુભ અક્ષય તૃતીયા
પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૩૦-૪-૨૦૨૫, બુધવાર
વર્ષઃ ૧૪, અંક : ૪૪

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા


Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

જય બજરંગ
ફ્લોર એન્ડ મસાલા મીલ
ચણા તુવેર મગ, અડદની ચોખ્ખી દાળ બનાવી આપશું
માંડવી ફોલી આપશું.
સિંધાલુ હીંગ દળી આપશું.
સાકર દળી આપશું
93273 08756

### વડાપ્રધાને સેનાને આપ્યો છૂટો દોર

# દુશ્મનોનો ખાત્મો બોલાવવા "સમય પણ તમારો, ઘડી પણ તમારી અને જગ્યા પણ તમે નક્કી કરો"!!!

## આગામી ૩૬ કલાકમાં ભારતના હુમલાની દહેશતથી પાક. ફફડ્યુંઃ પાક. માહિતી અને પ્રસારણ મંત્રી અતાઉલ્લાહ તરારે આપી વિગત



**અબતક, રાજકોટ**

પહેલગામમાં થયેલા ક્રૂર આતંકી હુમલાબાદ ભારત એક્શન મોડમાં છે. વડાપ્રધાન, વિદેશ મંત્રી, ત્રણેય સેનાના વડાઓ સહિત સરકાર વ્યુહરચના ઘડી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઈ કાલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના જવાબમાં ભારતીય સશસ્ત્ર દળોને કાર્યવાહી માટે છૂટ આપી છે. વડાપ્રધાને આ નિર્ણય ઉચ્ચ સ્તરીય સુરક્ષા બેઠક દરમિયાન લીધો હતો, જેમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ

(અનુ. આઠમા પાને)

### એલ.ઓ.સી. પર સતત છ દિવસથી સામ-સામા ફાયરિંગ!!

#### પાકિસ્તાની સેનાએ ગઈ કાલે ભારતીય ડ્રોન તોડી પાડવાનો દાવો કર્યો

એલ.ઓ.સી બોર્ડર પર સતત છ દિવસથી સામસામા ફાયરિંગ શરૂ છે ત્યારે પાકિસ્તાની સેનાએ ગઈ કાલે એલઓસી પર ભારતીય ક્વોડકોપ્ટરને તોડી પાડવાનો દાવો કર્યો હતો અને ભારત પર તેના હવાઈ ક્ષેત્રનું ઉલ્લંઘન કરવાનો

(અનુ. આઠમા પાને)

### પહેલગામ હત્યારાઓને ભરી પીવા યુકેનો પણ ખુલ્લો સપોર્ટ!!

#### ભારતને તેની સુરક્ષા અંગે જે ચિંતા છે તે સમજી શકાય તેવી છેઃ વિદેશ પ્રધાન ફાલ્કનર

યુકે સરકારે પહેલગામ આતંકવાદી હુમલાના ગુનેગારોને પકડવામાં ભારતને સંપૂર્ણ સપોર્ટ આપ્યો છે અને ભારત તથા પાકિસ્તાન વચ્ચે વધતા તણાવને નિયંત્રિત કરવામાં મદદ કરવા માટે તેની સંપૂર્ણ રાજદ્વારી ભૂમિકા

(અનુ. આઠમા પાને)

### ભારત-પાક વિવાદો સુલજાવવા યુએન તત્પરઃ યુએનના વડાએ ભારતના વિદેશ પ્રધાન અને પાક.ના વડાપ્રધાનને ફોન કર્યો

#### જયશંકરે ગુટેરેસની હુમલાને લઈ કરેલી નિંદાની પ્રશંસા કરીઃ પાકે ભારતને સંયમ રાખવાની સલાહ આપવા વિનંતી કરી

ભારત પાકિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવને ઘટાડવા માટે યુનાઈટેડ સ્ટેટે તત્પરતા બતાવી છે. યુએન સેક્રેટરી જનરલ એન્ટોનિયો ગુટેરેસે પહેલગામમાં

(અનુ. આઠમા પાને)

# જડબેસલાક સુરક્ષા વ્યવસ્થા સાથે ચારધામ યાત્રાનો પ્રારંભ

## સવારે ૧૦:૩૦ વાગ્યે ગંગોત્રી ધામના અને બપોરે ૧૧:૫૫ વાગ્યે યમુનોત્રી ધામના કપાટ ખુલ્યાઃ બદ્રીનાથ ધામના દરવાજા ૪ મેના રોજ, જ્યારે કેદારનાથ ધામના દરવાજા ૨ મેના રોજ ખુલશે

**અબતક, નવી દિલ્હી**

જમ્મુ કાશ્મીરના પહલગામમાં આતંકીઓએ પર્યટકોને ટાર્ગેટ કરીને હુમલો કર્યો હતો. આ હુમલાને લઈને સમગ્ર તંત્ર એલર્ટ પર છે. એવામાં ઉત્તરાખંડની ચારધામ યાત્રા આજથી શરૂ થઈ છે. આજથી ઉત્તરાખંડમાં ભારે સુરક્ષા વચ્ચે ચારધામ યાત્રાનો પ્રારંભ થયો છે. હાલ વેકેશનનો સમયગાળો છે, એવામાં બહુ જ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ચારધામ યાત્રામાં સામેલ થાય તેવા અહેવાલો છે. આતંકી હુમલો અને મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓના ધસારાને ધ્યાનમાં રાખીને યાત્રાની સુરક્ષા વધારી દેવામાં આવી છે.



અક્ષય તૃતીયાના દિવસે આજે સવારે ૧૦:૩૦ વાગ્યે ગંગોત્રી ધામના દરવાજા ખુલ્યા હતા અને આ સાથે ચારધામ યાત્રા શરૂ થઈ હતી. ત્યારબાદ બપોરે ૧૧:૫૫ વાગ્યે યમુનોત્રી ધામના દરવાજા ખુલ્યા હતા. ત્યારબાદ દેશ-વિદેશના ભક્તો મા ગંગા અને યમુનાના દર્શન કરી શકશે. બદ્રીનાથ ધામના

(અનુ. આઠમા પાને)

### મિશન ૨૦૨૬ પૂર્ણ થવાની ઘડીઓ આવી

# માઓવાદીઓ ઘૂંટણીયેઃ બિનશરતી શરણાગતિ સ્વીકારવાની તૈયારી

## સરકારે શરૂ કરેલા ઓપરેશન કાગરથી નકસલીઓ ભયભીત હથિયાર હેઠા મૂકી દેવાની તૈયારી સાથે પત્ર લખ્યો



**અબતક, રાજકોટ**

વર્ષ ૨૦૨૬ સુધીમાં નકસલીઓને નેસ્ત નાબૂદ કરી દેવાના સરકારનો નિર્ધાર સમયસર પૂર્ણ થઈ જશે તેવો ઉજળો આશાવાદ સામે આવી રહ્યો છે. સરકાર દ્વારા નક્સલીઓને નાબૂદ કરી દેવા ચાલી રહેલા ઓપરેશન કાગર બંધ કરી દેવાની અપીલ સાથે માઓવાદીઓએ બિનશરતી શરણાગતિ સ્વીકારી લેવા તૈયારી બતાવી છે. છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાંઈએ વરિષ્ઠ પોલીસ અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. સુરક્ષા દળો સાથે વારંવાર થતી અથડામણોમાં ભારે જાનહાનિ બાદ ઝડપથી ખતમ થઈ રહેલા પ્રતિબંધિત જૂથે કેન્દ્ર અને રાજ્ય સરકારોને શાંતિ વાટાઘાટો માટે અનુકૂળ વાતાવરણ બનાવવા કહ્યું છે. ૨૫ એપ્રિલ, ૨૦૨૫ ના રોજના નિવેદનમાં, તાજેતરમાં (૨૧ એપ્રિલ, ૨૦૨૫) ત્રણ માઓવાદીઓના મોત અંગે પુષ્ટિ

(અનુ. આઠમા પાને)

# ન હોય.. અડધાથી વધુ ડ્રાઈવિંગ લાયસન્સ અરજદાર "નાપાસ" થાય છે!!

## રાજ્યમાં ફોર વ્હીલર લાયસન્સ માટે દર ૧૦૦ વ્યક્તિએ માત્ર ૪૩ વ્યક્તિ જ ડ્રાઈવિંગ ટેસ્ટમાં પાસ થાય છેઃ ટુ વ્હીલરમાં પાસ થવાનો રેશિયો સારો

**અબતક, ગાંધીનગર**

ગુજરાતમાં ફોર વ્હીલરના લાયસન્સ માટે અડધાથી વધુ લાયસન્સ અરજદારો નાપાસ થાય છે. સરેરાશ દર ૧૦૦ વ્યક્તિએ માત્ર ૪૩ વ્યક્તિ જ ડ્રાઈવિંગ ટેસ્ટમાં પાસ થાય છે. જો કે ટુ વ્હીલરમાં પાસ થવાનો રેશિયો સારો છે.

સારથી વેબસાઈટના તાજેતરના ડેટા અનુસાર, ગુજરાતમાં ડ્રાઈવરો તેમની ડ્રાઈવિંગ લાઈસન્સ પરીક્ષા પાસ કરવા માટે સંઘર્ષ કરી રહ્યા છે, જેમાં અરજદારોને પાસ થવા માટે સરેરાશ ત્રણ પ્રયાસો કરવા પડે છે. ૨૦૨૪-૨૫માં, ૭.૫૮ લાખ લોકોએ ૨૦.૫ લાખ ડ્રાઈવિંગ ટેસ્ટ આપ્યા હતા. આમાંથી માત્ર ૬ લાખ લોકોએ સફળતાપૂર્વક તેમના લાઈસન્સ મેળવ્યા. આરટીઓ અધિકારીઓએ જણાવ્યું હતું કે ફોર વ્હીલર ટેસ્ટમાં નિષ્ફળતાનો દર ખાસ કરીને ઊંચો હતો, જેમાં ૫૭% અરજદારો તેમની પ્રેક્ટિકલ પરીક્ષામાં નાપાસ થયા હતા. ટુ-વ્હીલરના અરજદારોનો દેખાવ સારો રહ્યો, નિષ્ફળતા દર ફક્ત ૧૫% રહ્યો. બંને આંકડા ૨૦૧૪ થી સુધારો દર્શાવે છે, જ્યારે કાર માટે નિષ્ફળતા દર ૪૭% અને ટુ-વ્હીલર માટે ૨૭% હતો.

પ્રાદેશિક પરિવહન કાર્યાલયના અધિકારીઓએ નોંધ્યું છે કે લગભગ ૪૦% અરજદારો ટુ-વ્હીલર અને લાઈટ મોટર વ્હીકલલાઈસન્સ માટે અરજી કરે છે, જેમાં કાર,

(અનુ. આઠમા પાને)



### અપ-ગ્રેડિયન્ટ અને રિવર્સ એસમાં ૮૦%થી વધુ લોકો ફેઈલ થાય છે

આરટીઓ અધિકારીઓએ મોટાભાગની નિષ્ફળતાઓ તરફ દોરી જતા ચોક્કસ પડકારો તરફ ધ્યાન દોર્યું. એલએમવી પરીક્ષણો માટે, અપ-ગ્રેડિયન્ટ અને રિવર્સ એસ પરીક્ષણો દરમિયાન ૮૦% થી વધુ નિષ્ફળતાઓ આવી, જ્યારે બાકીના ૨૦% ને સમાંતર પાર્કિંગ અને અંગ્રેજી ૮ ટ્રેક પરીક્ષણમાં સંઘર્ષ કરવો પડ્યો. એક અધિકારીએ જણાવ્યું હતું કે ડ્રાઈવિંગ શીખનારાઓ માટે આ મુશ્કેલ કુશળતામાં નિપુણતા મેળવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું સારું રહેશે.

### છેલ્લા ૫ વર્ષના લાયસન્સ પ્રક્રિયાના આંકડા

| વર્ષ | અરજીકર્તા | લેવાયેલ ટેસ્ટ | લાયસન્સ ઈશ્યુ |
|---|---|---|---|
| ૨૦૨૪-૨૫ | ૭.૫૯ લાખ | ૨૦.૫૫ લાખ | ૬.૧ લાખ |
| ૨૦૨૩-૨૪ | ૮.૬૮ લાખ | ૨૨.૩૮ લાખ | ૭.૯૧ લાખ |
| ૨૦૨૨-૨૩ | ૭.૫૫ લાખ | ૧૯.૯૮ લાખ | ૫.૩૨ લાખ |
| ૨૦૨૧-૨૨ | ૭.૭૪ લાખ | ૨૨ ૨૨ લાખ | ૫.૪૭ લાખ |
| ૨૦૨૦-૨૧ | ૮.૦૪ લાખ | ૨૨.૩૮ લાખ | ૫.૭૭ લાખ |

# કોલકાતા-વિશાખાપટ્ટનમમાં મોટી દુર્ઘટના સર્જાતા ૨૧ લોકો કાળનો કોળિયો

**અબતક, રાજકોટ**

કોલકાતા અને વિશાખાપટ્ટનમમાં બે મોટી દુર્ઘટના સર્જાઈ છે જે બંને દુર્ઘટનામાં હાલ સુધીમાં કુલ ૨૧ લોકોના મોતના અહેવાલ સામે આવી રહ્યા છે. કોલકાતાના બરાબજાર સ્થિત હોટેલમાં આગ લાગતા ૧૪ લોકો જીવતા ભડથું થઈ ગયા છે જયારે હજુ પણ અંદર લોકો ફસાયા હોવાની આશંકાએ રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે. જયારે બીજી બાજુ વિશાખાપટ્ટનમ સ્થિત નર્સિંમ્હા સ્વામી મંદિરની દીવાલ ધરાશાયી થતાં સાત શ્રદ્ધાળુઓના મોત નીપજ્યા છે.

## કોલકાતાની બડાબજાર વિસ્તાર સ્થિત હોટેલમાં વિકરાળ આગ લાગતા ૧૪ લોકો જીવતા ભડથુંઃ અનેક ફસાયાની આશંકાએ રેસ્ક્યુ ઓપરેશન

કોલકાતાના ફાલપટ્ટી માછીમારી વિસ્તારમાં આવેલી ઋતુરાજ હોટેલમાં મંગળવારે રાત્રે લાગેલી આગમાં ઓછામાં ઓછા ૧૪ લોકોના મોત થયા છે. આ અકસ્માત રાત્રે લગભગ ૮:૧૫ વાગ્યે થયો હતો. ફાયર બ્રિગેડે આગ પર કાબુ મેળવી લીધો છે અને રાહત અને બચાવ કામગીરી ચાલુ છે. અકસ્માતની તપાસ માટે એક ખાસ ટીમની રચના કરવામાં આવી છે. નેતાઓએ અગ્નિ સલામતીના નિયમોનું કડક નિરીક્ષણ કરવાની માંગ કરી છે.

કોલકાતા પોલીસ કમિશનર મનોજ કુમાર વર્માએ જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં ૧૪ મૃતદેહ મળી આવ્યા છે, જ્યારે ઘણા લોકોને બચાવી લેવામાં આવ્યા છે અને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે. આગ હવે કાબૂમાં આવી ગઈ છે અને રાહત અને બચાવ કામગીરી ચાલી રહી છે. આ મામલાની તપાસ કરવામાં આવી રહી છે અને આ માટે એક ખાસ ટીમ બનાવવામાં આવી છે. હાલમાં આગ લાગવાનું કારણ જાણી શકાયું નથી.

આ અકસ્માત બાદ રાજકીય પ્રતિક્રિયાઓ પણ સામે આવી છે. કેન્દ્રીય મંત્રી અને પશ્ચિમ બંગાળ ભાજપ પ્રમુખ સુકાંત મજુમદારે રાજ્ય સરકાર પાસેથી તાત્કાલિક કાર્યવાહીની માંગ કરી. તેમણે કહ્યું, હું રાજ્ય વહીવટીતંત્રને તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી હાથ ધરવા, ઘાયલોને તબીબી સારવાર અને માનવતાવાદી સહાય પૂરી પાડવા અપીલ કરું છું. આ સાથે, આગ જેવી ઘટનાઓને રોકવા માટે અગ્નિ સલામતી વ્યવસ્થાઓનું કડક નિરીક્ષણ કરવું જોઈએ.

જયારે આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં એક મોટી દુર્ઘટના બની છે. અહીંના કેસરી વરાહલક્ષ્મી નરસિંહ સ્વામી મંદિરમાં ચંદનોત્સવ દરમિયાન ૨૦ ફૂટ લાંબો ભાગ ધરાશાયી થતાં સાત લોકોના મોત થયા હતા. આ અકસ્માતમાં ચાર લોકો ઘાયલ થયા છે. એસડીઆરએફ અને એનડીઆરએફની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. રાહત અને બચાવ કામગીરી ચાલુ છે.

આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં કેસરી વરાહલક્ષ્મી નરસિંહ સ્વામી મંદિરમાં ચંદનોત્સવ દરમિયાન

(અનુ. આઠમા પાને)

## આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં નરસિમ્હા સ્વામી મંદિરની દીવાલ ધરાશાયી થતાં સાત શ્રદ્ધાળુઓના મોત



### હાફૂસનો રસ સારો કે કેસરનો ?

# ૧૯૫૫માં જૂનાગઢની કેસર કેરીને "ગોલ્ડ મેડલ" મળેલો: જાણો કેરીનો રસપ્રદ ઈતિહાસ

## કેરીમાં વિટામીન ઈ નું પ્રમાણ વધારે હોવાથી હોર્મોન સિસ્ટમને બેલેન્સ રાખે છે: હિન્દીમાં "આમ" અને અંગ્રેજીમાં મેંગો કહેવાતા કેરીનું નામ સંસ્કૃત ભાષાના આમ્ર શબ્દ પરથી આવેલુ છે: આદ્રા નક્ષત્રના પ્રારંભની સાથે જ કેરીમાં જીવાત અને જીવજંતુની સંભાવના હોવાને કારણે જૈન સમાજ કેરીનો ત્યાગ કરે છે

ઉનાળાની ગરમીની સીઝનમાં કેરીનો રસ ને પુરીનું જમણ કાઠિયાવાડનું પ્રિય છે. કેરી લગભગ ભારતના બધા રાજયોમાં થાય છે.કાચુ ફળ ખાટુને પાકી જાય પછી મધમધતી સુગંદ સાથે મીઠીને ટેસ્ટી બની જાય છે. આ ફળને ચૂસીને, કાપીને કે તેનો રસ કાઢીને ખાય શકાય છે. આંબાનો સૌથી વધુ પાક યુ.પી.માં થાય છે. લગભગ સવાલાખ એકર માં તેનું વાવેતર જોવા મળે છે. બિહાર, બંગાળ, ઓરિસ્સા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં તેનો પાક વધુ થાય છે. સૌરાષ્ટ્ર કે આપણા કાઠિયાવાડમાં જૂનાગઢની કેસર કેરીની બોલબાલા છે. પણ ભાવનગર, મોરબી, જામનગર, જેવા જિલ્લામાં પણ તેનો પાક થાય છે. આપણે તો જૂનાગઢની કેરીની પ્રથમ પસંદગી હોય છે. મહારાષ્ટ્રની અલફાન્ઝો અને પાયરી જેવી કેરી વેપારીની દ્રષ્ટિએ ઉતમ ગણાય છે. કેરી આપણા દેશનું રાષ્ટ્રીય ફળ છે.વૈજ્ઞાનિક વર્ગીકરણમાં તે સપુષ્પ વનસ્પતિની વ્યાખ્યામાં આવે છે. કેરળમાં તેને ઈન્ગા કહે છે. ઈસવીસન ૧૪૯ મા પોર્ટુગલ કેરળથી મસાલા સાથે કેરી પણ લઈ ગયા હતા ત્યારે તેનું નામ ઈન્નગા પાડેલ હતું. ૧૫૧૦ માં કેરી ઈટાલી પહોંચી ગઈ હતી. વિશ્વમા ૨૨ જુલાઈના રોજ વિશ્વ કેરી દિવસ ઉજવાય છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

આપણા દેશમાં મુખ્યત્વે કેસર, હાફુસ, લંગડો, રાજાપુરી, તોતાપુરી, દશેરી, પાયરી, નિલફાન્ઝો, રત્ના, બદામ, દાડમીયો અને વસીબદામી જેવી કેરીની વિવિધ જાતો થાય છે. આયુર્વેદ અનુસાર કેરીના રસમાં જો મીઠું અને સુઢ પાવડર ઉમેરીને ખવાય તો તે પાચ્ય બની જાય છે.વધુ પડતી કેરી ખાવાથીતેની ગરમી મોઢા ઉપર ફૂટે છે. કેરીને ચૂંસીને ખાવાથી તેખૂબજ ટેસ્ટ લાગે છે. તે બળવર્ધક પણ છે.તેના ગોટલામાંથી ગોટલી કાઢીને તેની ચીરીઓ કે નાના કટકા કરી તેમાં મીઠુ અને લીંબુનો રસ લગાડીને મુખવાસ તરીકે પણ કાઠિયાવાડી લોકો ખાય છે. આ ગોટલી તુરી હોય પણ ઉલ્ટી કે ડાયેરીયા મટાડે છે. ઘણા તેમાં આંબળાનો ભૂકો અને કાંટાળા માયુનો ભુકકો સાથે લવિંગનો ભૂકકો નાખી દંત મંજન પણ બનાવે છે. ઘણાની પસંદગી હાફૂસ કેરીના રસની હોય છે, પણ અમુક લોકો કેસર કેરીના રસને પણ પસંદ કરે છે.


વિજ્ઞાનની દ્રષ્ટિએ કેરીમાં કેલરી અને કાર્બોહાઈડ્રેડનું પ્રમાણ વધુ હોવાથી તે તમારા વજનમાં વધારો કરી શકે છે. જો વજન વધારવું જ હોય તો પાકી કેરીનું સેવન કરવું તેમાં લોહતત્વનુ પ્રમાણ વધુ હોવાથી એનેમિક વ્યકિતએ જરૂરથી કેરી ખાવી. કેરીમાં વિયામીન ઈ નું પ્રમાણ વધારે હોવાથી હોર્મન સીસ્ટમને સીધી અસર કરે છે. સૌથી અગત્યની વાત બેકેટેરીયલ ઈન્ફેકશન કબજીયાત, ડાયેરીયા, આંખોની મુશ્કેલી, વાળ ખરવા, હૃદયરોગનો હુમલો, લીવરની સમસ્યા,મોર્નિંગ સિકનેશ, પાઈલ્સ, અળાઈ વિગેરેમાં તે રાહત આપે છે. આપણો દેશ દુનિયાના કુલ ઉત્પાદનના ૪૦ ટકાથી વધુ ઉત્પાદન કરે છે. આપણા પછી ચિન અને પાકિસ્તાનનો ઉત્પાદનમાં નંબર આવે છે. દુનિયાના ટોપ ૧૦ કેરી ઉત્પાદક કરતા દેશોમાં ભારત, ચીન, પાકિસ્તાન, મેકિસકો, થાઈલેન્ડ, ઈન્ડોનેશીયા, બ્રાઝીલ, ફિલિપાઈન્સ, નાઈજેરીયા અને વિયેટનામ જેવા દેશો છે.

પ્રાચિન કાળમાં જૂનાગઢમાં ૧૦૦ જાતની કેરીનું ઉત્પાદન કરવામા આવતું હતુ, તેમાં આંબો નામની એક કેરીની જાત હતી, બાદમાં માંગરોળમાં નવી જાતની પાતળી રેશા વિનાની કેરીની જાત વિકસાવી હતી. આ કેરી એટલી બધી મીઠી હોવાથી તેનું નામ 'આંબડી' કેરી રાખ્યું હતુ. આજે કચ્છની કેરી પણ બહુજ મીઠી આવે છે. સમય જતા ગીરનારની આબોહવામાં બદલાવ આવતા કેરીની લીલાસમાં વધારો થયો અને કેરીનો અંદરનો ભાગ કેસરી થવા લાગ્યા અને તેનું નામ 'કેસર' પડી ગયું ૧૯૩૨ માં અહી કેસર કેરી અંગેનો વિચાર ગોષ્ઠિનો કાર્યક્રમ પણ યોજાયો હતો.



૧૯૫૫માં મુંબઈ ખાતે કેરીના પ્રદર્શનમાં જૂનાગઢની કેસર કેરીને ગોલ્ડ મેડલ મળ્યો હતો. આજે પણ કેસર કેરીનો સ્વાદ વિશ્વભરમાં વખણાય છે.આપણા દેશમાં છ હજારથી વધુ વર્ષોથી આંબાનું વાવેતર થાય છે. દર વર્ષે ૧૫૦૦ થી વધુ કેરીઓની જાત ભારતમાં ઉત્પન થાય છે. એક આંબો વાવ્યા બાદ પાંચ વર્ષ પછી ફળ આપતો હોય છે. સામાન્ય રીતે ૫૦ વર્ષ સુધી આંબો ફળ આપે છે, પણ હાફુસ ૨૦૦ વર્ષ સુધી ફળ આપતો રહે છે. કેરી ભારત સાથે પાકિસ્તાન અને ફિલિપાઈન્સનું રાષ્ટ્રીય ફળ છે. વિશ્વમાં ત્રીજા નંબરનો ફળાઉ પાક કેરી છે, અને સમગ્ર વિશ્વને કેરીની ભેટ આપણા દેશ ભારતે જ આપી છે. વિશ્વમાં કેરીઓને વિવિધ વેપારમાં સામેલ કરવાનો શ્રેય પોટુગીઝને જાય છે.હિન્દુ ધર્મના દરેક ગ્રંથોમાં કેરીનો ઉલ્લેખ કર્યો છે. વરાહુપુરાણમાં પણ તેનો ઉલ્લેખ સાથે બુધ્ધને જ્ઞાન આંબા નીચે જ થયેલ હતું, જૈન દેવી અંબિકાનું આસન પણ આંબા નીચે જ હતુ. શુભ પ્રસંગોએ આંબાના તોરણ બંધાતા હતા.ભારતમાં થતી ૧૫૦૦ જેટલી જાતો પૈકી એક હજાર જાતો વ્યવસાયીક રીતે સામેલ છે. બધી કેરીઓનામ અને સ્વાદ જુદા છે. ભારતમાં દર વર્ષે ૨૦ કરોડ ટન કેરીનું ઉત્પાદન થાય છે.દેશ અને વિદેશોમાં તેની જોરદાર માંગ રહે છે. ભારત વિશ્વમાં ૪૦ થી વધુ દેશોમાં કેરીની નિકાસ કરે છે.લંગડો કેરી લગભગ ૩૦૦ વર્ષ જૂની છે. ગ્રીષ્મઋતુઓમાં અનેક રોગોને દૂર કરી સ્વાસ્થ્યને તંદુરસ્ત રાખનાર ફળ કેરી એક જ છે. કેરીનું લેટીન નામ મેન્જીફેશ ઈન્ડીકા છે. કેરી ફળોના રાજા સાથે તેનો રસાળરસ, કલ્પવૃક્ષ, મધુદુત અને કોયલનું પ્રિય વૃક્ષ છે.

અમૃતફળ સમી કેરી મીઠી હોય તો તેની લિજજત જલ્વો પાડી દે છે. કેરી સ્વાદે મીઠી, તાસીરે ઠંડી, પચવામાં ભારે, ચીકળી, મળભેદક, અગ્નિદીપક, પિત્તનાશક અને કફકારક છે.કેરી વિર્યવર્ધક, બળવર્ધક, સુખકારક, અને શરીરનો રંગ બદલનાર ફળ છે. કેરીના અલગ અલગ નામો કેવી રીતે પડયા તેનો પણ એક ઈતિહાસ છે. જેમકે બનારસના શિવમંદિરમાં લંગડા પુજારીએ આંબો વાવ્યોને તેમાં જે કેરી આવી તેને લોકોએ લંગડા કેરી નામ આપી દીધું હતુ. એક કેરી ખુબજ વજનદાર હોવાથી તેનું નામ 'હાથીજુલ' કેરી પાડયું હતુ. તાલાળાગીરની કેસર કેરીની વિશેષતાને કારણે તે બીજી કેરીથી અલગ પડે છે. કેરી પૃથ્વીપરનું સૌથી પ્રિય અને અમૃત ફળ છે. કેસર હોય કે હાફુસ ગુજરાતી પરિવારનો કેરી વગર ઉનાળો અધૂરો ગણાય છે.



### ફળોના રાજા કેરી તો કયાં ફળને રાણી કહેવાય છે ?

આપણી કેરી જેવું દેખાતું ફળ દક્ષિણ પૂર્વ એશિયાનું છે, પણ સમગ્ર વિશ્વમાં ઉષ્ણ કટિબંધીય વિસ્તારોમાં તે જોવા મળે છે. બહારથી જાંબલી અને અંદરથી સફેદ સાથે ખાટા મીઠા ફળને પર્પલ મેંગોસ્ટીન કહેવાય છે, જે ફળોની રાણી ગણાય છે, આ ફળ વૃધ્ધત્વ, બળતરા, કેન્સર અને ડાયાબિટીસમાં ખૂબ જ ગુણકારી છે. વજન ઘટાડવામાં તે ખૂબ જ ઉપયોગી ફળ છે. આ ફળ કેરી જેવા જ તમામ ગુણધર્મો ધરાવે છે.

**ફળોના રાજા કેરી વગરનો ઉનાળો કાઠીયાવાડીઓ માટે અધૂરો: દેશમાં થતી ૧૫૦૦ જેટલી જાત પૈકી એક હજાર કેરીની જાતો વ્યવસાયિક રીતે સામેલ: વિશ્વમાં સૌથી વધુ કેરીનું ઉત્પાદન ભારતમાં થાય છે, દર વર્ષે આપણા દેશમાં ૨૦ કરોડ ટનથી વધુ ઉત્પાદન સાથે વિશ્વના ૪૦ થી વધુ દેશોમાં કરે છે નિકાસ: ૧૯૩૧માં જૂનાગઢના વંથલી ગામે પ્રથમ વાવેતર કર્યા બાદ, ૧૯૩૪માં નવાબે તેનું નામ કેસર કેરી આપ્યું હતું**

# પરીક્ષા જ પ્રગતિનો પર્યાય કે માપદંડ બની ગઈ છે

### દફતરના ભાર સિવાય બીજો ઘણો બધો ભાર વિદ્યાર્થી ઉપર છે

**ચિંતનની પાંખે**



**વિઠ્ઠલભાઈ વઘાસિયા**
Vdvaghasia@gmail.com.

ગણેશ ચતુર્થીનો દિવસ હતો.ગણેશજીની મૂર્તિ સામે ભક્તોની કતાર જામી હતી.એક વેપારી આજીજી કરી રહ્યો હતો,હે ગણેશજી ભગવાન ! મારો વેપાર અને નફો વધારજો.બીજા એક ઉદ્યોગપતિએ એવું માંગ્યું, હે ગણેશજી મહારાજ ! મારું કારખાનું સરસ ચાલે અને વિકાસ વધે એવી કૃપા કરજો. તો વળી,એક



સરકારી અધિકારીએ માંગ્યું કે, હે ગણેશજી ભગવાન ! મારું પ્રમોશન સમયસર થાય એવા આશીર્વાદ આપો. છેલ્લે એક વિદ્યાર્થી આજીજી કરતાં બોલ્યો કે, મહારાજ ! મારા ખભા ઉપર આ દફતરનો ભાર ક્યારે ઓછો થશે..?

બીજાની માગણીઓ ગણેશજી મહારાજે સ્વીકારી હશે કે કેમ ? તે ખબર નથી પણ વિદ્યાર્થીની પ્રાર્થના હજુ સુધી ગણેશજી મહારાજે સ્વીકારી નથી અને દફતરનો ભાર જેમનો તેમ છે. નવી શિક્ષણ નીતિ - ૨૦૨૦ માં દફતરનો ભાર હળવો કરવા માટે થઈને દર મહિનાના પ્રથમ દસ દિવસ દફતર વિના શાળામાં જવાનું સૂચવ્યું છે.આ દસ દિવસમાં કરવાની ઈત્તર પ્રવૃત્તિઓની યાદી પણ આપવામાં આવી છે.દફતરનો ભાર હળવો કરવાના ભાગરૂપે આ યોજના સારી છે, જો પ્રમાણિકપણે અમલ થાય તો !

વિદ્યાર્થીના ભણતરમાં માત્ર દફતરનો જ ભાર છે, એવું થોડું છે ? દફતર સિવાયના અનેક ભાર વિદ્યાર્થી સહન કરી રહ્યો છે,જેના તરફ આપણે દુર્લક્ષ્ય સેવીએ છીએ.

શિક્ષણ દિવસે દિવસે ભારરૂપ બનતું જાય છે. શિક્ષણના ભાર નીચે કચડાઈ રહેલો વિદ્યાર્થી એનું રંગીન બાળપણ શોધી રહ્યો છે. જ્યારે એની રમવાની ઉંમર છે ત્યારે દિવસનો એકાદ કલાક રમત માટે શોધવા માટે પણ એને ફાંફાં પડે છે. બાળક એની નિર્દોષતા કવેળાએ ગુમાવી દઈને બહુ વહેલો ગંભીર થઈ જતો દેખાય છે. જ્યારે એને હસવું છે કિલકિલાટ કરવો છે ત્યારે ટ્યુશનની ભરમારમાં ખોવાઈ જવું પડે છે. જ્યારે એને ઊછળકૂદ કરવી છે ત્યારે ચોપડાનો ભાર એને જમીન સાથે જકડી દેશ છે. જયારે એને મુક્ત પંખીની જેમ ઊડવું છે ત્યારે પિરિયડ, પાઠ્યક્રમ અને પરીક્ષાની ત્રણ 'પ'ની કેદમાં કેદ થઈ જવું પડે છે.

ભાષાનો ભાર,પરીક્ષાનો ભાર, ટ્યુશનનો ભાર, શિક્ષકોની અવહેલનાનો ભાર,માતા-પિતાની અપેક્ષાનો ભાર, એક પણ ગુણ ક્યાંય ન કપાય એની ચિંતાનો ભાર - એમ કોણ જાણે કેટકેટલા ભાર વહન કરવાની ક્ષમતા વિકસાવી રહ્યો છે આજનો વિદ્યાર્થી ! આ ભારની નીચે 'ભાર વગરનું ભણતર' નિર્દયતાપૂર્વક કચડાઈ રહ્યું છે. આમ તો એ વિદ્યાર્થી શેનો ? શિક્ષણ તંત્રએ એને વિદ્યાર્થી રહેવા જ નથી દીધો. એને તો પરીક્ષાર્થી બનાવી દીધો છે!

પરીક્ષા માટે વાંચવાનું,પરીક્ષા સુધી વાંચવાનું,પરીક્ષા પછી ભૂલી જવાનું. દરેક વ્યક્તિની રુચિ અને પ્રકૃતિ ભિન્ન હોય છે. બધા વિષયોમાં બધાને રસ પડતો હોતો નથી. નાનપણથી જ બાળકની રુચિ શેમાં છે તે જાણવાની વૈજ્ઞાનિક પદ્ધતિનો વિકાસ કરવો જોઈએ.કોઈને ગણિતમાં, કોઈને વિજ્ઞાનમાં, કોઈને ગુજરાતીમાં,કોઈને ઈતિહાસમાં, કોઈને ચિત્રકામમાં તો કોઈને સંગીતમાં. આ બધા વિષયો અનિવાર્યપણે ભણાવવાનો આગ્રહ છોડવો જોઈએ.આજે જો એક સર્વેક્ષણ કરવામાં આવે કે ભણી ચૂકેલ વ્યક્તિઓને એમનું ભણેલું જીવનમાં કેટલું કામ લાગે છે, તો કદાચ આશ્ચર્યજનક તારણો મળે. પાઠ્યપુસ્તકને અને જીવન વ્યવહારને પારસ્પરિક સંબંધ ખૂબ ઓછો જણાય છે. લોકો એવું ઘણું સૈદ્ધાંતિક ભણ્યા હશે જેનો એણે એના જીવનમાં ક્યારે ઉપયોગ નહીં કર્યો હોય.એવું લાગે છે કે પાઠ્યપુસ્તકો પણ પરીક્ષાલક્ષી ન બનાવતા જીવનલક્ષી બનાવવા જોઈએ. એમાં સિદ્ધાંત અને વ્યવહારનો સુમેળ કરવો જોઈએ. પ્રાયોગિક અને વ્યવહારિક શિક્ષણ તરફનો ઝોક વધારવો જોઈએ.આવું થશે તો કદાચ શિક્ષણ ભારરૂપ નહીં લાગે.

પરીક્ષા જ પ્રગતિનો પર્યાય કે માપદંડ બની ગઈ છે. પરીક્ષામાં ગોખીને લખ્યું છે કે સમજીને તે મહત્વનું નથી.વિદ્યાર્થી પરીક્ષામાં ચોરી કરીને પાસ થયો છે કે પોતાની આવડતથી એ પણ મહત્વનું નથી.પરીક્ષા નીતિમત્તાની હોય કે અનીતિમત્તાની ? પરીક્ષા આપતી વખતે વિદ્યાર્થીની મનોદશા જોઈ છે ?એની ગરદન અને આંખો દશે દિશામાં ઘૂમતી હોય છે.આજની પરીક્ષા પદ્ધતિએ વ્યાપક રીતે અનૈતિકતાને જન્મ આપ્યો છે. પરીક્ષા, સ્પર્ધા અને તુલનાની નાગચૂડમાંથી વિદ્યાર્થીને મુક્ત કરવો જોઈએ.

સ્પર્ધા પણ એવું જ એક બીજું અનિષ્ટ છે. સ્પર્ધામાં ત્રણ વ્યક્તિને સન્માનિત કરવામાં આવે છે, પણ બાકી બધાનું શું ? એ બધા ને નંબર ન મળ્યાનો વસવસો હશે.સંભવ છે કે સન્માનિત થયેલા ત્રણ ગુરુતા ગ્રંથિમાં સપડાશે અને બાકીના બધા લઘુતા ગ્રંથિમાં ગરકાવ થઈ જશે. કોઈ એક એવી પદ્ધતિનું અનુસરણ કરવું જોઈએ કે જેમાં બધા પ્રોત્સાહિત થાય. બધાને વિકાસની તક દેખાય. સ્પર્ધા એકલી જ કંઈ ગુણાત્મકતા વધારવાનું સાધન ન હોઈ શકે. સ્પર્ધા યોજવાથી લાભ કરતાં નુકસાન વધારે થાય છે. સ્પર્ધાને બદલે સહભાગીતા વધે એવું કરવાથી જ લાભ થાય છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૩૦-૦૪-૨૦૨૫ બુધવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હેલ્લારો)
૦૨:૦૦ થી ૦૪:૦૦ પ્રાણ પ્રતિષ્ઠા જગન્નાથ (લાઈવ)
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (દિલીપસિંહ બારડ)
૦૪:૩૦ થી ૦૬:૦૦ ગુજરાતી નાટક (મણીબેનનું મહાભારત)
૦૬:૦૦ થી ૧૦:૩૦ ખોડલધામ યુવા સમિતિ ક્રિકેટ ટુર્નામેન્ટ (લાઈવ)
૧૦:૩૦ થી ૧૧:૩૦ અરિહંત ઈન્વેસ્ટમેન્ટ દ્વારા 'ધન કી બાત' (લાઈવ)
૧૧:૩૦ થી ૦૧:૦૦ ખોડલધામ યુવા સમિતિ ક્રિકેટ ટુર્નામેન્ટ (લાઈવ)

**તારીખ ૦૧-૦૫-૨૦૨૫ ગુરુવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

### તા.૧-૫-૨૦૨૫ ગુરૂવાર

**વિક્રમ સંવત** ૨૦૮૧ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** વૈશાખ સુદ ચોથ ગુજરાત સ્થાપના દિવસ
**નક્ષત્ર** મૃગશીર્ષ
**યોગ** અતિગંડ **કરણ:** બવ
**સુર્યોદય** ૬.૧૬ **સુર્યાસ્ત:** ૭.૧૩
**ચંદ્ર રાશી** મિથુન
**રાશિ અક્ષર** ક.છ.ઘ
**દિશાશૂળ** દક્ષિણ દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧.૩૦ થી ૩
**દિવસનાચોઘડીયા** શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ
**રાત્રીનાચોઘડીયા** અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૧૯ થી ૧.૧૦

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૧૪૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | | | | | ૮ | |
| | | | | ૨ | ૬ | | | |
| | | | ૪ | | | | | ૧ |
| | | | | ૧ | | ૬ | ૨ | ૮ |
| | | ૫ | ૨ | | ૮ | | | ૩ |
| | | | | ૯ | | ૫ | | ૪ |
| ૫ | | ૪ | | | | | | |
| | | | | | | ૮ | ૭ | |
| ૯ | | ૨ | ૧ | ૩ | ૭ | | | ૫ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૧૪૨ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૨ | ૭ | ૬ | ૩ | ૧ | ૫ | ૯ | ૪ |
| ૪ | ૧ | ૫ | ૨ | ૭ | ૯ | ૬ | ૮ | ૩ |
| ૬ | ૩ | ૯ | ૫ | ૮ | ૪ | ૨ | ૧ | ૭ |
| ૯ | ૫ | ૬ | ૩ | ૨ | ૮ | ૪ | ૭ | ૧ |
| ૩ | ૪ | ૧ | ૭ | ૯ | ૬ | ૮ | ૨ | ૫ |
| ૨ | ૭ | ૮ | ૧ | ૪ | ૫ | ૩ | ૬ | ૯ |
| ૫ | ૯ | ૩ | ૮ | ૬ | ૭ | ૧ | ૪ | ૨ |
| ૧ | ૬ | ૪ | ૯ | ૫ | ૨ | ૭ | ૩ | ૮ |
| ૭ | ૮ | ૨ | ૪ | ૧ | ૩ | ૯ | ૫ | ૬ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧.૫.૨૦૨૫, ગુરુવાર, સંવંત ૨૦૮૧, વૈશાખ સુદ ચોથ, મૃગશીર્ષ નક્ષત્ર, અતિ. યોગ, બવ કરણ, આજે જન્મેલાંની ચંદ્રરાશિ મિથુન (ક,છ,ઘ) રહેશે**

**મેષ (અ,લ,ઈ) :** સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય,આગળ વધવાની તક પ્રાપ્ત થાય. સંતુલિત મનથી તમે કરેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થાય.

**વૃષભ (બ,વ,ઉ) :** આર્થિક બાબતોમાં સારું રહે, અચાનક લાભ થવાના સંકેત છે, અગાઉ રોકેલા નાણાં કે ફસાયેલા નાણાં પરત આવવાના સંકેત આવી શકે.

**મિથુન (ક,છ,ઘ) :** કાર્યસિદ્ધિ આપતો દિવસ, યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, સામાજિક રીતે તમારા અભિપ્રાયનું મૂલ્ય વધે.

**કર્ક (ડ,હ) :** આજના દિવસે વાદ વિવાદ થી દૂર રહેવું, તમારા કામમાં વિશેષ ધ્યાન દેવું, સ્વભાવ લાગણીશીલ રહે અને તેના કારણે દુ:ખ થાય.

**સિંહ (મ,ટ) :** આજના દિવસે આકસ્મિત લાભ થાય, જુના મિત્રોને મળવાનું બને,મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.

**કન્યા (પ,ઠ,ણ) :** વેપારીવર્ગને લાભદાયક દિવસ છે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક,નોકરિયાતવર્ગને સારું રહે, વિદ્યાર્થીવર્ગ માટે પણ સારું રહે.

**તુલા (ર,ત) :** આધ્યાત્મિક બાબતોમાં આગળ વધી શકો, ધ્યાન યોગ મૌનથી લાભ થાય, ભાગ્યબળમાં વૃદ્ધિ થાય.

**વૃશ્ચિક (ન,ય) :** અગાઉ ની સાપેક્ષમાં ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવતી જણાય, કાર્યને પૂર્ણ કરી શકો, પ્રગતિકારક દિવસ.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** સામાજિક ક્ષેત્ર અને જાહેરજીવનમાં સારું રહે, લોક્ચાહનામાં વૃદ્ધિ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**મકર (ખ,જ) :** આજના દિવસે તબિયતની કાળજી લેવી, બહારના ખાન-પાનમાં ધ્યાન રાખવું પડે, જીવનપદ્ધતિમાં હકારાત્મક ફેરફાર કરવા જરૂરી બને.

**કુંભ (ગ,સ,શ) :** પ્રણય માર્ગે આગળ વધી શકો, સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.

**મીન (દ,ચ,ઝ,થ) :** દિવસ આરામથી વિતાવી શકો અને નવી જગ્યાએ જઈ શકો, તમામ ભૌતિક સુખ સગવડ આપતો આનંદદાયક દિવસ.

## મંગળ મહાદશા ભારતનું મક્કમ વલણ અને કડક નિર્ણયો બતાવી રહી છે



**જ્યોતિષાચાર્ય**
**રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨**

ભારતની કુંડળીની વાત કરીએ તો સપ્ટેમ્બર-૨૦૨૫થી મંગળની મહાદશા શરુ થાય છે મંગળ મહાદશા આઠ વર્ષની હોય છે અને શરુ થતા પહેલા આઠ માસથી તેની અસર શરુ થઈ જાય છે માટે હાલ મંગળની મહાદશાની અસર શરુ થઈ ચુકી છે જે આ કટોકટીમાં ભારતનું મક્કમ વલણ અને કડક નિર્ણયો બતાવી રહી છે પાકિસ્તાનને પણ ફેબ્રુઆરી ૨૦૨૬થી મંગળની મહાદશા શરુ થવા જઈ રહી છે. પાકિસ્તાનની કુંડળીમાં મંગળ અષ્ટમેશ થતો હોય વિપરીત પરિણામ આપનાર બને છે અને મે માસથી જ તેની વિપરીત અસર તેને જેલવી પડશે. હાલ ચાલી રહેલા પિશાચ યોગ અને કાલસર્પયોગની અસરમાં શનિ રાહુ સાથે બુધ મહારાજ પણ છે અને બુધ અને રાહુ સાથે આર્ટીફીસીયલ ઈન્ટેલિજન્સ બતાવે છે જેમાં ચીન ઘણું ખેડાણ કરી ચૂક્યું છે અને પાકિસ્તાનની સાથે રહીને આગામી સમયમાં તે ભારત અને અન્ય રાષ્ટ્ર પર સાયબર એટેક કરવા પ્રયત્ન કરી શકે છે વળી આ સાયબર એટેક અલગ અલગ એજન્સીઓ અને બેન્કિંગને અસર પહોંચાડી શકે માટે આગામી સમયમાં આ બાબતે સાવચેતી રાખવી જરૂરી બનશે કેમકે ભારતના કુટનિતિજ્ઞ રસ્તાઓ અને સિંધુ જળ કરાર અટકવાવાથી પાકિસ્તાન ખોટા પ્રચાર અને આ પ્રકારના હથકંડા અપનાવી રહ્યું છે.

### આજ બ્લુ હૈ પાની... પાની...

# અંગ દઝાડતી ગરમીમાં હૈયે ટાઢક આપતા વોટર પાર્ક

## વોટર રાઈડ્સ વેવ્સ, મોટર રાઈડ, સ્વિમીંગ તથા રેઈન ડાન્સની સાથે નાની-મોટી ૨૫ જેટલી રાઈડ્સનો અલૌકિક આનંદ

## વોટર પાર્કમાં નાના બાળકો માટે ડ્રેગન, ડોરા-ડોરા તથા અન્ય આકર્ષણોનો નજારો



તસવીર: દર્શન વાડોલિયા



રિપોર્ટર: ધનંજય સોનેચા

**અબતક, રાજકોટ**

રાજયમાં પડી રહેલી કાળજાળ ગરમીથી બચવા લોકો અવનવા રસ્તા અપનાવી રહ્યા છે.કોઈ ઠંડા પીણાના સેવનથી તો કોઈ ઘરની બહાર નીકળવાનું ટાળીને ગરમી સામે રક્ષણ મેળવે છે.પણ કાળજાળ ગરમી વચ્ચે પાણીમાં ધૂબાકા મારવાની મજા જ કંઈક જુદી છે.૪૫ ડિગ્રી તાપમાન વચ્ચે ઠંડા શીતળ જળમાં ન્હાવું કોણે ના ગમે.પછી તે બાળક હોય કે મોટેરા સૌ કોઈ ગરમી વચ્ચે પાણી જોઈને પોતાની જાતને નથી રોકી શકતા. વોટર પાર્ક ખાતે લોકો હાલ ગરમીમાં રાહત મેળવવા ઉમટી રહ્યા છે.

વેકેશન અને રવિવારનો દિવસ હોવાથી વોટરપાર્કમાં લોકોનો ભારે ધસારો જોવા મળ્યો છે. આકરી ગરમી વચ્ચે લોકોએ વોટરપાર્કની મજા માણી છે. વોટરપાર્કમાં લોકો ડીજેના તાલે ઝૂમ્યા છે. લોકો વોટરપાર્કમાં ગરબાની મોજ માણતા પણ જોવા મળે છે

## હોલીડે રિસોર્ટ એન્ડ વોટર પાર્ક આનંદ અને મોજ મસ્તીનું સરનામું: પ્રકાશ ડોંગા



અબતક સાથેની વાતચીતમાં હોલીડે રિસોર્ટ એન્ડ વોટરપાર્ક ના પ્રકાશ ડોંગા એ જણાવ્યું હતું કે અમે છેલ્લા ૯ વર્ષથી વોટરપાર્ક ચલાવીએ છીએ.અને અમારા વોટરપાર્કની સૌથી મોટી વિશેષતા એ છે કે અમે સૌરાષ્ટ્રના એકમાત્ર એવા રિસોર્ટ છીએ જે કોમર્શિયલ નર્મદાના પાણીનું કનેકશન ધરાવે છે. જ્યારે અન્ય વોટરપાર્કમાં બોરનું પાણી વપરાય છે, જેમાં ખાર અને ટીડીએસનું પ્રમાણ વધુ હોય છે, ત્યારે અમે આપને શુદ્ધ અને મીઠા પાણીનો અનુભવ કરાવીએ છીએ. એટલું જ નહીં, અમારી પાસે જર્મન ટેક્નોલોજી આધારિત ફિલ્ટર પ્લાન્ટ છે, જે દિવસમાં ત્રણ વખત પાણીને ફિલ્ટર કરે છે અને સતત રોટેશનમાં રાખે છે. આથી, પાણીમાં રમ્યા પછી તમારી ત્વચાને કોઈ નુકસાન થતું નથી અને સનબર્નની સમસ્યાથી પણ છુટકારો મળે છે. અમારા પાણીમાં ટીડીએસ નું પ્રમાણ માત્ર ૭૦૦ છે, જે ત્વચા માટે એકદમ સલામત છે.અમારા વોટરપાર્કમાં દરેક વયના લોકો માટે કંઈક ખાસ છે. રોમાંચના શોખીનો માટે પેન્ડુલમ, બાઉલ અને અનેક આકર્ષક રાઈડ્સ છે, જેમાં ડુંગરી રાઈડ સૌથી વધુ લોકપ્રિય છે. બાળકો માટે વિશાળ પ્લેઈંગ એરિયા અને એક મોટો અલગ પૂલ બનાવવામાં આવ્યો છે, જ્યાં તેઓ સુરક્ષિત રીતે મજા માણી શકે છે. અમારો ફેમસ વેવ પૂલ તો સૌ કોઈને ડોલાવી દે છે!અમે અમારા મુલાકાતીઓની સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીએ છીએ. દરેક રાઈડ અને દરેક પૂલ પર તાલીમ પામેલા સેફ્ટી ગાર્ડ, બાઉન્સર અને રાઈડ ગાર્ડ તૈનાત છે. મહિલાઓની સુરક્ષા માટે ખાસ લેડીઝ બાઉન્સરની વ્યવસ્થા કરવામાં આવી છે. સમગ્ર વોટરપાર્કમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે, જેથી કોઈને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે. પાણીની ઊંડાઈવાળા સ્થળો પર સ્પષ્ટ બોર્ડ લગાવવામાં આવ્યા છે અને ત્યાં હંમેશાં લાઈફ ગાર્ડ હાજર રહે છે. જ્યાં લાઈફ જેકેટની જરૂર હોય છે, ત્યાં જેકેટ ઉપલબ્ધ છે.અમારા રિસોર્ટમાં બે આધુનિક રેસ્ટોરન્ટ પણ છે, જ્યાં તમે માત્ર ૨૦૦ રૂપિયામાં અનલિમિટેડ ભોજનનો આનંદ માણી શકો છો. ફાસ્ટ ફૂડના શોખીનો માટે અલગ વિભાગ પણ ઉપલબ્ધ છે. અમારો વોટરપાર્ક એક દિવસની પિકનિકની થીમ પર આધારિત છે, જ્યાં લોકો સવારથી સાંજ સુધી રોકાઈને આનંદ માણી શકે છે. અમે લોકર, કસ્ટમ્સ અને ચેન્જિંગ રૂમની સુવિધા પણ પૂરી પાડીએ છીએ. સલામતીના ભાગરૂપે, અમારા વોટરપાર્કમાં નાયલોનના કસ્ટમ ફરજિયાત છે, જેથી પાણીમાં આકસ્મિક ઘટનાઓથી બચી શકાય. જો કોઈ પોતાનું નાયલોન કસ્ટમ લાવે તો અમને કોઈ વાંધો નથી.અમે રાત્રે પણ વોટરપાર્કની સુવિધા આપીએ છીએ! ગરમીથી પરેશાન લોકો માટે રાત્રિનો સમય એક આશીર્વાદરૂપ સાબિત થાય છે. સાંજે ૬:૩૦ થી ૧૧:૦૦ સુધી ચાલતા આ નાઈટ વોટરપાર્કમાં માત્ર

(અનુ. આઠમા પાને)



## વોટર પાર્કના પૂલનું પાણી દરરોજ બદલવામાં આવે છે: તન્મય મુખર્જી (ક્રિષ્ના વોટરપાર્ક)



ક્રિષ્ના વોટર પાર્ક જનરલ મેનેજર તન્મય મુખર્જી એ અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે વોટરપાર્કમા ૫૧ જેટલી આકર્ષક રાઈડ્સ છે.બાળકો અને મહિલાઓ માટે અહીં ખાસ અલગ વિભાગો બનાવવામાં આવ્યા છે, જેથી દરેક પોતાની પસંદ અને સુરક્ષા અનુસાર આનંદ માણી શકે.સાહસના શોખીનો માટે અમારી પાસે સ્લીપ ફ્લાય એન્ડ સ્કાયફોલ જેવી આકર્ષક રાઈડ્સ છે, જે આપને રોમાંચની ટોચ પર લઈ જશે. ફેમિલી રાઈડ્સ આપને આપના પરિવાર સાથે યાદગાર પળો માણવાની તક આપશે, જ્યારે બાળકો માટે અહીં ફાઉન્ટેન અને બીજી અનેક મનોરંજક રાઈડ્સ છે, જ્યારે મહિલાઓ માટે ખાસ સલામત અને આનંદદાયક રાઈડ્સ ઉપલબ્ધ છે.અમારા વોટરપાર્કમાં આપના ભોજનની પણ ઉત્તમ વ્યવસ્થા છે. અહીં આપને મળશે અનલિમિટેડ ફૂડ, જેથી આપ ધરાઈને વિવિધ વાનગીઓનો સ્વાદ માણી શકો. અમે સ્વચ્છતાને ખૂબ જ મહત્વ આપીએ છીએ, તેથી જ અમારા વોટરપાર્કના પૂલનું પાણી દરરોજ બદલવામાં આવે છે અને તેમાં નિયમિત રીતે ફિલ્ટર લગાવવામાં આવે છે.સુરક્ષાને ધ્યાનમાં રાખીને અમે સમગ્ર વોટરપાર્કમાં બોઉન્સર, લાઈફ ગાર્ડ અને મહિલા બોઉન્સરની નિમણૂક કરી છે. મહિલા મુલાકાતીઓ કોઈપણ ડર વગર આનંદ માણી શકે તે માટે અમે વિશેષ ધ્યાન રાખ્યું છે. દરેક રાઈડ પર સુપરવાઈઝર અને લાઈફ ગાર્ડ

(અનુ. આઠમા પાને)



તસવીર: દર્શન વાડોલિયા

## સ્વચ્છતા અમારી પ્રાથમિકતા છે: હરેશ પાંભર (સમરવેઝ વોટરપાર્ક)



સમરવેઝ વોટરપાર્કના માલિક હરેશ પાંભર અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, છેલ્લા ૫ વર્ષથી વોટરપાર્કના ક્ષેત્રમાં અગ્રેસર છીએ.અમારા વોટરપાર્કમાં ૪૦ ફૂટની ઊંચાઈ ધરાવતી રોમાંચક બૂમરિંગ રાઈડ ઉપલબ્ધ છે, જે સાહસના શોખીનોને એક અનોખો થ્રિલ પ્રદાન કરે છે. આ ઉપરાંત, અહીં વેવ પૂલના મોજાંમાં હિલોળા લેવાનો, રેઈન ડાન્સમાં વરસાદની મસ્તી માણવાનો અને બાળકો માટે ખાસ મલ્ટીપ્લે તથા રંગબેરંગી રેઈન્બો રાઈડ્સનો આનંદ મળી શકે છે.

અમારા વોટરપાર્કમાં કુલ ૨૫ જેટલી આકર્ષક રાઈડ્સ છે. નાના બાળકો માટે એક ખાસ મલ્ટીપ્લે એરિયા બનાવવામાં આવ્યો છે, જેમાં નાની અને સલામત રાઈડ્સ છે.

બાળકોને રેઈન્બો રાઈડ પણ ખૂબ જ પસંદ આવે છે.યુવાનોમાં બૂમરિંગ અને ઓપન ટ્યૂબ ઓપન રાઈડનો ક્રેઝ જોવા મળે છે, જ્યારે મધ્યમ વયના લોકો મલ્ટીપ્લે રાઈડ્સનો આનંદ માણે છે.અમારા વોટરપાર્કમાં નાના-મોટા રાઈડ્સ સાથેના કુલ પાંચ પૂલ છે, જેમાં એક વિશાળ વેવ પૂલનો પણ સમાવેશ થાય છે, જે દરિયાઈ મોજાંનો અહેસાસ કરાવે છે.

ફૂડમાં સ્વાદિષ્ટ ગુજરાતી થાળી પીરસવામાં આવે છે, જે અનલિમિટેડ હોય છે.સ્વચ્છતા અમારી પ્રાથમિકતા છે, તેથી અમે દર શનિવારે પૂલનું પાણી બદલીએ છીએ.સુરક્ષાની બાબતમાં અમે કોઈ પણ પ્રકારની બાંધછોડ કરતા નથી. સમગ્ર વોટરપાર્કમાં પુરતી સંખ્યામાં સેક્યુરિટી ગાર્ડ, બાઉન્સર અને મહિલા બાઉન્સર તૈનાત છે.

અમે લોકર, કોસ્ચ્યુમ અને ચેન્જિંગ રૂમની અલગ વ્યવસ્થા કરી છે, જે મહિલાઓ અને પુરુષો બંને માટે ઉપલબ્ધ છે.અમારા વોટરપાર્કમાં એન્ટ્રી ટિકિટ લંચ સાથે માત્ર ૬૦૦ રૂપિયા છે, જ્યારે બાળકો માટે આ કિંમત ૪૦૦ રૂપિયા છે.


## ગ્રાહકો માટે દર ૧૦ દિવસે નવી આકર્ષક ઓફર્સ: મહેશભાઈ બોરીચા (લાયન વોટરપાર્ક)







અબતક સાથેની વાતચીતમાં લાયન વોટરપાર્ક ના મહેશભાઈ બોરીચાએ જણાવ્યું હતું કે, અમે છેલ્લા ૪ વર્ષથી વોટરપાર્ક ચલાવીએ છીએ. એક જ સ્થળે ૨૦ થી ૨૫ જેટલી રોમાંચક રાઈડ્સનો અનુભવ કરાવીએ છીએ. સાહસના શોખીનો માટે અમારી ડુંગરી રાઈડ, ટ્યૂબ રાઈડ, ફેમિલી રાઈડ અને બેલ્ટ રાઈડ અત્યંત લોકપ્રિય છે.અમે નાના ભૂલકાંઓનું પણ ખાસ ધ્યાન રાખ્યું છે. બાળકો માટે એક સંપૂર્ણ અલગ યુનિટ બનાવવામાં આવ્યું છે, જેમાં ૨૦ થી ૨૫ નાની-મોટી મનોરંજક રાઈડ્સ છે, જે તેમને કલાકો સુધી આનંદિત રાખશે.અમારા વોટરપાર્કનો સમય સવારે ૯:૩૦ થી સાંજે ૫ વાગ્યા સુધીનો છે. પરંતુ અમારી સૌથી મોટી વિશેષતા એ છે કે અમે ગુજરાતના એકમાત્ર એવા વોટરપાર્ક છીએ જે રાત્રે પણ ચાલુ રહે છે.રાત્રિના સમયે, અમે ફક્ત પરિવારો અને કપલ્સને જ પ્રવેશ આપીએ છીએ, જેથી તેઓ શાંત અને સુરક્ષિત વાતાવરણમાં આનંદ માણી શકે.વોટરપાર્કમા ફૂડને જમવાનું અનલિમિટેડ છે અને ફાસ્ટ ફૂડના શોખીનો માટે પણ વિવિધ વિકલ્પો રાખવામાં આવ્યા છે. અમે અમારા ગ્રાહકો માટે દર ૧૦ દિવસે નવી આકર્ષક ઓફર્સ લઈને આવીએ છીએ, જેની માહિતી અમારા સોશિયલ મીડિયા પેજ પર નિયમિત કરીયે છીએ.અમારા વોટરપાર્કમાં દરરોજ પાણીને ફિલ્ટર કરવામાં આવે છે અને દર ૧૦ દિવસે સંપૂર્ણ પાણી બદલવામાં આવે છે, જેથી આપ હંમેશાં સ્વચ્છ અને તાજગીભર્યા પાણીમાં આનંદ માણી શકો.

## મહિલાઓની સુરક્ષાને ધ્યાનમાં રાખી ખાસ લેડીઝ બાઉન્સર: હર્ષદભાઈ ભાલોડીયા (લાયન વોટરપાર્ક)



લાયન વોટરપાર્ક ના હર્ષદભાઈ ભાલોડીયા એ આપતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, અમારા વોટરપાર્કમાં આપની સલામતી અને સુવિધા અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. અમે દરેક રાઈડ અને દરેક પૂલ પર એક તાલીમ પામેલા સેફ્ટી ગાર્ડ, બાઉન્સર અને રાઈડ ગાર્ડની નિમણૂક કરી છે, જેથી આપ નિશ્ચિંત થઈને આનંદ માણી શકો. અમારા વોટરપાર્કમાં લોકરની સુવિધા ઉપલબ્ધ છે, જ્યાં તમે તમારી કિંમતી વસ્તુઓ સુરક્ષિત રીતે રાખી શકો છો. સ્વિમિંગ માટે યોગ્ય કસ્ટમ્સ અને કપડાં બદલવા માટે ચેન્જિંગ રૂમની સુવિધા પણ અહીં ઉપલબ્ધ છે. અમારા સમગ્ર પરિસરમાં સીસીટીવી કેમેરા લગાવ્યા છે. મહિલાઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને અમે ખાસ લેડીઝ બાઉન્સરની નિમણૂક કરી છે. આ પહેલનો ઉદ્દેશ્ય એ છે કે મહિલા મુલાકાતીઓ સંપૂર્ણપણે સુરક્ષિત અને આરામદાયક અનુભવે.

## માત્ર ૧૦૦ રૂપિયામાં અનલિમિટેડ ફૂડની સુવિધા ઉપલબ્ધ: રાજેશ સેકલીયા (ક્રિષ્ના કિંગ વોટર પાર્ક)



અબતક સાથેની વાતચીતમાં ક્રિષ્ના કિંગ વોટર પાર્ક માલિક રાજેશ સેકલીયા જણાવ્યું હતું કે અમે છેલ્લા પાચ વર્ષથી વોટર પાર્ક ચલાવીએ છીએ.અમારા વોટર પાર્કમાં નાની-મોટી કુલ ૨૨ રાઈડ્સ છે, જેમાં વેવ પૂલના મોજાંમાં હિલોળા લેવાનો, રેઈન ડાન્સમાં વરસાદની મસ્તી માણવાનો અને વિવિધ ઊંડાઈ ધરાવતા ૮ જેટલા પૂલમાં તરવાનો આનંદ માણી શકો છો.અમે નાના બાળકોનું પણ ખાસ ધ્યાન રાખ્યું છે. તેમના માટે એક ખાસ મલ્ટીપ્લે એરિયા બનાવવામાં આવ્યો છે, જ્યાં તેઓ સુરક્ષિત રીતે રમી શકે છે.

ક્રિષ્ના કિંગ વોટર પાર્કની સૌથી મોટી ખાસિયત એ છે કે અહીં માત્ર ૧૦૦ રૂપિયામાં અનલિમિટેડ ફૂડની સુવિધા ઉપલબ્ધ છે.તેથી જ અમારા વોટર પાર્કના પાણીને દરરોજ ફિલ્ટર કરવામાં આવે છે અને ખરાબ થાય તે પહેલાં જ બદલી નાખવામાં આવે છે.સમગ્ર વોટરપાર્કમાં બોઉન્સર, સેક્યુરિટી ગાર્ડ, રાઈડ ગાર્ડ અને સેફ્ટી ગાર્ડ તૈનાત છે. દરેક પૂલ પર પણ ગાર્ડ ઉપલબ્ધ છે, જે આપની સલામતીનું ધ્યાન રાખે છે.

મહિલાઓ અને બાળકોની સુરક્ષા માટે ખાસ મહિલા સેક્યુરિટીની વ્યવસ્થા કરવામાં આવી છે. એટલું જ નહીં, સમગ્ર વોટરપાર્ક સીસીટીવી કેમેરાથી સજ્જ છે, જેથી દરેક ગતિવિધિ પર નજર રાખી શકાય.અમે અમારા વોટરપાર્કની એન્ટ્રી ફી પણ ખૂબ જ વ્યાજબી રાખી છે, જેથી દરેક વ્યક્તિ અહીં આવીને આનંદ માણી શકે. એન્ટ્રી ટિકિટ માત્ર ૩૦૦ રૂપિયા છે અને ફૂડ સાથેની ટિકિટ માત્ર ૪૦૦ રૂપિયા છે

### ધ ઈન્સ્ટિટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસના ઉપક્રમે

# કોર્પોરેટર સંસ્થાઓ માટે નાણાકીય અહેવાલ અંગે સી.એ.ને વધુ કાબેલ બનાવવા યોજાયો સેમિનાર

## આઈસીએઆઈના સેમિનારમાં વિદ્વાન નિષ્ણાંતોએ આપ્યું માર્ગદર્શન



**અબતક, રાજકોટ**

ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઈન્ડિયા દ્વારા ''કોર્પોરેટ સંસ્થાઓ માટે નાણાંકીય અહેવાલ પ્રક્રિયા વિષયક એક દિવસીય સેમિનારનું લક્ષ્ય આયોજન કરવામાં આવ્યું હતુ. આ સેમિનારમાં રાજકોટ તથા આસપાસના વિસ્તારોમાંથી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, નાણાકીય નિષ્ણાતો તથા કોર્પોરેટ ક્ષેત્રના પ્રતિનિધિઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. સેમિનારનો ઉદ્દેશ નાણાકીય અહેવાલોની ગુણવત્તા, ધોરણો અનુસારનું પાલન અને વ્યવસાયિક પારદર્શિતાને પ્રોત્સાહન આપવાનો રહ્યો હતો.

આ સેમિનારમાં પરિચય અને પ્રવૃત્તિઓ ઓડીટના ધારાધોરણમાં રહેલી ત્રુટીઓ અને કંપનીએકટની જોગવાઈઓ હેઠળ થતી સામાન્ય ઉલ્લંઘનાઓ વિષએ મુખ્ય વકતાઓમાં સીએ વિશાલ દોશી ચેરમેન, અનથ ગુપ્તા સીએ. રાહુલ પરીખ (વડોદરા) તથા સીએ ચિંતન પટેલ (અમદાવાદ) દ્વારા માર્ગદર્શન અપાયું હતુ.

તેમણે નાણાકીય અહેવાલોમાં થતી સામાન્ય ત્રુટિઓ, વ્યવસાયિક ધોરણોનું પાલન કેમ મહત્વપૂર્ણ છે. તથા નાણાકીય રિપોર્ટિંગમાં રહેલી ખામીઓ કેવી રીતે સંસ્થાની વિશ્વસનીયતા પર અસર કરે છે, એ વિષે ઉદાહરણ સાથે પ્રેઝન્ટેશન આપ્યું.

સીએ વિશાલ દોશીએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું: ''આજના વ્યાપારી પરિપ્રેક્ષ્યમાં યોગ્ય નાણાકીય રિપોર્ટિંગ માત્ર એક નિયમિત પ્રક્રિયા નહીં, પણ સંસ્થાની જવાબદારી અને વિશ્વસનીયતાનો આધાર બિંદુ છે.''

કાર્યક્રમના અંતે યોજાયેલ પ્રશ્નોત્તરી સત્રમાં ભાગ લેનારોએ પોતાની શંકાઓ નિવારી અને પ્રસ્તુત મુદ્દાઓ પર નિષ્ણાતો પાસેથી સ્પષ્ટતા મેળવી હતી.

આ સેમિનારમાં આઈસીએઆઈ ના સી.એ. રાજ મારાવાણીયા - ચેરમેન, મૌલિક બગડાઈ - વાઈસ ચેરમેન, જયેશ ધાનેજા - ટ્રેઝરર, ધવલ દોશી, વિપુલ દત્તાણી હિરેન રાયચુરા અને બાદલ સોનપાલ - કમિટી મેમ્બર વગેરે હાજર રહ્યા હતા. તેમ રાજ મારવાણીયાની યાદીમાં જણાવાયું છે.

# કચ્છ-સૌરાષ્ટ્ર પ્રોડક્ટીવીટી કાઉન્સીલના પ્રમુખપદે હસુભાઈ દવે અને ઉપપ્રમુખપદે મૌલેશભાઈ ઉકાણીની નિમણુંક



**અબતક, રાજકોટ**

કચ્છ-સૌરાષ્ટ્ર પ્રોડકટીવીટી કાઉન્સીલની ગર્વર્નીંગ બોડીની મીટીંગ કાઉન્સીલના પ્રમુખ હસુભાઈ દવેના અધ્યક્ષાસ્થાને તાજેતરમાં મળેલ હતી. મીટીંગના પ્રારંભે હસુભાઈ દવેએ ઉપસ્થિત બધા સભ્યોને આવકારેલ હતા.

કાઉન્સીલના ટ્રેનિંગ પ્રોગ્રામ કમીટીના ચેરમેન દિપકભાઈ સચદેએ સને ૨૦૨૪-૨૫ના વર્ષ દરમ્યાન કાઉન્સીલ દ્વારા હાથ ધરવામાં આવેલ વિવિધ પ્રવૃતિઓનો વિસ્તૃત અહેવાલ આપતા જણાવેલ હતું કે આ વર્ષે ઉત્પાદકતા સપ્તાહ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતું. કાઉન્સીલના માનદ કોષાધ્યક્ષ રામભાઈ બરછાએ વર્ષ દરમિયાનના ઓડીટેડ હિસાબો રજૂ કરેલ હતા.

આ મીટીંગમાં ૨૦૨૫-૨૬ ના વર્ષના હોદ્દેદારોની ચુંટણી કરવામાં આવતા નીચે મુજબના હોદ્દેદારો સર્વાનુમતે ચુંટાઈ આવેલ હતા. જેમાં પ્રમુખપદે હસુભાઈ દવે (પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ, ભારતીય મઝદૂર સંઘ તથા પુર્વ વાઈસ ચેરમેન, મહાત્મા ગાંધી લેબર ઈન્સ્ટીટયુટ, અમદાવાદ), ઉપપ્રમુખ પદે મૌલેશભાઈ ઉકાણી (મેનેજીંગ ડીરેકટર, બાન લેબ્સ (પ્રા.)લી., રાજકોટ), તથા ઘનશ્યામભાઈ ઢોલરીયા (ડાયરેકટર-નોબલ રિફરેકટરીઝ), મંત્રી પદે ડી.જી.પંચમીયા (ઈન્ડસ્ટ્રીયલ સેફટી કન્સલ્ટન્ટ રાજકોટ), કોષાધ્યક્ષ તરીકે રામભાઈ બરછા (અશોક મેટલ ઈન્ડસ્ટ્રીઝ, રાજકોટ) તથા ટ્રેનીંગ પ્રોગ્રામ કમીટીના ચેરમેન પદે દીપકભાઈ સચદે ચુંટાયેલ હતા. આ મિટીંગમાં કાઉન્સીલની ૨૦૨૫-૨૬ના વર્ષ માટેની નવી ગવર્નીંગ બોડીની રચના સર્વાનુમતે કરવામાં આવેલ હતી.

# કષ્ટભંજન દેવને ૨૦૦૦ કિલો કેરીનો અન્નકૂટ ધરાયો



**અબતક, રાજકોટ**

સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજીની પ્રેરણાથી તેમજ કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી અખાત્રીજ( અક્ષયતૃતીયા) એવં પરશુરામ જયંતી નિમિતે શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને વિશેષ જરદોશી વર્કવાળા વાઘાનો શણગાર કરાયો છે. સવારે શણગાર આરતી પૂજારી સ્વામી (અથાણાવાળા) દ્વારા કરવામાં આવી હતી. શ્રી હનુમાનજી દાદાને કેરીઓ ધરાવી તથા દાદાના સિંહાસનને કેરીઓ દ્વારા શણગાર એવં ૨૦૦૦થી વધુ કિલો કેરીનો ભવ્ય અન્નકૂટ કરવામાં આવ્યો હતો. દાદાના વિશેષ આમ્રોત્સવ દર્શનનો લાભ અનેક હરિભક્તોએ લઈ ધન્યતા અનુભવી હતી. પૂજારી સ્વામીએ જણાવ્યા મુજબ અખાત્રીજના પવિત્ર દિવસે દાદાને કચ્છ, ગીર અને વલસાડની કેરી સાળંગપુરની વાડીની ૨૦૦૦થી વધુ કિલો કેરીનો અન્નકૂટ અને શણગાર કરાયો છે. આ કેરીનો પ્રસાદ અને રસ સમઢિયાળામાં આવેલા આશ્રમમાં મંદબુદ્ધિના બાળકોને આપવામાં આવે છે. આ ઉપરાંત વૃંદાવનમાં ૨૦ દિવસની મહેનતે બનેલા જરદોશી વર્કવાળા વાઘા દાદાને પહેરાવ્યા છે. જેમાં ફુલની ડિઝાઈન છે.

### કાળઝાળ ગરમીથી બચવા

# બે માસ સુધી ઠાકોરજીને ચંદનના વાઘાનો શૃંગાર

## ગ્રીષ્મ ઋતુનુસાર ભગવાનને ઠંડા ભોગ કરાય છે અર્પણ

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

વૈશાખ સુદ-ત્રીજ એટલે કે અક્ષય તૃતીયા નિમિતે યાત્રાધામ દ્વારકામાં ભગવાન દ્વારકાધીશને ઋતુ અનુસાર ચંદન વાઘાનો વિશેષ શૃંગાર કરવામાં આવશે.

દ્વારકાધીશ જગતમંદિરમાં વૈશાખ સુદ ત્રીજને અક્ષય તૃતીયાના પાવન અવસરે દ્વારકાધીશ રાજાધીરાજને પરંપરાગત વસ્ત્ર પરિધાનને બદલે ઋતુ અનુસાર શીતલ ઠંડક માટે ચંદન વાઘા સાથેના પરિધાન કરવામાં આવશે. વર્તમાન યુગમાં ઉનાળાની કાળઝાળ ગરમીથી બચવા લોકો પંખો, એર કન્ડીશન્ડ તથા અન્ય ઈલેક્ટ્રોનીક ઉપકરણોનો સહારો લેતાં હોય છે જ્યારે જગતમંદિરમાં કાળીયા ઠાકોરને ગરમીથી બચવા માટે પુજારી પરિવાર દ્વારા શિતળતાનો અહેસાસ કરાવતાં ચંદન વાઘાનો શૃંગાર કરીને પુષ્પ શૃંગારની શરૂઆત કરવામાં આવે છે. પૃષ્પશૃંગાર દર્શન મનોરથ ગુજરાતી કેલેન્ડર વર્ષ મુજબ વૈશાખ સુદ-૩ થી અષાઢ સુદ-૧ સુધી સતત બે માસ સુધી ચાલશે. જગતમંદિરમાં ચંદન વાઘાના દર્શન વર્ષમાં માત્ર અક્ષય તૃતીયાના દિને જ થાય છે. આ સાથે શ્રીજીને રાજાધિરાજ શૃંગાર દર્શનનો ગ્રીષ્મ ઋતુ પહેલાંનો આજે છેલ્લો દિવસ છે. અન્ય દેવાલયોની જેમ દ્વારકાધીશ મંદિરમાં પણ સૂર્યોદય અનુસાર ઉદ્યાત કાળમાં જગતમંદિરમાં અક્ષય તૃતીયા પર્વની ઊજવણી કરવામાં આવનાર છે.

બપોરે ૧૨:૦૦ કલાકે શ્રીજીની વિશેષ શૃંગાર આરતી યોજવામાં આવશે અને બપોરે ૧:૩૦ કલાક સુધી દર્શન થશે. જગતમંદિરના પ્રણવભાઈ પુજારીની યાદી મુજબ ગરમીની ઋતુથી બચવા અને શીતળતા પ્રદાન કરવા શ્રીજીને ઠંડા ભોગ એટલે કે મુરબ્બાનું અથાણું, કેરી તથા અન્ય સામગ્રીથી બનાવેલ ગરમાળું, શીખંડ, ખારી મગની દાળ, ચણાની મીઠી દાળ - આ પ્રકારના ઠંડા ભોગ અર્પણ કરવામાં આવે છે. આ દિવસે સામાન્ય સંજોગોમાં હિન્દુ સમાજના લોકો માટે અતિ શુભ હોય વાસ્તુપૂજા, લગ્નવિધિ, ગૃહપ્રવેશ વગેરે શુભ કાર્યો કરવા માટે ઉત્તમ દિન ગણાય છે અને સમગ્ર દિવસ દરમ્યાન કોઈપણ શુભકાર્ય થઈ શકે છે.



# પાટડીમાં સામાજિક સમરસતા નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ઉદાસી આશ્રમના મહંત પૂ.ભાવેશબાપુનું સન્માન



**અબતક, પાટડી**

સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી ખાતે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) દ્વારા આયોજિત સામાજિક સમરસતા નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૫'નું ઉદઘાટન રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીના હસ્તે થયું. આ ટુર્નામેન્ટનો હેતુ સમાજમાં એકતા અને યુવાનોનો સર્વાંગી વિકાસ થાય તેવો જણાવવામાં આવ્યો હતો. ટુર્નામેન્ટનો મુખ્ય ઉદ્દેશ્ય વિવિધ સમુદાયોના લોકોને એકસાથે લાવવાનો અને તેમની વચ્ચે એકતા અને ભાઈચારો વધારવાનો છે. ક્રિકેટ ભારતમાં એક લોકપ્રિય રમત છે, અને તે લોકોને એકસાથે લાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ આધુનિક સમયમાં ખુબજ લોકપ્રિય છે અને લોકોનો ઉત્સાહ વધારે છે આ પ્રકારની ટુર્નામેન્ટો સામાજિક એકતાને મજબૂત કરવામાં અને સમુદાયો વચ્ચેના સંબંધોને સુધારવામાં મદદ કરે છે. જોકે, આ કાર્યક્રમ દરમિયાન ભાજપના કાર્યકરો દ્વારા કરવામાં આવેલી આતિષબાજી અને રંગીન ધુમાડાવાળા ફટાકડાઓએ આકર્ષકનું કેન્દ્ર બન્યું હતું ત્યારે ભાજપ દ્વારા આયોજિત આ ટુર્નામેન્ટમાં ૬૪ ટીમો ભાગ લીધી હતી, અને તે ૩૦ દિવસ સુધી ચાલશે. નાઈટ ક્રિકેટમાં પાટડીના ઉદાસી આશ્રમ ૧૦૮ મહામંડલેશ્વર ભાવેશ બાપુ તેમજ લખતરના લોકપ્રિય ધારાસભ્ય પીકે પરમાર જુનાગઢ જિલ્લા પ્રભારી અને પૂર્વ પ્રમુખ દિલીપભાઈ પટેલ અને વનરાજસિંહ રોજાસરા લીંબડી પ્રમુખ લાલજીભાઈ કમેજલીયા સહિતના તમામને મોમેટો અને સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું છે.

# બીએપીએસ સ્વામિનારાયણ મંદિરે ભગવાનને શીતળ ચંદનના કલાત્મક વાઘાનો શણગાર






**અબતક, રાજકોટ**

રાજકોટ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે ભગવાનને શીતળ ચંદનના કલાત્મક વાઘાના શણગાર દ્વારા અનોખું ભક્તિઅર્ધ્ય અપાઈ રહ્યું છે. ગ્રીષ્મ ઋતુમાં સૂર્ય પોતાની અગન જવાળાઓ વિસ્તારી રહ્યો છે. થરમોમીટરના પારાને હચમચાવી નાખતી ગરમી વરસી રહી છે અને માણસો આકુળ-વ્યાકુળ થઈ રહ્યા છે, ત્યારે આ સમયમાં માણસ ગરમીથી બચવા એસી - કુલરનો ઉપયોગ કરે છે ત્યારે ભગવાનને પણ ગરમી ન લાગે તે માટે હરિભક્તો અનેક ઉપચાર કરતા હોય છે.

શીતળતા આપવામાં શિરમોળ એવું ચંદન ભગવાનને લગાડી ભગવાનને ગરમીથી રાહત મળે તે માટે ભક્તો આ અર્ઘ્ય અર્પણ કરતા હોય છે. ચંદનએ સમર્પણનું પ્રતિક છે. તે

(અનુ. આઠમા પાને)

# ગર્વની પળ: રાજકોટના કલાકારોનું મુંબઈમાં સન્માન

## સાજન ટ્રસ્ટ નિર્મિત અને ધ્યાનમ પ્રોડક્શનસનું નાટક ''મહાપ્રયાણ'' મુંબઈની શ્રી કપોળ આનંદ મંગળ ટ્રસ્ટ એકાંકી નાટ્ય સ્પર્ધામાં છ એવોર્ડ્સ સાથે દ્વિતીય સ્થાને વિજેતા



**અબતક, રાજકોટ**

સાજન ટ્રસ્ટ નિર્મિત અને ધ્યાનમ પ્રોડક્શનસ દ્વારા પ્રસ્તુત મહાકવિ કાલિદાસની રચના પર આધારિત રવજી કાચા દ્વારા લિખિત નાટક ''મહાપ્રયાણ''એ મુંબઈની શ્રી કપોળ આનંદ મંગળ ટ્રસ્ટ એકાંકી નાટ્ય સ્પર્ધામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ સાથે નાટકનાં લેખક રવજી કાચાને બેસ્ટ રાઈટર એવોર્ડ, બેસ્ટ એક્ટર મેલ પ્રથમ ચેતન ટાંક, બેસ્ટ એક્ટર ફિમેલ પ્રથમ ભક્તિ રાજદેવ, બેસ્ટ એક્ટર ફિમેલ દ્વિતીય મીનશુઈ મારું, સંગીત સંકલન અને સંચાલન માટે ટીશા મહેતા, ગુલામ હુસૈન આગવાન અને બેસ્ટ સેટ ડિઝાઈનનો એવોર્ડ તખ્તો સેટ ડિઝાઈન આવી રીતે છ એવોર્ડ્સ મળ્યા છે.

કવિતા અને સાહિત્યમાં એક અમર નામ કવિ કાલિદાસ, ''મેઘદૂતમ'' લખ્યા બાદ અચાનક જ વિદાય પામનાર એક એવા વ્યક્તિ કે જે ફક્ત ઈતિહાસમાં જ નહીં આજે પણ અમર રહ્યા છે. આ નાટકમાં કાવ્ય અને સાહિત્યનું સૌંદર્ય, કાલિદાસના પત્ની વિધોત્તમા, કાલિદાસ, કાલિદાસના મિત્ર સિંહલદ્વીપના નરેશ કુમારદાસ અને તેમની પ્રિયસી કામિનીના જીવનમાં આવતા વણાંકો, વિષ અને વિષેલા જીવન તેમજ તેમના પ્રયાણની વાતને રજૂ કરે છે.

''મહાપ્રયાણ'' નાટકના લેખક અમરેલીના રવજી કાચા છે તેમજ નાટકનું દિગ્દર્શન સાજન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી, નાટકના દરેક પાસાના જાણકાર ચેતન ટાંક દ્વારા કરવામાં આવ્યું હતું. નાટકમાં કલાકારો દર્પણ સોની, ભકિત રાજદેવ, મિનશુઈ મારુ, જયદીપ જાડા, શૈલી ગોડા, ઋત્વિક ચાવડા, ચેતન ટાંક દ્વારા અદભૂત પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ સાથે જ ઋત્વિક ચાવડા, જયદીપ જાડા, ટીશા મહેતા અને ધ્યાનમ પ્રોડક્શનસના પ્રમુખ રાજવીર રાઠોડ દ્વારા બેકસ્ટેજની જવાબદારી સંભાળવામાં આવી હતી. નાટકમાં સંગીત સંકલન ગુલામ હુસૈન

(અનુ. આઠમા પાને)

# ગેંગસ્ટર મેન્સવેરમાંથી રૂ. ૧.૩૬ લાખની રોકડ ઉઠાવી જનાર ગઠીયા ગેંગ ઝડપાઈ

## ત્રિપુટીને દબોચી રૂ.૩૧ હજારની રોકડ કબ્જે કરતી ક્રાઈમ બ્રાન્ચ | કર્મચારીએ જ થડાની ડુપ્લીકેટ ચાવી બનાવી બે મિત્રો સાથે મળીને ચોરીને અંજામ આપ્યો'તો

**અબતક, રાજકોટ**

સોરઠીયાવાડી સર્કલ નજીક આવેલ ગેંગસ્ટર મેન્સવેર નામની કપડાંની દુકાનમાંથી રૂ. ૧.૩૬ લાખની રોકડ ચોરીનો બનાવ ગત ૨૫ એપ્રિલના રોજ સામે આવ્યો હતો. જે મામલે ક્રાઈમ બ્રાન્ચની ટીમે શો રૂમના કર્મચારી સહીત ત્રિપુટીને ઝડપી લઈ રૂ. ૩૧ હજારની રોકડ કબ્જે કરી છે. ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં શો રૂમનો કર્મચારી જ મુખ્ય સૂત્રધાર હોય અને તેણે જ થડાની ડુપ્લીકેટ ચાવી બનાવી ચોરીનો પ્લાન ઘડ્યો હોવાનું સામે આવ્યું છે.

સમગ્ર ઘટનાની જો વાત કરવામાં આવે તો વિવેકભાઈ ભાબુભાઈ ઘેડીયાએ ભક્તિનગર પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ સોરઠીયાવાડી સર્કલ નજીક ગેંગસ્ટર મેન્સવેર નામની કપડાની દુકાનમાં નોકરી કરી આખી દુકાન સંભાળે છે. તે દુકાનમાં યુવકની નીચે કરણ, કાર્તીક તથા રણવીર ઉર્ફે રાણો કામ કરતા હતા. ગઈ તા. ૧૦/૦૪/૨૦૨૫ ના બપોરના ચાર વાગ્યા બાદ મોટા ભાઈ મીત બાબુભાઈ ઘેડીયાએ ગેંગસ્ટર દુકાનના કેશ કાઉન્ટરમા તેના ધંધાના રૂ.૧.૩૫ લાખ મુકેલ હતા. બાદ ગઈ તા. ૧૨/૦૪/૨૦૨૫ ના રોજ કેશ કાઉન્ટરમા ચેક કરતા મીતએ ગઈ તા.૧૦/૦૪/૨૦૨૫ ના રોજ રાખેલ રૂ.૧.૩૫ લાખ મળી આવ્યા ન હતા. ઉપરાંત ઉપરના ખાનામાં દુકાનના ધંધાના ૧૮૦૦ રૂપિયા પણ મળી આવ્યા ન હતા. ઉપરાંત ચાવી પણ કેશ કાઉન્ટરના ખાનામા લગાડેલ હાલતમાં જોવા મળી હતી. જે બાદ સીસીટીવી ચેક કરતા એક શખ્સ ગ્રાહકના સ્વાંગમાં આવ્યો હોય અને કેસ કાઉન્ટરમાંથી રૂ. ૧.૩૬ લાખની રોકડ ઉઠાવી જતાં દેખાયો હતી અને તે સમયે દુકાનનો કર્મચારી રણવીર ઉર્ફે રાણો જીવરાજભાઈ પરમાર દુકાન બહાર સફાઈ કરતો હતો તેવું તેણે જણાવ્યું હતું.



મામલામાં ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ આર ગોંડલીયા, પીઆઈ એમ એલ ડામોર અને પીઆઈ સી એચ જાદવના માર્ગદર્શનમાં પીએસઆઈ એમ કે મોવલિયાની ટીમના એએસઆઈ સંજયભાઈ દાફડા, રણજીતસિંહ પઢારીયા, હેડ કોન્સ્ટેબલ ક્રિપાલસિંહ ઝાલા, રામશીભાઈ કળોતરાને ખાનગી રાહે બાતમી મળી હતી કે, કાલાવડ રોડ પર રાણી ટાવર પાસે આવેલ બંધ પેટ્રોલ પંપ પાસેથી ત્રણ ઈસમોને ચોરીના રૂપિયા સાથે પકડી લેવામાં આવ્યા હતા.

ક્રાઈમ બ્રાન્ચની ટીમે દુકાનના કર્મચારી રણવીર જીવરાજભાઈ પરમાર (ઉ.વ.૧૯ રહે. ખોડીયારનગર શેરી નંબર-૨, આંબેડકર નગર પાસે, આજી વસાહત, રાજકોટ), કરણ વાલજીભાઈ સોલંકી (ઉ.વ. ૨૫ રહે. આંબેડકરનગર શેરી નં.-૩, ૮૦ ફૂટ રોડ,રાજકોટ) અને કોહિનૂર દિનેશભાઈ જાદવ (ઉ.વ.૧૯ રહે સ્વસ્તિક વિલાસ સોસાયટી શેરી નં.-૩ મોરબી રોડ, રાજકોટ)ની ધરપકડ કરી કુલ રૂ. ૩૧ હજારની રોકડ કબજે કરી હતી.

ક્રાઈમ બ્રાન્ચની પૂછપરછમાં સામે આવ્યું હતું કે, દુકાનના કર્મચારી રણવીરે જ ચોરીનો આખેઆખો પ્લાન ઘડ્યો હતો અને કેશ કાઉન્ટરની ડુપ્લીકેટ ચાવી પણ રણવીરે તૈયાર કરાવી કરણ અને કોહિનૂર નામના મામા-ભાણેજ જે રણવીરના મિત્રો હોય તેમને બોલાવી ચોરીને અંજામ અપાવ્યો હતો. એક શખ્સ અંદર કાઉન્ટરમાંથી નાણાની ઉઠાંતરી કરી રહ્યો હતો જ્યારે બીજાએ બહાર રેકી કરી હતી.

# ઓટોમોબાઈલ પાર્ટસનું વેચાણ કરતી પેઢીનો કર્મચારી રૂ. ૧૯.૫૧ લાખની રકમ ચાઉં કરી ગયો

## અલગ અલગ ૬૧ પાર્ટીઓને પાર્ટ્સનું વેચાણ કરી પેમેન્ટ મેળવી ભૂગર્ભમાં ઉતરી ગયોઃ માણાવદરના શખ્સની શોધખોળ

**અબતક, રાજકોટ**

શહેરમાં વધુ એકવાર લાખો રૂપિયાની ઠગાઈનો મામલો પ્રકાશમાં આવ્યો છે. ગોંડલ રોડ પર આવેલી હ્યુન્ડાઈ ફોરવ્હીલના પાર્ટનું રીટેઈલ વેચાણ કરતી કોન્સેપ્ટ મોબીશ નામની કંપનીની રાજકોટ બ્રાંચના સેલ્સ એક્ઝીક્યુટીવ યુવાને નોકરીના સમયગાળા દરમિયાન અલગ અલગ ૬૧ પાર્ટીને રૂા. ૧૫,૦૧,૧૧૭ના ઓટોમોબાઈલ પાર્ટસ વેંચી તેના થકી મળેલી રકમ કંપનીમાં જમા ન કરાવી તેમજ બીજા ૪.૫૦,૦૦૦ના પાર્ટસ પણ ઓફિસમાંથી ગાયબ હોઈ તેમજ કર્મચારીએ નોકરી પર આવવાનું બંધ કરી દેતા રૂ. ૧૯.૫૧,૧૧૭ની રકમ જમા નહિ કરાવતા છેતરપીંડીની ફરિયાદ નોંધાવાઈ છે.

મામલામાં ભક્તિનગર પોલીસે અમદાવાદ થલતેજ રોડ અભીપુષ્પ બંગલોઝમાં રહેતાં વિવેકભાઈ અશોકભાઈ ભંડારી (ઉ.વ.૪૩)ની ફરિયાદ પરથી જુનાગઢના માણાવદરના દિપક ગોવિંદભાઈ વાળા વિરૂધ્ધ હુન્ડાઈ ફોરવ્હીલના સ્પેર પાર્ટ્સ વેંચતી કંપનીમાં નોકરી વખતે જુદી જુદી પાર્ટીને પાર્ટસ બારોબાર વેંચી દઈ રકમ વસુલી આ રકમ જમા કરાવવાને બદલે ઓળવી જવાનો ગુનો નોંધ્યો છે. વિવેકભાઈ ભંડારીએ જણાવ્યું છે કે હું હુન્ડાઈ ફોરવ્હીલના સ્પેર પાર્ટસનું વેંચાણ કરતી કોન્સેપ્ટ મોબીશ નામની કંપનીમાં વાઈસ પ્રેસીડેન્ટ તરીકે નોકરી કરું છું. અમારી કોન્સેપ્ટ મોબીશ કંપનીની રાજકોટમાં બે બ્રાંચ છે જેમાં એક આજી જીઆઈડીસીમાં વેરહાઉસ તરીકે છે. જેમાં મેનેજર તરીકે ચેતનભાઈ વ્યાસ નોકરી કરે છે. બીજી બ્રાન્ચ ગોંડલ રોડ પર આહ્યા કોમર્શિયલ કોમ્પલેક્ષમાં ચાર વર્ષથી ખોલવામાં આવી છે.

જેમાં સેલ્સ એકઝીક્યુટીવ તરીકે કંપની તરફથી દિપક વાળાની નિમણુક કરવામાં આવી હતી. આ બ્રાંચ ખાતેથી હુન્ડાઈ કંપનીના સ્પેર પાર્ટસનું રીટેઈલમાં વેચાણ કરવામાં આવે છે. આ બ્રાંચેથી જે પાર્ટસ વેંચાતા તેનું પેમેન્ટ આવતું તે દિપક વાળા કોન્સેપ્ટ મોબીશ કંપનીના એકાઉન્ટમાં જમા કરાવતો હતો. આ રકમ તે વર્ષ ૨૦૨૧થી જમા કરાવતો હતો. દરમિયાન વર્ષ ૨૦૨૫માં અમદાવાદ મુખ્ય બ્રાંચ ખાતેથી રાજકોટ ગોડલ રોડ બ્રાંચ ખાતેની ઓફિસનું એકાઉન્ટ સ્ટેટસ મેળવવામાં આવતાં તેમાં દિપક વાળા હસ્તક જુદી જુદી પાર્ટીને માલ વેચાયો છે પરંતુ તેનું પેમેન્ટ રૂા. ૧૧,૩૦,૭૯૩ જમા થયુ નથી તે પ્રકારનું સ્ટેટમેન્ટ આવ્યુ હતું.

આ પછી અમે આજી જીઆઈડીસીનું વેરહાઉસ સંભાળતા મેનેજર ચેતનભાઈ વ્યાસને તપાસ કરવા જણાવતા ચેતનભાઈએ તપાસ કરી જણાવેલુ કે દિપક વાળાએ જે પાર્ટસ વેંચ્યા છે તેનું પેમેન્ટ આવવાનું બાકી છે અને આ બાબતે દિપક સાથે વાત થઈ છે. એ પછી ઓફિસમાં કામ કરતા ધરમ મેઘનાથીએ પેમેન્ટ મામલે એક પાર્ટીનો સંપર્ક કરતાં જાણવા મળ્યું હતું કે જે તે પાર્ટીએ દિપક વાળાને પેમેન્ટ ચુકવી દીધુ છે. પરંતુ દિપકે કંપનીમાં જમા કરાવ્યું નથી. આથી અમે દિપકને પુછતા તેણે થોડા દિવસમાં રૂપિયા જમા કરાવી દેશે તેવી ખાત્રી આપી હતી.

અમે જાન્યુઆરી-૨૦૨૫માં દિપક હસ્તકની ઓફિસમાં વેંચાણ થયેલા માલની એન્ટ્રી કોમ્પ્યુટરમાં ચેક કરતાં જે તે પાર્ટીના નામ સામે તેને કેટલા રકમનો માલ વેંચાયો તેની નોંધ હતી, જેમાં અલગ અલગ ૬૧ પાર્ટીઓના નામ અને સામે રકમની નોંધ હતી. આ તમામ ૬૧ પાર્ટીઓને કુલ રૂા. ૧૫,૦૧,૧૧૭ના કારના પાર્ટ્સ દિપક વાળાએ વેંચ્યા હતાં. ચેતનભાઈને અમે આ પાર્ટીઓનો સંપર્ક કરી પેમેન્ટ ઉઘરાવવાનું કહેતાં ચેતનભાઈએ આ તમામ પાર્ટીઓનો સંપર્ક કરી જે તે પેમેન્ટની રકમની ઉઘરાણી કરતાં તમામે કહેલુ કે અમે દીપકભાઈને રોકડેથી અથવા ઓનલાઈન પેમેન્ટ મોકલી દીધુ છે. બીજી તરફ દિપક વાળાએ ઓફિસે આવવાનું બંધ કરી દીધુ હતું. આ પછી અમે અમદાવાદની ટીમને રાજકોટ ઓફિસ ખાતે ઓડિટ કરવા મોકલી હતી. જેની તપાસમાં જાણવા મળેલુ કે જે પાર્ટીના બીલ હતાં તે સિવાયના પણ રૂા. ૪,૫૦,૦૦૦ના બીજા સ્પેરપાર્ટસ મળી આવ્યા નહોતા. અમે આથી પોલીસને અરજી કરી હતી. આજ સુધી દિપકે કંપનીમાં રૂા. ૧૯,૫૧,૧૧૭ જમા કરાવ્યા ન હોઈ દિપક વાળાએ વિશ્વાસઘાત છેતરપીડી કરી હોવાનું જણાતાં અંતે અમારે ફરિયાદ નોંધાવી પડી હતી. તેમ વધુમાં વિવેકભાઈ ભંડારીએ જણાવતાં ભક્તિનગર પોલીસ સ્ટેશનના પીઆઈ મયુરધ્વજ સિંહ સરવૈયાની રાહબરીમાં પીએસઆઈ જે. જે. ગોહિલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# માલિક ચાઈના પ્રવાસે જતાં કર્મચારી રૂ. ૧.૮૦ લાખની મતા ઉઠાવી રફુચક્કર

## લોઠડાં-ભાયાસર રોડ પર આવેલ દેવકી સ્ટીલ કોનમાંથી પાંચ ટન હેવી સ્ક્રેપની ચોરી

**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલ લોઠડાં-ભાયાસર રોડ સ્થિત દેવકી સ્ટીલ કોન નામના સ્ક્રેપના કારખાનામાંથી રૂ. ૧.૮૦ લાખનો આશરે પાંચ ટન સ્ક્રેપ ઉઠાવી કર્મચારી ફરાર થઈ ગયાનો બનાવ સામે આવ્યો છે. કારખાના માલિક ચાઈના ગયા હતા ત્યારે પાછળથી કર્મચારી કળા કરી જતાં આજીડેમ પોલીસમાં ચોરીની કલમો હેઠળ ફરિયાદ નોંધાઈ છે.

રેલનગરના શ્યામા સ્કાયલાઈન એપાર્ટમેન્ટમાં રહેતા ૪૨ વર્ષીય વેપારી નીરજકુમાર મહેશકુમાર તન્નાએ આજીડેમ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું લોઠડા-ભાયાસર રોડ પર દેવકી સ્ટીલ કોન નામનુ ભારે સ્ક્રેપનુ કારખાનુ રાખી વેપાર કરું છું. ગઈ તા. ૧૩/૦૪/૨૦૨૫ ના રોજ હું મારા કામથી ચાઈના ગયેલ હતો અને ગઈ તા. ૧૮/૦૪/૨૦૨૫ના ભારતીય સમય મુજબ સવારના આઠ વાગ્યે મારા ફોનમાં અમારા કારખાનામાં કામ કરતા અલીભાઈ ઉર્ફે જેનુભાઈ વશરામભાઈ વકાતરનો ફોન આવેલ કે આજે સવારે આઠ વાગ્યા આસપાસ હું આપણા કારખાને ગયેલ હતો ત્યારે કારખાનાનો દરવાજો ખુલ્લો હતો. અંદર કારખાનામાં ચેક કરતા લોખંડનો સ્ક્રેપ આશરે ચારથી પાંચ ટન જેટલો જોવામાં આવેલ નહીં. કારખાનામાં કેમેરા ચેક કરતા લાઈટ ન હોવાથી કેમેરા બંધ હતા અને આપણા કારખાનામાં કામ કરતા અને ત્યાં જ રહેતા રાહુલભાઈ તથા તેમના પત્ની પ્રિયાબેન હાજર મળેલ ન હતા અને રાહુલભાઈ બાબુભાઈ આકોલીયાને તેના મોબાઈલ નંબર ઉપર અવાર-નવાર ફોન કરતા તેનો ફોન બંધ આવેલ હતો તેમ વાત કરેલ હતી.

બાદ હું ગઈ તા. ૨૨/૦૪/૨૦૨૫ના રોજ ચાઈનાથી પરત આવી ગયેલ હતો અને મે પણ રાહુલના મોબાઈલ નંબર ઉપર અવાર-નવાર ફોન કરતા તેનો મોબાઈલ ફોન બંધ આવતો હોય જેથી આ રાહુલભાઈ બાબુભાઈ આંકોલીયા જે મારા કારખાનામાં મજૂરીકામ કરતો હોય અને કારખાનામાં જ રહેતો હોય તે મારા કારખાનામાંથી લોખંડનો સ્ક્રેપ આશરે પાંચ ટન જેની આશરે કિમત રૂ. ૧.૮૦ લાખની ચોરી કરી ગયાની ફરિયાદ આજીડેમ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. મામલામાં પોલીસે ગુનો નોંધી ગુનો નોંધી રાહુલ આંકોલીયાની શોધખોળ શરૂ કરી છે.

# રાજકોટ ડેરીમાં દુધના ખરીદ ભાવમાં રૂ.૧૦ વધારો

## દુધ સંઘ સાથે જોડાયેલ ૫૦ હજારથી વધારે દુધ ઉત્પાદકોને થશે ફાયદોઃ ગોરધનભાઈ ધામેલીયા

**અબતક,રાજકોટ**

રાજકોટ દૂધ સંઘનાં અધ્યક્ષ ગોરધનભાઈ ધામેલીયા અને નિયામક મંડળના સભ્યો દ્વારા સંઘ સાથે જોડાયેલા હજારો દૂધ ઉત્પાદકોના આર્થિક અને સામાજિક હિતોને ધ્યાનમાં રાખીને નિર્ણયો લેવામાં આવે છે. હાલની ઉનાળા પરીસ્થીતી અને ગરમીને ધ્યાનમાં રાખીને દૂધ ઉત્પાદકોને આર્થિક રીતે મદદ થવાનાં ઉદેશથી સંઘનાં નિયામક મંડળે પ્રતિ કિલો ફેટે રૂા.૧૦/- નો ભાવ વધારો કરીને પ્રતિ કિલો ફેટનો ભાવ રૂા.૮૧૦/- કરવા નિર્ણય નક્કી કરેલ છે. અત્યારે દૂધ મંડળીઓને પ્રતિ કિલો ફેટનો ભાવ રૂા.૮૧૦/- ચુકવવામાં આવી રહયો છે. દૂધ સંઘ દ્વારા તા. ૧/૦૫/૨૦૨૫ થી દૂધ મંડળીઓને પ્રતિકિલો ફેટે રૂા.૮૧૦/- ચુકવવામાં આવશે અને દૂધ મંડળીઓ તેના દૂધ ઉત્પાદકોને પ્રતિ કિલો ફેટનો ભાવ રૂા.૮૦૫/- ચુકવશે. આ નિર્ણયથી દૂધ સંઘ સાથે જોડાયેલ ૫૦ હજારથી વધારે દૂધ ઉત્પાદકોને આર્થિક ફાયદો થશે. આ જાહેરાત દૂધ સંઘના અધ્યક્ષત્રત ગોરધનભાઈ ધામેલીયા તરફથી કરવામાં આવેલ છે.

### સમાજ માટે લાલ બત્તી સમાન કિસ્સો

# પિતરાઈ સહિત બે સગીરે કિશોરીને ગર્ભવતી બનાવી

## ૧૬ વર્ષના કિશોર મિત્રની મદદથી કાકાની પુત્રીને અવારનવાર હવસનો શિકાર બનાવનાર બન્ને તરૂણને સકંજામા લીધા

**અબતક રાજકોટ**

શહેરના મોરબી રોડ ઉપર રહેતી ધો.૫માં અભ્યાસ કરતી ૧૩ વર્ષની સગા કાકાની પુત્રી ઉપર ૧૬ વર્ષના સગીર અને તેના મિત્રએ દુષ્કર્મ ગુજાર્યુ હોવાની ફરિયાદ બી-ડિવિઝન પોલીસ મથકમાં નોંધાતા ખળભળાટ મચી જવા પામ્યો હતો. ભાઈ અને તેના મિત્રના દૂષ્કર્મનો ૧૪ વર્ષની સગીરા ગર્ભવતી બનતા મામલો સામે આવ્યો હતો અને આ મામલે પરિવારને જાણ થતા બી-ડિવિઝન પોલીસે પોકસો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી બન્ને તરુણને સકંજામાં લઈ તપાસ હાથ ધરી છે. ભોગ બનનાર કિશોરીની ઉંમર ૧૨ વર્ષ છે. થોડા દિવસો પહેલાં તે માતા-પિતા સાથે મહારાષ્ટ્રમાં રહેતાં મામાના ઘરે વેકેશન કરવા ગઈ હતી. બીજા દિવસે તેના પેટમાં દુઃખાવો ઉપડતાં પરિવારજનો હોસ્પિટલ લઈ ગયા હતા. તે વખતે તબીબે તેના પેટમાં પાંચ માસનો ગર્ભ હોવાનું કહેતાં તેના માતા-પિતાના પગ નીચેથી જમીન ખસી ગઈ હતી.

પરિવારજનોએ બાળકીની પૂછપરછ કરતાં તેના પાડોશમાં રહેતાં તરૂણનું નામ આપ્યું હતું. જેથી બાળકીની માતાએ તરૂણ વિરૂધ્ધ મહારાષ્ટ્ર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. મહારાષ્ટ્ર પોલીસે ૦ નંબરથી ફરિયાદ નોંધી બી-ડિવીઝન પોલીસ તરફ મોકલી આપી હતી. જેના આધારે પીઆઈ એસ.એસ. રાણેએ તપાસ શરૂ કરી હતી.

પોલીસે ભોગ બનનાર બાળકીની પૂછપરછ કરતાં તેણે એક નહીં પરંતુ બે-બે તરૂણે તેની ઉપર દૂષ્કર્મ ગુજાર્યાનું જણાવ્યું હતું. જેમાંથી એક તરૂણની ઉંમર ૧૬ વર્ષ આસપાસ છે. જયારે બીજા તરૂણની ઉંમર ૧૩ વર્ષની આસપાસ છે. ૧૬ વર્ષનો તરૂણ ભોગ બનનાર બાળકીનો નજીકનો સંબંધી છે. જેના કારણે ભોગ બનનાર બાળકીએ તેનું નામ માતા-પિતાને જણાવ્યું ન હતું.જયારે ભોગ બનનાર બાળકીનો જે નજીકનો સંબંધી છે તેણે ૬થી ૭ વખત દૂષ્કર્મ ગુજાર્યાનું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. ભોગ બનનાર બાળકીએ પોલીસને જણાવ્યું કે તેના માતા-પિતા જયારે કામ પર જતાં ત્યારે તેનો નજીકનો સંબંધી તરૂણ ઘરે આવી તેની ઉપર દૂષ્કર્મ ગુજારતો હતો. જયારે તેના સંબંધી તરૂણના મિત્રએ ગત નવરાત્રિ દરમિયાન એક વખત દૂષ્કર્મ ગુજાર્યું હતું. ઉલ્લેખનીય છે કે ભોગ બનનાર બાળકીની માતાએ બીજા લગ્ન કર્યા છે. ભોગ બનનાર બાળકી તેની આગલા ઘરની પુત્રી છે.


**નામ બદલાવેલ છે**

હું નીચે સહી કરનાર અમીત મનસુખ પોપટ આથી જાહેર કરું છું કે, મારૂ જુનુ નામ "અમીતકુમાર મનસુખલાલ પોપટ" બદલીને નવુ નામ " અમીત મનસુખ પોપટ" રાખેલ છે. જેથી હવે હું "અમીત મનસુખ પોપટ" તરીકે ઓળખાઈશ.
મું.ભાણવડ, તા.ભાણવડ, જિ.દેવભુમિ દ્વારકા.


# ક્રોમા એન્ટરપ્રાઈઝમાંથી લેપટોપ નેફામાં નાખી ગઠિયો ફરાર

## ગ્રાહકના સ્વાંગમાં આવેલ શખ્સ રૂ. ૧.૪૭ લાખનું એપલ કંપનીનું લેપટોપ ઉઠાવી જતાં સીસીટીવીના આધારે શોધખોળ

**અબતક, રાજકોટ**

શહેરના કુવાડવા રોડ પર આવેલ ક્રોમા એન્ટરપ્રાઈઝમાંથી ગઠિયો લેપટોપ ઉઠાવી ગયાનો બનાવ સામે આવ્યો છે. ગ્રાહકના સ્વાંગમાં આવેલો શખ્સ એપલ કંપનીનું રૂ. ૧.૪૭ લાખનું લેપટોપ પેન્ટના નેફામાં નાખી રફફુચક્કર થઈ જતાં બી ડિવિઝન પોલીસે ગઠીયાની સીસીટીવીના આધારે શોધખોળ શરૂ કરી છે.

સાધુ વાસવાણી રોડ પર શ્રીનાથજી એપાર્ટમેન્ટમાં રહેતા અને કુવાડવા રોડ પર ડી-માર્ટ મોલ પાસે ક્રોમા એન્ટરપ્રાઈઝમાં મેનેજર તરીકે નોકરી કરતા સુમિતકુમાર રમેશભાઈ ચલ્લા(ઉ.વ.૩૩)એ બી ડિવિઝન પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, અમારા સ્ટોરમાં અલગ અલગ કંપનીના મોબાઈલ, લેપટોપ, ટી.વી., વોશીંગ મશીન વગેરે ઈલેક્ટ્રોનીક વસ્તુઓનું વેચાણ કરીએ છીએ અને આ સ્ટોરમાં લોકો પોતાની રીતે વસ્તુઓ જોઈ ખરીદી કરે છે. ક્રોમા એન્ટરપ્રાઈઝમાં અલગ અલગ શીપમાં તથા અલગ અલગ ફ્લોર પર કર્મચારીઓ કામ કરતાં હોય છે. ગઈ તા.૨૪/૦૪/૨૦૨૫ ના રોજ ક્રોમા એન્ટરપ્રાઈઝ ઈલેક્ટ્રોનીક સ્ટોરમાં સ્ટોક ઓડીટ કરવા ક્રોમા કંપનીના કર્મચારીઓ આવેલ આ દરમ્યાન બપોરના બાર વાગ્યાની આસપાસ ક્રોમા એન્ટપ્રાઈઝમાં એપલ કંપનીના બ્રાન્ડ સ્ટાફ તરીકે કામ કરતાં કર્મચારી પ્રતીકભાઈ જોષીએ મને જણાવેલ કે ગઈ તા.૨૩/૦૪/૨૦૨૫ ના બારથી સાડા બાર વાગ્યાની વચ્ચે મે એપલ કંપનીનું મેકબુક પ્રો ૧૪ લેપટોપ જેની કિંમત રૂ. ૧,૪૭,૩૮૩ એપલના ટેબલ પર અપડેટ કરવા માટે રાખેલ હતુ અને આ લેપટોપ પર સિક્યુરેટી લગાડેલ ન હતી. જે હાલ તપાસ કરતાં જોવામાં આવતુ નથી. પ્રતીકભાઈ જોષીએ મને વાત કરતાં સ્ટાફે લેપટોપની સ્ટોરમાં અમારી રીતે તપાસ કરતાં મળી આવેલ ન હતું.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, સ્ટોરમાં રહેલ સી.સી.ટી.વી. કેમેરા ચેક કરતાં તા.૨૩/૦૪/૨૦૨૫ ના રોજ દોઢ વાગ્યાની આસપાસ અમારા સ્ટાફ અલગ અલગ કામમાં રોકાયેલ હતા ત્યારે એક અજાણ્યો શખ્સ ખરીદી કરવાના ઈરાદે સ્ટોરમાં પ્રવેશ કરી લેપટોપ પોતાના પેન્ટના નેફામાં નાખી ચોરી કરતો જોવામાં આવેલ છે. જે બનાવ અનુસંધાને કંપનીના મેનેજમેન્ટને જાણ કરેલ હતી અને તેઓની મંજુરી મેળવ્યા બાદ મેનેજરે બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જે મામલે બી ડિવિઝન પોલીસે ચોરીનો ગુનો નોંધી સીસીતીવીના આધારે ગઠીયાની શોધખોળ શરૂ કરી છે.


**ગણધોળ ગ્રામ પંચાયત કચેરી**
**મુ.ગણધોળ તા.પાલીતાણા જી.ભાવનગર**

**જાહેર નિવિદા**

પાલીતાણા તાલુકાના ગણધોળ ગામે નીચે મુજબના કામ અંગેના લાગુ મટીરીયલ્સ - મજુરીના ભાવ દિવસ-૦૫માં બંધ કવરમાં રજી. એડી./રૂબરૂ પહોંચાડવા. ટેન્ડરની શરતો પંચાયતના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરેલ છે. જેનું પાલન કરવાની શરતે

| ક્રમ | યોજના | કામનું નામ | વર્ષ | અંદાજીત રકમ |
|---|---|---|---|---|
| (૧) | ૧૫મું નાણાપંચ ગ્રા.કક્ષા | આંગણવાડીમાં શૌચાલયનું કામ | ૨૦૨૪/૨૫ | ૧૩૮૧૩૭/- |
| (૨) | ૧૫મું નાણાપંચ તા.કક્ષા | પેવર બ્લોક | ૨૦૨૪/૨૫ | ૯૨૦૯૮ |

લી. વહીવટદાર શ્રી ગણધોળ ગ્રામ પંચાયત તા : પાલીતાણા



**રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.** | **પ્રતિકાત્મક (Symbolic) કબજા નોટીસ (સ્થાવર મિલ્કત માટે)**

રજી. અને હેડ ઓફિસ : 'અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય', ૧૫૦' રીંગ રોડ, રૈયા સર્કલ પાસે, રાજકોટ. ફોન : ૨૫૫૫૫૫૫

અમો અધિકૃત અધિકારી, રાજકોટ નાગરિક સહકારી બેંક લી., રાજકોટ આ જાહેર નોટીસ દ્વારા જણાવીએ છીએ કે નીચે દર્શાવેલ લોન ખાતેદારે તેમના નામ સામે દર્શાવેલ અમારી શાખા માંથી લોન લીધેલ છે. આ લોનની વિગત તેમના નામ સામે નીચે મુજબ દર્શાવેલ છે આ લોન ખાતેદારે લોનના હપ્તા નિયમિત રીતે ભરપાઈ ન કરતાં તેઓનું ખાતુ એન. પી. એ. થતાં તેઓને તેમજ તેમના જામીનોને 'ધી સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ નોટીસ ઈસ્યુ કરીને ૬૦ દિવસની મુદતમાં તેઓએ લીધેલ લોનની રકમ ચડત વ્યાજ વિગેરે સહિત ભરપાઈ કરી જવા જણાવેલ પરંતુ બોરોઅર નોટીસ મુજબ રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી અમોએ ઉપરોકત કાયદાની કલમ ૧૩(૪) અન્વયે તથા સીક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના રૂલ-૮(૧) સાથે વંચાણે લેતા મળેલ અધિકારની રૂએ તેમની મિલ્કત કે જેનું વર્ણન નીચે દર્શાવેલ છે તેનો નીચેની તારીખે પ્રતિકાત્મક (Symbolic) કબ્જો લીધેલ છે. તેની કરજદાર, જામીનો તેમજ જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. ઉપરાંત આ કરજદારો, તેમના જામીનો તથા જાહેર જનતાને સજાગ કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકત સંબંધમાં કોઈપણ જાતનો વ્યવહાર કરવો નહિં, તેમ છતાં જો કરવામાં આવશે તો તે રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.,ને નીચે મુજબની લેણી રકમ તથા તે ઉપર તા.૦૧/૦૪/૨૦૨૫ થી ચડતા વ્યાજ વિગેરેના બોજાને આધિન રહેશે.

| શાખાનું નામ તથા ખાતા નંબર | ખાતેદાર/જામીન/ડીરેકટર/ભાગીદારોના નામ તથા જો જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ હોય તો કઈ તારીખે અને કયાં અખબારમાં આપેલ છે તેની વિગત | ૧૩(૨) ની નોટીસ મુજબ બેંકની લેણી રકમ તથા નોટીસ તારીખ | પ્રતિકાત્મક (Symbolic) કબ્જા તારીખ | તા. ૩૧/૦૩/૨૦૨૫ ના રોજ બાકી રકમ |
|---|---|---|---|---|
| હળવદ ૦૫૮૦૮૫૬૦૦૦૦૦૨૪૫ (SEC/4919) | ખાતેદાર : કલાઝરીયા જોસનાબેન બળદેવભાઈ<br>જામીન : કલાઝરીયા ભીખાભાઈ શિવાભાઈ | રૂા.૪,૨૧,૩૬૮=૩૮ (તા.૩૦/૧૧/૨૦૨૪ મુજબ) નોટીસ તા.૨૦/૧૨/૨૦૨૪ | ૨૮/૦૪/૨૦૨૫ | રૂા. ૪,૧૬,૯૧૧=૩૮ |

**તારણમાં આપેલ મિલ્કતનું ટુંકુ વર્ણન**

(૧) ગુજરાત રાજયનાં રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ મોરબીનાં સબ ડિસ્ટ્રીકટ હળવદનાં ગામ ર હળવદમાં "ખારીવાડી" તરીકે ઓળખાતા વિસ્તારમાં આવેલ રેવન્યુ સર્વે નં. ૧૮૦૫ જેના હે. ૨-૮૨-૯૬ પ્ર.આ. વાળી જમીન રહેણાંકના હેતુ માટે બિનખેતીમાં ફેરવાયેલ છે, જેમાં કુલ પ્લોટ નંગ-૧૫ પાડવામાં આવેલ છે તે માંહેનો પ્લોટ નં. ૭ જેના કુલ ચો.મી. ૩૬૧-૦૦ સે.મી. માંથી ચો.મી. ૯૦-૬૮ સે.મી. મારા જોગનાં રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબર. ૬૪૧/૧૯૮૩, તા. ૨૦/૦૫/૧૯૮૩ થી જે ભીખાભાઈ શિવાભાઈ દલવાડી(કલાઝરીયા)ના નામે છે તે મિલ્કત.
(૨) બાકીદારનો માલ સ્ટોક, મશીનરી, ફર્નીચર, ફિકસચર્સ વગેરે.

તા. ૨૯-૦૪-૨૦૨૫, રાજકોટ — અધિકૃત અધિકારી, રાજકોટ નાગરિક સહકારી બેંક લિ., હેડ ઓફીસ, રિકવરી વિભાગ, રાજકોટ.



**નિતલી ગ્રામ પંચાયત-જાહેર નિવેદા**

આથી રસ ધરાવતા તમામ વેપારી આસામીઓને જાણ કરવામાં આવે છે કે, નિતલી ગ્રામ પંચાયત દ્વારા નાણાપંચની ગ્રાન્ટ તેમજ આગામી વર્ષ માટે આવનાર નાણાપંચ ગ્રાન્ટ તેમજ અન્ય અલગ-અલગ યોજનાગત હેઠળની ગ્રાન્ટ તેમજ MLA-MP-ATVT તેમજ સ્વભંડોળમાંથી તેમજ રાષ્ટ્રી ફંડની ગ્રાન્ટોમાંથી વિકાસ કામો કરવાના થતા હોય નીચે વિગતેના માલ સામાન મજુરીના ભાવો સમયાંતરે નિતલી ગ્રામ પંચાયત કચેરી ખાતે જાહેર નિવિદા પ્રસિધ્ધ થયાનાં ૭ દિવસમાં રૂબરૂ અથવા પોસ્ટ રજીસ્ટરથી પહોંચતા કરવા અથવા સમયાંતરે ભાવો મંગાવવામાં આવે ત્યારે મોકલાવવા જાણ કરવામાં આવે છે. નીચે મુજબના માલ સામાનના ભાવો ૩૧/૩/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

૧. LED તેમજ સોલાર પેનલ ૨૪ વોટથી ૧૨૦ વોલ્ટ તથા ૨.૭૨થી ૫.૪૫ વોલ્ટ પોલ તથા પોલ વગર હાઈ પોલ સાથે નંગ ૧ ભાવ.
૨. પેવર બ્લોક 60 MM થી 80 MM એક ચો.મી. ભાવ રૂા...
૩. તમામ સાઈઝના રસો-પાઈપ પીવીસી પાઈપ મીટર એકના ભાવ રૂા...
૪. લોખંડ ISI ના બ્રાન્ડ ૫ એમ.એમ.થી ૨૦ એમએમ. કી.ગ્રામના ભાવ રૂા...
૫. રેતી સાદી ચાળેલી ચોખી એક ધન મીટરના ભાવ રૂા...
૬. બેલા પથ્થર એક નંગના ભાવ રૂા...
૭. ISI સારી કંપનીની સિમેન્ટ થેલી ૧ ના ભાવ રૂા...
૮. કપચી 6 MM 20 MM - 40 MM ૧મે ટન/૧બ્રાસ/૧ ફેરાનો ભાવ રૂા...
૯. મેટલ એક ફેરાના ભાવ રૂા...
૧૦. મજુરીના તમામ ભાવો રૂા...
૧૧. ઘન કચરાના નિકાલના સાધનો (દરેક સાઈઝના ડસ્ટબીન) સાથે નંગ એકના ભાવ રૂા...
૧૨. બારી દરવાજા એંગલ તેમજ કાચ-જારી, ગ્રીલ એક ચો.મી.ના ભાવ રૂા...
૧૩. વિટ્રીફાઈડ ટાઈલ્સ ૧ ચો.મી.ના ભાવ રૂા...
૧૪. ડીસ્ટેમ્પર (કલર) તેમજ ઓઈલ પ્રિન્ટ કલર તથા તેના ઉપયોગમાં લેવાતા કેમીકલ અન્ય સાધનોના ભાવો ૧ લીટર ભાવ રૂા...
૧૫. લાઈટીંગ (ઈલેકટ્રીક) તથા ઈલેકટ્રોનીક જોબવર્કના ભાવ રૂા...
૧૬. વોટર સપ્લાયર કામ જોબવર્ક ભાવ રૂા...
૧૭. ગેલ્વેનાઈઝ પાઈપ ISI 75.90 MM તથા તમામ સાઈઝના પાઈપ વાલ્વના ભાવ રૂા...
૧૮. BIB TAP તથા પાણી ફીટીંગ માલ સામાનના બધા જ ભાવ નંગ મુજબ ભાવ રૂા...
૧૯. HDP પાણીની પાઈપલાઈન, ખોદાણ, બુરાણ, ફીટીંગનો ૧ મીટરનો ભાવ રૂા...
૨૦. 300 MMD પાઈપ ૧ મીટરનો ભાવ રૂા...
૨૧. 450x450x775 MM ચેમ્બરનો ભાવ રૂા...
૨૨. ગટર લાઈન ખોદાણ, બુરાણ, ફીટીંગ ૧ મીટરનો ભાવ રૂા...
૨૩. પાણીનો બોર કેસીંગ પાઈપ વાયર વાલ સાથે ૧ મીટરનો ભાવ રૂા...
૨૪ કુવાનું ખોદાણ, કામ મજુરીના રીંગ સાથે બાંધવા તેમજ ખાલી કુવો ખોદાણ ભાવ રૂા...
૨૫. ઈલેકટ્રીક પાણીની મોટર ISI, 5HP, 3HP, 7HP, 7.5 HE, 1HP, 2HP, 1HP, 10HP ફીટીંગ માલ સામાન સાથેનો ભાવ રૂા...
૨૬. પાણીનો I.S.I. પ્લાસ્ટિકનો ટાંકો ૧ લીટરનો ભાવ રૂા...
૨૭. ભરડીયાનો પાવડર તથા ગ્રીટ એક ફેરાના ભાવ રૂા...
૨૮. ગટર લાઈન તથા પાણીની લાઈન માટે સીમેન્ટના તમામ સાઈઝના પાઈપના ૧ મી.નો ભાવ રૂા...
૨૯. જે.સી.બી. ખોદાણ બુરાણનો ૧ કલાકનો ભાવ રૂા...
30. દિવસ-૧ મિક્ષર ભાડાનો ભાવ રૂા...
૩૧. ઓફિસ, ફર્નિચર ટેબલ, ખુરશી, કબાટ, સ્ટેશનરી વિગેરેના ભાવ રૂા...
૩૨. I.S.I. કોમ્પ્યુટર સેટ તથા વાયર સાધનોનો ભાવ રૂા...
૩૩. I.S.I. ઈલેક્ટ્રીક તમામ માલ સામાનનો ભાવ રૂા...
૩૪. ચાઈના મોજેક (ફ્લોરીંગ)ના માલ સામાનના ૧ બ્રાસનો ભાવ રૂા...
૩૫. સી.સી.ટી.વી. કેમેરા, સાઉન્ડ સીસ્ટમ, પ્રોજેક્ટર સીસ્ટમનો કમ્પ્લીટ ભાવ રૂા...
૩૬. કાકરી ગ્રીડ ૮ એમ.એમ. તથા ૧૨ એમ.એમ. તથા ૨૦ એમ.એમ. તથા ૪૦ એમ.એમ. ૧ ફુટના ભાવ રૂા...
૩૭. PVC પાઈપ 6 Kg / 10 Kg (ISI) ૫૦ ડાયા / ૧૬૦ ડાયા / ૧૮૦ ડાયા / ૨૦૦ ડાયા
૩૮. સીમેન્ટ પાઈપ (ભૂંગળા) RCC-MP3 200 mm, 400 mm, 600 mm, 900 mm
૩૯. રીંગદાર ડ્રીલીંગ ૬ ઈંચ તથા ૮ ઈંચના ભાવ કેસીંગ સાથે / કેસીંગ વગર એક ફુટના ભાવ રૂા...
૪૦. કંટ્રોલ પેનલ બોર્ડ થ્રી ફેઈઝ (ISI) કંપની ભાવ (સ્ટાર્ટર) રૂા...
૪૧. HDPE પાણીનો રસ્સો પાઈપ 25 mm, 50 mm ૧ મીટરના ભાવ રૂા.
૪૨. ગેલ્વેનાઈઝ / સિમેન્ટ / લોખંડ પતરાનો ભાવ ૧ મીટર / ફૂટના ભાવ રૂા...
૪૩. ગેલ્વેનાઈઝર ચેનલ માટે ૧ કિલોના ભાવ રૂા...
૪૪. જંતુનાશક દવા તથા દવા છાંટવાની મજૂરીના ભાવ રૂા...
૪૫. સાફ સફાઈ મજૂરીના ભાવ રૂા...
૪૬. મારબલ તક્તી 2x1 તથા 1x2 ના ભાવ (કોતરીને બનાવવાના) રૂા...
૪૭. માટી, મોરમ / રેતી / કાંકરી એક ટ્રેક્ટરના ભાવ રૂા...
૪૮. ચણતર / પ્લાસ્ટર / સ્લેબ / પેવર બ્લોક ફીટીંગ / વેલ્ડીંગ / ખોદાણ / બુરાણ વગેરે મજૂરીના ભાવો તથા મિલરના એક કલાકના ભાવ રૂા...
૪૯. રિવોલ્વીંગ ખુરશી / બેસવા માટેના બાકડા / પાણીના ટાંકાના ભાવ રૂા...

**નોંધઃ** GEM પોર્ટલ પરથી થતી ખરીદીના કારણોસર ઉપરોક્ત ભાવો ધ્યાને લેવામાં આવશે નહિં.

ઉપર મુજબની વિગતોનાં ભાવો જાહેર નિવિદા પ્રસિદ્ધ થયા બાદ ૭ દિવસ તેમજ જરૂરીયાત મુજબ સમયાંતરે ભાવો મંગાવવામાં આવશે તે મુજબ વિગતોના ભાવો મોકલવાના રહેશે. ભાવ મંજૂર નામંજૂર કરવાના અધિકારો નીચે સહી કરનારને રહેશે. જેની જાણ કરવામાં આવે છે. આ ભાવો સાઈડ ઉપર પહોંચતા કરવાના ટેક્ષ સાથેના આપવાના રહેશે.

ઉપરોક્ત જાહેર નિવિદા તા.૧-૪-૨૦૨૫ થી ૩૧-૩-૨૦૨૬ સુધી માન્ય રહેશે.

**તલાટી કમ મંત્રી, નિતલી ગ્રામ પંચાયત** | **સરપંચશ્રી નિતલી ગ્રામ પંચાયત**

તંત્રી લેખ

# હવે છૂટોદોર મળ્યો આતંકનો સંપૂર્ણ સફાયો કરો

આતંકવાદના સંપૂર્ણ સફાયા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સેનાને છૂટોદોર આપી દીધો છે. સ્થળ સમય અને ટારગેટ નકકી કરી સેનાને તુટી પડવાની છુટ આપી દેવામાં આવી છે. હવે એકપણ ઘડીની રાહ જોયા વિના ભારતીય સેનાએ આતંકીઓનાં ખાત્મા માટે હથીયારો ઉઠાવી લેવા જોઈએ ભારતીય સેનાએ હંમેશા બે મોરચે લડાઈ લડવી પડે છે.

એક દેશના દુશ્મન પાડોશી દેશો સામે સતત સતર્ક રહી ભારતના સીમાડાની સુરક્ષા કરવી પડે છે. બીજી તરફ દેશમાં રહી દેશ સાથે ગદારી કરનારાઓને પણ ભરી પીવાની માટે સતત બાજ નજર રાખવી પડે છે. છાશવારે સરહદ પર છમકલા થાય છે. અને જવાનો વિરગતી પામે છે. આતંકીઓ પણ નિદોર્ષ ભારતીયોના જીવ હણી રહ્યા છે.

હવે આરપારની લડાઈનો સમય આવી ગયો છે. રોજ-રોજ લડાઈ કરવા કરતા એકવાર યુધ્ધ છેડી દેવાનો સમય આવી ગયો છે. અત્યાર સુધી એવું કહેવામાં આવતું હતુ કે, આતંકનો કોઈ ધર્મ હોતો નથી પરંતુ પહેલ ગામમાં આતંકવાદીઓએ ધર્મ પુછીને હિન્દુઓને વિંધી નાખ્યા આ ઘટના પરથી એક વાત પ્રસ્થાપિત થાય છેકે આતંકવાદને પણ ધર્મ હોય છે. અને આતંકીઓનાં નિશાના પર જ હિન્દુધર્મના લોકોને આતંકના ઓછાયા હેઠળ હવે હિન્દુસ્નાનમાં હિન્દુઓ માટે રહેવું અસલામત બની ગયું છે. વિશ્વમાં સૌથી વધુ આતંકનો ભોગ ભારત જ બન્યું છે.

કેન્દ્રની મોદી સરકારે આતંકના સંપૂર્ણ સફાયા માટે ચોતરફથી જંગ છેડયો છે. ભારતમાં ગેરકાયદે વસવાટ કરતા બાંગ્લાદેશ કે પાકિસ્તાનના નાગરિકોને વીણી વીણીને તગેડી દેવામાં આવી રહ્યા છે. પાકિસ્તાનના દાણા-પાણી બંધ કરી તમામ સંબંધો કાપી નાખવામાં આવ્યા છે. સેનાને પણ છુટોદોર આપી દેવામાં આવ્યો છે. હવે સેનાએ સમય અને લક્ષ્યાંક નકકી કરી ધણધણાટી બોલાવવાનું શરૂ કરી દેવા માટે એક પણ સેકન્ડની રાહ જોયા વિના ત્રાટકવાની આવશ્યકતા છે.

યુધ્ધ કોઈપણ રાષ્ટ્ર માટે સારૂ નથી પરંતુ આતંકના ઓથ હેઠળ રહેવા કરતા દુશ્મનોના દાંત ખાંટા કરી દેવા એજ રાષ્ટ્રનું કલ્યાણ રતી ભાર સુધી કરતા પણ અચકાવવું જોઈએ નહીં.

# ગૌ ઉદ્યોગોના વિકાસ માટે કાલે "ગૌ ટેક-૨૦૨૫ વિચાર ગોષ્ઠી"નું આયોજન

**અબતક, રાજકોટ**

રાજકોટ ગૌ ટેક - ૨૦૨૩ ની સફળતા, જેમાં લાખો લોકોએ ભાગ લીધો હતો અનેક સ્ટાર્ટઅપ્સનું રોકાણ મળ્યું અને અનેક નવીનતાઓને માન્યતા મળી, તે આ વર્ષના ગૌ ટેક ૨૦૨૫ - ગૌ મહાકુંભ માટે પ્રેરણાસ્ત્રોત બની છે. તે ઐતિહાસિક સફળતા ને ધ્યાને લઈ, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ભવ્ય અને દિવ્ય ભારતના સ્વપ્નને સાકાર કરવાના ઉદ્દેશ્યથી આંતરરાષ્ટ્રીય સંસ્થા "ગ્લોબલ કન્ફેડરેશન ઑફ કાઉ-બેઝ્ડ ઈન્ડસ્ટ્રીઝ" જીસીસીઆઈ અને "દેવરાહા બાબા ગૌ સેવા પરિવાર"ના સંયુકત ઉપક્રમે જયપુરમાં ગૌ આધારિત વૈશ્વિક શિખર સંમેલન અને પ્રદર્શની "ગૌ ટેક - ૨૦૨૫ - ગૌ મહાકુંભ"નું આયોજન વિદ્યાધરનગર સ્ટેડિયમ, જયપુર ખાતે કરવામાં આવી રહ્યું છે.

આ મહત્વપૂર્ણ આયોજન અંગે સમગ્ર રાજકોટના લોકોને માહિતગાર કરવા અને ગૌ ઉદ્યોગોના વિકાસ માટે મજબૂત મંચ ઊભો કરવાના હેતુસર "ગૌ ટેક-૨૦૨૫ વિચાર ગોષ્ઠિ"નું કાલે સાંજે ૦૬:૦૦ કલાકે જય મુરલીધર ફાર્મ, અટલ સરોવરની સામે રાજકોટ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.



વધુ માહિતી માટે જીસીસીઆઈ જનરલ સેક્રેટરી મિત્તલભાઈ ખેતાણી મો. ૯૪૨૬૯ ૧૮૯૦૦ પર સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

# અમદાવાદમાં ધીરગુરૂદેવની નિશ્રામાં પૂ.પ્રેમગુરૂદેવની ૩૯મી પૂણ્યતિથિની ઉજવણી



**અબતક, રાજકોટ**

ગોંડલ સંપ્રદાયમાં ૮૦ વર્ષની જૈફ વયે દીક્ષા અંગીકાર કરનાર પૂજયપાદ પ્રેમગુરૂદેવને કાર અકસ્માતમાં ,જા થતા ૧૯૮૪માં જૈન બોર્ડીંગ અને સાબરમતીમાં સ્થીરતા કર્યા બાદ ૧૯૮૬માં શાહીબાગ ખાતે સમાધિભાવે કાળધર્મ પામ્યા હતા. ૧૯૮૨માં પૂ. પ્રેમગુરૂદેવ અને ૨૪ વર્ષના પૂ. ધીરગુરૂદેવ પિતા-પુત્ર એકી સાથે દીક્ષીત બન્યા હતા. શતાધિક ઉપાશ્રય આદિ નિર્માણ પ્રણેતા પૂ. ધીરગુરૂદેવની નિશ્રામાં ૩૧-૫-૨૦૨૫ શનિવારના સવારે ૯ થી ૧૨ કલાકે જોધપુર કોમ્યુનીટી હોલ સેટેલાઈટ ખાતે ૩૯મી પૂણ્યતિથિ સ્મૃતિ સંવેદના પ્રવચન યોજાશે. ધીરગુરૂદેવ અનુગ્રહિત કાઠીયાવાડ સ્થાનકવાસી જૈન સમાજ દ્વારા બોપલમાં નવનિર્મિત લાભુબેન હિંમતલાલ કપાસી ધર્મસંકુલ અને વીણાબેન ભુપતલાલ ખેતાણી, ધર્મનાથ ઉપાશ્રયની ઉદઘાટન વિધિ અને ચાતુર્માસ પ્રવેશોત્સવ ૨૨.૬ના રવિવારે ઉજવાશે. ઓમાનવાલા જૈન ભોજનાલય રાજકોટ ખાતે ચંદ્રવદન દેસાઈ, પ્રણય દેસાઈ અને નીલેશ મહેતાનું બહુમાન ટ્રસ્ટી મંડળના હસ્તે કરાયું હતુ.

# જૂથવાદે કોંગ્રેસની પથારી ફેરવી યુવાધનને નેતૃત્વ સોંપો: અજીત વાંકની દાવેદારી

## શહેર કોંગ્રેસ પ્રમુખ પદ માટે આહીર સમાજના યુવા અગ્રણી અજીત વાંકે નિરીક્ષકો સમક્ષ ધારદાર તર્ક સાથે દાવેદારી રજૂ કરી

**અબતક, રાજકોટ**

જુથવાદના કારણે રાજકોટમાં કોંગ્રેસની પથારી ફરી ગઈ છે. એકપણ ચુંટણી જીતવામાં પક્ષને સફળતા મળતી નથી. જેટલા નેતાઓ છે. તેટલા જૂથ ધમધમી રહ્યા છે. પક્ષની મૂળભુત વિચારધારાને એકબાજુ મુકી બધાને પોતાની લાંબી કરવામાં જ રસ છે. ગુજરાતમાં સંગઠન માળખાને મજબૂત કરવા માટે હાઈકમાન્ડ દ્વારા બોટમ ટુ ટોપ પરિવર્તન કરવાનો નિર્ણય કર્યો છે. તાજેતરમાં રાષ્ટ્રીય અને પ્રદેશ નિરિક્ષકો દ્વારા સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં યુવા આહીર અગ્રણી અજીતભાઈ વાંક દ્વારા મજબૂત દાવેદારી કરવામાં આવી હતી.



નિરિક્ષકો સમક્ષ તેઓએ પ્રમુખ પદ માટે મજબૂત દાવેદારી કરતા તર્કબધ્ધ દલીલ પણ કરી હતી કે અત્યાર સુધી રાજકોટમાં શહેર કોંગ્રેસ પ્રમુખ પદે જૂના જોગીઓ કે જૂથવાદને પ્રોત્સાહન આપતા નેતાઓને જ બેસાડવામાં આવે છે. જેના કારણે પ્રમુખની નિયુકતી બાદ એક જૂથ નિષ્ક્રીય બની જાય છે. હવે પક્ષે જો ખરેખર સંગઠનને મજબૂત કરવું હશે તો એવી વ્યકિતને પ્રમુખ પદ આપવું જોઈએ જે બધાને સાથે રાખીને ચાલે અને પક્ષની વિચારધારા સાથે સામાન્ય લોકોને પણ સામેલ કરી યુવા ધનને નેતૃત્વ સોંપવામાં આવે તો પરિણામલક્ષી કામગીરી થઈ શકે તેમ છે. રાજકોટ મહાનગરપાલિકાની સામાન્ય ચુંટણીના આડે હવે ૧૦ મહિનાથી પણ ઓછો સમય બચ્યો છે ત્યારે હાઈકમાન્ડ સતત દોડી બધાને સાથે રાખી ચાલનારા અને રાજકીય વિઝન ધરાવતા યુવાનને પક્ષની કમાન સોંપવી જોઈએ તેવી તર્ક સાથેની રજૂઆત કરી હતી.

# ચેમ્બર ઓફ કોમર્સની મુંબઈ-રાજકોટ-મુંબઈ વચ્ચે ચાલતી "તેજસ સુપર ફાસ્ટ સમર સ્પેશ્યલ ટ્રેન" ને દરરોજ ચલાવવા માંગ

**અબતક, રાજકોટ**

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મુસાફરોને વધુ સારી રેલ્વે સુવિધા મળી રહે તે માટે હરહંમેશ રજુઆતો કરી તેનું નિરાકરણ લાવવા પ્રયાસ કરે છે. ત્યારે રોજ બરોજ વેપાર-ઉદ્યોગકારો અને આમ પ્રજાજનો રાજકોટ થી મુંબઈ વચ્ચે મુસાફરી કરતા હોય છે. આ બન્ને શહેરો વચ્ચે અમુક દૈનીક તેમજ અમુક મર્યાદીત સમય માટે ટ્રેનો ચાલી રહી છે પરંતુ વિશાળ ટ્રાફિકના કારણે આવી ટ્રેનો ભરચક રહે છે. રેલ્વે મંત્રાલય દ્વારા હાલમાં ટ્રેનનં.૦૯૦૦૫/૦૯૦૦૬ મુંબઈ-રાજકોટ-મુંબઈ "તેજસ સુપર ફાસ્ટ સમર સ્પેશ્યલ ટ્રેન' ચલાવવામાં આવી રહી છે જે અઠવાડીયામાં ત્રણ દિવસ ચાલે છે. આ સમર સ્પેશ્યલ ટ્રેનમાં ખુબ જ ટુંકા ગાળામાં વેઈટીંગ પીરીયડ અને આરએસી રીઝર્વેશન થઈ ગયેલ હોવાથી તેમજ મુસાફરોને સારી સુવિધા મળતી હોવાથી "તેજસ સુપર ફાસ્ટ સમર સ્પેશ્યલ ટ્રેન" જે અઠવાડીયામાં ત્રણ દિવસ ચાલે છે તેને દરરોજ ચલાવવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ અને DRUCC મેમ્બરથી પાર્થભાઈ ગણાત્રા દ્વારા રેલ્વેમંત્રી અશ્વિની વૈષ્ણવજી, વેસ્ટર્ન રેલ્વે મુંબઈના જનરલ મેનેજર અશોક કુમાર મિશ્રા તથા રાજકોટ ડિવીઝનલ રેલ્વે મેનેજર અશ્વની કુમારને રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.



# વોર્ડ નં.૧૫ ખોડીયાર પરા વિસ્તારમાં ૨૦૦ સ્કુલ બેગ વિતરણ

**અબતક, રાજકોટ**



રાજકોટ શહેર કોંગ્રેસ વોર્ડ નં.૧૫ ખોડીયાર પરા વિસ્તારમાં તારીખ ૨૯/૦૪/૨૦૨૫ મંગળવારે સાંજે ૦૫:૦૦ વાગ્યે જુદી-જુદી સ્કૂલના આશરે ૨૦૦ જેટલા ધોરણ ૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓને રાજકોટ શહેર કોંગ્રેસ મંત્રી નરેશભાઈ જે પરમાર દ્વારા સ્કૂલ બેગ (દફતર) વિતરણ કરવામાં આવ્યા.

કાર્યક્રમનો શુભારંભ રાજકોટ મહાનગરપાલિકા વિરોધપક્ષ નેતા વશરામભાઈ સાગઠીયા ફુલહાર કરીને કરવામાં આવ્યો ત્યારબાદ વશરામભાઈ ચાંડપા, હિરાલાલ પરમાર, રમેશભાઈ રૈયા, રામદેવસિંહ વાઘેલા, પ્રવિણભાઈ રોજાસરા, કનુભાઈ કરપડા વગેરે આગેવાનોને સન્માનિત કરીને તેમના હસ્તે વિદ્યાર્થીઓને દફતર વિતરણ કરવામાં આવ્યા.

# મુંજકાના વીજ લાઈન શોટના કિસ્સામાં માનવ અધિકાર આયોગમાં કાલે સુનાવણી

**અબતક, રાજકોટ**

રાજકોટના મુંજકાના વોર્ડ નાં ૯ માં સોમનાથ મંદિર પાછળ પીજીવીસીએલ દ્વારા નડતર રૂપ ઝઈ નહીં હટાવતા ગત ૯ ડિસેમ્બર ૨૦૨૪ ના નાગજી જોગરાણા નામના વ્યક્તિએ જીવ ગુમાવ્યા બાદ ૨૯ ડિસેમ્બર ૨૦૨૪ ના કુંજ નામના ૯ વર્ષીય બાળક અગાસી પર રમતા ૧૧ ઊંટ વીજ લાઈનનો શોટ લાગતા બાળકના હાથ પગના કુરચા ઉડી ગયા હતા આ મુદ્દે માનવ અધિકારી આયોગ સમક્ષ બાળકના માતા પિતાને પાંચ લાખ વળતર આપવા જનહિતમાં રજુઆત થતાં આયોગે અરજી આધારે આ મુદ્દે તા ૧ મે ૨૦૨૫ ના બપોરના એક વાગ્યે આ મુદ્દે સુનાવણી રાખી છે જેમાં બાળકના માતા પિતા ઓનલાઈન પણ સુનાવણીમાં બપોરે એક વાગ્યે હાજર રહી શકે છે. જો તેઓ વીસી દ્વારા રજુઆત કરવા માંગતા હોય તો તેઓએ સિસ્ટમ મેનેજર જયસ્વાલનો મોબાઈલ નાં ૯૫૮૬૧૦૫૨૭૭ પર સંપર્ક સાધી શકે છે.રાજકોટ મ્યુ કોર્પોરેશનને પણ આયોગે બાળકના માતા પિતાને તા-૧ મે ગુરુવારના હાજર રખાવવા જણાવ્યું છે. મહેશકુમાર હરજીવનભાઈ દવે જણાવ્યું હતુ.

# કોઠારીયા નાકા મિત્ર મંડળ ટ્રસ્ટ દ્વારા છાસ વિતરણ કેન્દ્રોનો ૨૫૦ લોકોએ લીધો લાભ

**અબતક, રાજકોટ**

કોઠારીયા નાકા મિત્ર મંડળ ટ્રસ્ટ દ્વારા ચાલતી સામાજીક શૈક્ષણીક, સાંસ્કૃતિક, સેવાકીય પ્રવૃતિ અંતર્ગત છેલ્લા ૫૩ વર્ષથી આ વર્ષ પણ ઉનાળાની ઋતુમાં અમૃત પીણું કેન્દ્ર ૨૬ વર્ષથી એમ.જે. શાહ (ભાડલાવાળા) પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી જરૂરીયાત મંદ પરિવારના લોકોને છાસ વિતરણ કોઠારીયા નાકા ખાતે ચાલે છે જેમાં તા. ૨૧-૪-૨૦૨૫ ના રોજ સ્વ. ચીમનભાઈ શુકલની પુણ્યતીથીએ ભાવવંદના બાલઅવસ્થાથી રાષ્ટ્રીય સવયં સેવક બન્યા હતા ગુજરાતમાં જન સંઘની સ્થાપના થઈ ત્યારથી રાજકોટને કેન્દ્ર બનાવીને રાજયમાં ખાસ કરીને સૌરાષ્ટ્રમાં જન સંઘનો પાયો નાખેલ જેને મજબુત કરવામાં તથા મનોબળ સાથે આદર્શન અને ચરવડો તેમજ મહત્વના નિર્ણયો લડાયેક વ્યકિત એટલે ચીમનભાઈ શુકલ જેઓએ જનસંઘ-ભાજપને મજબુત બનાવવામાં વિવિધ જવાબદારી નિભાવેલ અને કાર્યકરોનું નિર્માણ તેમજ કાર્યકરોને માર્ગદર્શન આપતા તેમની પુણ્યતિથીએ સતત વંદન શ્રધા અર્પણ કરેલ.



આ પ્રસંગે ઉપસ્થિત ગોવિંદભાઈ પટેલ પૂર્વ ધારાસભ્ય કશ્યપભાઈ શુકલ, કચ્છ વિસ્તારના પ્રભારી દર્શનભાઈ જાની બ્રહ્મણ સમાજના પ્રમુખએ એસ. પંડયા પોલીટેકની કોલેજના આચાર્ય હિનાબેન શુકલ મહિલા અગ્રણ્ય, અનિલભાઈ શાહ, દિપકભાઈ શાહ, એમ.જે. શાહ (ભાડલાવાળા) ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટ મહાનુભાવો હસ્તે છાસ વિતરણ કરવામાં આવેલ. આ છાસ કેન્દ્રનો ૨૫૦ પરિવાર લાભ લઈ રહેલ છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કૌશીકભાઈ દેવ, પ્રણવભાઈ દેવ, ગીરીશભાઈ પરસાણાના માર્ગદર્શન હેઠળ કિશોરભાઈ પટેલ, ભરતભાઈ ત્રીવેદી, નિરવભાઈ પારેખ, કેવલભાઈ પાટડીયા, ભરતભાઈ રૂપારેલી, ઉમેશભાઈ જે.પી., રાજુભાઈ મહેતાએ તેમજ અન્ય સભ્યએ જહેમત ઉઠાવેલ.

# ડો.પી.વી. દોશી દવાખાનામાં એડમીટનો રૂમ બનાવાશે

## ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા અને શહેર ભાજપ પ્રમુખ માધવ દવેના હસ્તે કામનું ખાતમૂહૂર્ત



**અબતક, રાજકોટ**

વોર્ડ નં.૮માં ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાની ગ્રાન્ટમાંથી ડો.પી.વી.દોશી દવાખાનામાં ગ્રાઉન્ડ ફ્લોરમાં સેડ તથા ફસ્ટ ફ્લોરમાં એડમિટ રૂમ બનાવવાના કામનું ખાતમુહૂર્ત ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા અને ડો.માધવ દવેના હસ્તે કરવામાં આવ્યું હતુ.

આ તકે વોટર વર્કસ સમિતિ ચેરમેન અશ્વિનભાઈ પાંભર, કોર્પોરેટર બિપીનભાઈ બેરા, ડો.દર્શનાબેન પંડયા, પ્રભારી સંજયભાઈ દવે, પ્રમુખ દેવકરણભાઈ જોગરાણા, મહામંત્રી રવિ ચાંગેલા, નિલેશભાઈ ભટ્ટ, રાજકોટ શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશભાઈ રાઠોડ, રાજકોટ શહેર મહિલા મોરચા પ્રમુખ કિરણબેન માકડિયા, રાજકોટ શહેર આદિજાતિ મોરચા પ્રમુખ મનોજભાઈ દુબલ, રાજકોટ શહેર આદિજાતિ મોરચા પ્રમુખ મહામંત્રી જીતેન્દ્રભાઈ વાઘેલા, પ્રભારી વોર્ડ નં.૧ કાથડભાઈ ડાંગર, જયસુખભાઈ મારવીયા, શહેર સોશ્યલ મીડિયા સહ ઈન્ચાર્જ મયુરભાઈ પાંભર, શહેર આઈ.ટી.સેલ સહ ઈન્ચાર્જ જયભાઈ શાહ, રામભાઈ ગોરૈયા, અશોકભાઈ ડાંગર, ચેતનભાઈ પંડયા, અતુલભાઈ પોકર, નાગરભાઈ બગડા, સંદીપ દેપાણી, પ્રણવ મહેતા, રીટાબેન સખીયા, રજનીબેન ચાવડા, હસમુખસિંહ ગોહિલ, નરેન્દ્રભાઈ દવે, કિશોરભાઈ મૂંગલપરા, રવિભાઈ ગોંડલીયા, ડો.જીતેન્દ્ર અમલાણી, મનીષભાઈ બેચરા, બાદલભાઈ સોમમાણેક, શુભભાઈ પાલડીયા, ગિરધરભાઈ ડોબરીયા, હાર્દિકભાઈ જોશી, કનુભાઈ વેકરીયા, ભાવેશભાઈ રાયઠઠા, વલ્લભભાઈ ટાંક વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ઈગ્નુએ ઓનલાઈન પરીક્ષા ફોર્મ ભરવાની મુદત વધારી

**અબતક, રાજકોટ**

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (ઈગ્નુ) એ સત્રાંત પરીક્ષા જૂન ૨૦૨૫ માટે ઓનલાઈન પરીક્ષા ફોર્મ જમા કરવાની મુદત ૧૧૦૦ લેઈટ ફી સાથે ૦૪.૦૫.૨૦૨૫ સુધી વધારી છે. હવે પછી મુદતમાં વધારો કરવામાં આવશે નહિ એની નોંધ લઈ સંબંધિત તમામ વિદ્યાર્થીઓએ ઓનલાઈન ફોર્મ સમયસર ભરી દેવું. આ વખતે પરીક્ષા કેન્દ્રમાં ફેરફાર કરવા બાબતની અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં માટે પરીક્ષા કેન્દ્રનું ચયન ધ્યાન રાખીને કરવું એમ રિજયોનલ ડાયરેક્ટર ડો. રૂપલ એમ. કુબાવતની યાદીમાં જણાવાયું છે.

## ધો.૧૨ના વિદ્યાર્થીઓ માટે

# આર.એન. મહેતા કોલેજમાં જીસીએએસ મફત ફોર્મ ચકાસણી કેન્દ્ર કાર્યરત

**અબતક, રાજકોટ**

ગુજરાત ટેકનોલોજીકલ યુનીવર્સીટી સંલગ્ન આર. એન. મહેતા કોલેજમાં ગુજરાત સરકાર દ્વારા ચલાવવામાં આવતા શિક્ષણ વિભાગના ગુજરાત કોમન એડમીશન સર્વિસીસ (જીસીએએસ)નું હેલ્પ સેન્ટર કે જ્યાં જીસીએએસનું મફત ફોર્મ ભરવા અને તેની ચકાસણીનું કેન્દ્ર કાર્યરતછે. ધોરણ ૧૨નાં વિદ્યાર્થીઓ માટે જીસીએએસ કવીટ રજીસ્ટ્રેશન ચાલી રહ્યું છે.

જેમાં બીસીએ, બી.સી.એ હોનર્સ, બીસીએ હોનર્સ વીથ રીસર્ચ જેવા એનઈપી ૨૦૨૦ મુજબનાં ગુજરાત ટેકનોલોજીકલ યુનીવર્સીટી એડમિશન તથા કેરિયર કાઉન્સિલિંગ માટે વિદ્યાર્થીઓને વિનામુલ્યે લાભ મળશે

તેમજ આર. એન. મહેતા કોલેજ ખાતે ધોરણ ૧૨નાં કોમર્સ, સાયન્સ તથા આર્ટસ પછીનાં અભ્યાસક્રમોમાં એડમિશન લેવા માટે પ્રથમ રાઉન્ડની ચોઈસ ફીલીંગતથા એડમિશન એલોટમેન્ટ અને તે અંગેની કાર્યવાહી જેવી બાબતો માટે કોમ્પ્યુટર, પ્રિન્ટર, ઈન્ટરનેટ જેવી જરૂરી તમામ સુવિધા વિનામૂલ્યે વિદ્યાર્થીઓને આપવામાં આવે છે.

આર. એન. મહેતા કોલેજના નોડલ ઓફિસર તથા આચાર્ય ડો. ગૌરાંગ એ. વ્યાસ જણાવે છે કે જીસીએએસની વિગતવાર મહીતી માટે gcas.gujgov.edu.in અથવા +૯૧ ૭૯૦૦૮૦૦૦૮૦ પર સંપર્ક કરી શકે છે. કેરિયરકાઉન્સિલિંગ તથા ધોરણ ૧૨ પછીના અભ્યાસક્રમોની માહિતી અને માર્ગદર્શન મેળવવા માટે આર. એન. મહેતા કોલેજનું હેલ્પ સેન્ટર સવારના ૮:૦૦ થી બપોરના ૧:૦૦ અને સાંજના ૪:૦૦ થી ૮:૦૦ સુધી ૪-બી, એસ. કે. ચોક, સ્ટર્લીંગ હોસ્પિટલ સામે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, ગાંધીગ્રામ, રાજકોટ ખાતે કાર્યરત છે.

# શિવ ફ્રેન્ડઝ મ્યુઝિકલ ગ્રુપ દ્વારા કિશોર અને કુમારશાનુ બોલીવુડ હીટ્સ ગીતોની શામ

## અબતકની શુભેચ્છા મુલાકાતમાં દયાન્વી શુકલએ આપી માહિતી

**અબતક, રાજકોટ**



તસવીરઃ કરન વાડોલિયા

ધ્યાન્વી શુકલ (રાજકોટ) તથા મહેશ શેટે અને જયા શેટે (ચીન્ચવાડ, પુના) પ્રેરિત શિવા - ફ્રેન્ડઝ મ્યુઝિકલ ગ્રુપ રાજકોટ દ્વારા ગુજરાત તેમજ મહારાષ્ટ્ર ના સ્થાપના દિન ની ઉજવણી નિમિત્તે તારીખ ૪થી મે ૨૦૨૫ રવિવારના રોજ રાજકોટ ઈન્જીનીયરીંગ અસ્સોસિએશન હોલ, ભકિતનગર ખાતે સાંજે ૬:૩૦ કલાકે તેઓ "કિશોર-કુમાર-શાનુ - બોલીવુડ હીટ્સ" શિર્ષક હેઠળ દરેકના હૈયામાં વસેલા કિશોર કુમાર અને કુમાર શાનુ ના ગીતોનો મન્સુર અલીના મેલોડી કલર્સ લાઈવ ઓરકેસ્ટ્રા સાથે પ્રોગ્રામ કરવા જઈ રહ્યા છે. જેમાં સિંગરો ધ્યાન્વી શુક્લ, કિરણ ઝાલા, સંજય ઝાલા,હિરેન રાવલ,ધવલ થાનકી,અમિત કટેશિયા, કરણ શુકલ (રાજકોટ) ઉપરાંત ખાસ રાજકોટ ની સુરીલી જનતા માટે ખાસ પુના થી ફ્રેન્ડ્ઝ મ્યુઝિકલ ગ્રુપ ના આયોજક મહેશ શેટે અને જયા શેટે (પુના), શુશીર વર્મા (પુના) સંધ્યા મૈસ્કર (હૈદરાબાદ), સંગીતા કીન્હલકર(નાંદેડ), સંધ્યા કાલકર (સંભાજીનગર), પ્રશાંત મુઢોલકર(મુંબઈ), પ્રજ્વલ શેટે (પુના), પોતાની સર્વોત્તમ પસંદગી રજૂ કરવાના છે. તેમજ કાર્યક્રમનાં ઉદઘોષિકા તરીકે પુના થી નિરાલી માંકડ રહેવાના છે. તેમજ સાથે સાથે જહાન્વી જાની ડાન્સ પર્ફોર્મન્સ રજૂ કરવાના છે.તો રાજકોટની સંગીતપ્રેમી જનતાને આ અનોખા પ્રોગ્રામમાં સમયસર સાંજે ૬:૩૦ કલાકે રાજકોટ ઈન્જીનીયરીંગ અસ્સોસિએશન હોલ, ભકિતનગર ખાતે પહોંચી જવા આગ્રહભરી વિનંતી

# ગોળમાં ભેળસેળની શંકા: ગોળપીઠ, પરાબજાર અને કંદોઈ બજારમાં કોર્પોરેશનનું ચેકીંગ

## અલગ અલગ ૧૦ સ્થળેથી ગોળના નમૂના લેવાયા:નાના મવા સર્કલે રામ મસાલા માર્કેટમાં પણ ૬ વેપારીઓને નોટિસ

**અબતક રાજકોટ**

વેપારીઓ દ્વારા ગોળમાં ભેળસેળ કરવામાં આવતી હોવાની શંકાના આધાર કોર્પોરેશનની આરોગ્ય શાખા સલંગ્ન ફૂડ વિભાગની ટીમ દ્વારા ૧૦ સ્થળેથી ગોળના નમૂના લઈ પરીક્ષણ અર્થે મોકલવામાં આવ્યા છે.

આજે પરાબજાર મેઈન રોડ પર ગોળ પીઠમાં ગોકુલ ટ્રેડર્સમાંથી કોલ્હાપુરી ગોળ (લુઝ), જયદીપ ટ્રેડર્સમાંથી દેશી ડાબાનો ગોળ (લુઝ), સ્થળ- અલી હુસૈન બદ્રુદિન ભારમલમાંથી કોલ્હાપુરી ગોળ (લુઝ) અને 'શ્રીજી' શુધ્ધ દેશી ગોળ (૯૫૦ ગ્રામ પેકડ),પરાબજાર મેઈન રોડ પર કંદોઈ બજારમાં અજયભાઈ ભરતભાઈ સોમૈયામાંથી લુઝ કોલ્હાપુરી ગોળઅને સુખડી ગોળ (લુઝ), ગોળ પીઠમાં અંદરજી ગોકલદાસ ગોળવાળામાંથી 'રાજમણી' શુધ્ધ દેશી ગોળ (૯૫૦ ગ્રામ પેકડ) અને કોલ્હાપુરી દેશી ગોળ (લુઝ), ગોળ પીઠમાં પીતામ્બરદાસ ભવાનભાઈ કક્કડમાંથી શુધ્ધ દેશી ગોળ





(બરફી) (લુઝ) અને અન્નપૂર્ણા ટ્રેડર્સમાંથી આદિનાથ દેશી ગોળ (૯૫૦ ગ્રામ પેકડ)નો નમૂનાઓ લઈ પરીક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલાયા છે.

સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ૧૩ જાગનાથમાં અભય એપાર્ટમેન્ટ સ્થિત ''શ્રીરામ ફૂટ એન્ડ કોલ્ડ્રિંક્સ'' પેઢીની તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલા અને કાપેલા વાસી ફ્રૂટનો ૩ કિલોનો વાસી અખાદ્ય જથ્થોનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો.હાઈજેનિક કન્ડિશન જાળવવા તથા લાયસન્સ મેળવવા બાબતે નોટીસ આપવામાં આવી હતી.

ફૂડ વિભાગની ટીમ દ્વારા મસાલા માર્કેટ વિસ્તારમાં ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૧૧ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવી હતી.જેમાં

ભગવતી મસાલા ભંડાર,ઉમિયાજી મસાલા ભંડાર,ઉત્તમ મસાલા માર્કેટ,ખેડૂત મરચાં ભંડાર ,રામનાથ મરચાં અને ખોડિયાર ઘઉં ભંડાર -લાઈસન્સ મેળવવા અંગે નોટિસ આપવામાં આવી હતી.

### નર્મદાના સાનિધ્યમાં

# આદિવાસી વિસ્તારોમાં વિશાળ કાનૂની જાગૃતતા પ્રશંસા પાત્ર: ન્યાયમૂર્તિ :બી.આર ગવઈ

## સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ સૂર્યકાંત, વિક્રમનાથ, ગુજરાત હાઈકોર્ટ મુખ્ય ન્યાયમૂર્તિ સુનિતા અગ્રવાલ , વિરેન વૈષ્ણવ, એ.એસ સુપેહીયા, વિરલ મહેતા ખાસ ઉપસ્થિત રહ્યા

**અબતક રાજકોટ**

નર્મદા ડેમ પરિસર ખાતે ગુજરાત રાજ્યો કાનૂની દાદી કરણ અને નર્મદા જિલ્લા કાનૂની સેવા પ્રાધીકરણ દ્વારા આદિવાસી અધિકારોના સરક્ષણ અને અમલ યોજના ૨૦૧૫ અંતર્ગત સમાજ યોજના ૨૦૨૫ વિષય એ વિશાળ કાનૂની જાગૃતિ અને સશક્તિકરણ શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિર ના અધ્યક્ષ સ્થાને સુપ્રીમ કોર્ટ અને નાલસાના કાર્યકારી અધ્યક્ષ ન્યાયમૂર્તિ બી આર ગવાય ખાસ હાજર રહ્યા હતા, આ કાર્યક્રમમાં સુપ્રીમ કોર્ટ ના જસ્ટિસ ન્યાયમૂર્તિ સૂર્યકાંત, વિક્રમનાથ, ગુજરાત હાઈકોર્ટ મુખ્ય ન્યાયમૂર્તિ સુનિતા અગ્રવાલ , વિરેન વૈષ્ણવ, એ.એસ સુપેહીયા, વિરલ મહેતા ખાસ ઉપસ્થિત રહ્યા હતા,

પશ્ચિમ જોડના હાઈકોર્ટના ન્યાયમૂર્તિઓ નાલસા ના સભ્યો જી એસ એલ.એસ.એ ના સભ્યો સચિવ રાહુલ ત્રિવેદી નર્મદા જિલ્લાના ન્યાયાધીશ આરટી પંચાલ એસ આર બેટરીવાલા જિલ્લા કલેકટર સંજય મોદી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ શિબિરમાં સ્થાનિક યુવાનો દ્વારા નર્મદા જિલ્લાના વૈભવશાળી મેવાસી આદિવાસી નૃત્ય ની પ્રસ્તુતિ કરી હતી અને




જી એસ એલ એસ એ દ્વારા તેમને ૫૧,૦૦૦ નું સન્માન ભેટ અપાય હતી, આ શિબિરમાં આદિવાસી સમાજ માટે ચાલી રહેલી વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી આપવામાં આવી હતી .

મુખ્ય ન્યાયમૂર્તિ સુનિતા અગ્રવાલ એ લાલસા નાસિક સોગને સૌ માટે ન્યાય ના મંત્ર પર પ્રવચન આપી આદિવાસી લોકોના હક્કો ન્યાય વ્યવસ્થામાં લોકોના વિશ્વાસ અને ઘર આંગણે ન્યાય માટેની વ્યવસ્થા નો ઉલ્લેખ કર્યો હતો.

જય મુર્તિ વિક્રમ નાથે ગુજરાતી સંસ્કૃતિની પ્રશંસા કરી હતી અને આદિવાસી સમુદાય માટે સ્થાનિક ભાષામાં પીએલવી મારફતે ઓનલાઈન મોડ્યુલર હેલ્પલાઈન સેવાઓ દ્વારા કાનૂની જાગૃતિ લાવવાની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. મેં મૂર્તિ સૂર્યકાંત એ સ્વતંત્ર સેનાનીઓના સંઘર્ષ અને દરેક નાગરિકના બંધારણીય હકોનું મહત્વ સમજાવ્યું હતું, ન્યાયમૂર્તિ બી.આર ગવઈએ આદિવાસી બહુલ્ય ધરાવતા જિલ્લામાં વિશાળ કાનૂની શિબિર નું આયોજન કરવા બદલ જીએસએલએસએ ના પ્રયત્નોની પ્રશંસા કરી હતી અને આ આયોજનને ગૌરવ રૂપ અને પ્રશંસનીય જણાવ્યું હતું. જય મુક્તિ બી આર ગવઈ ના હસ્તે વિવિધ સાસુકી અને ખાનગી એજન્સીઓના ઉદઘાટન કરવામાં આવ્યું હતું જસ્ટિસ બિરેનવૈષ્ણવ, ન્યાયમૂર્તિ એએસ સુફયા એ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા આ વિશાળ કાનૂની જાગૃતિ અને સશક્તિકરણ સીબી રે ગુજરાતના આદિવાસી સમુદાયમાં કાનૂની હકો અંગે જાગૃતિ લાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભર્યું છે.

# સંત કબીર રોડ પરથી વધુ બે બાંગ્લાદેશી ઘુષણખોર ઝડપાયા

## ૧૫ ઘૂષણખોરો પકડાયા બાદ ટૂંક સમયમાં એનઆઈએની ટીમ પૂછપરછ કરવા દોડી આવે તેવી શક્યતા

**અબતક, રાજકોટ**

પહેલગામ આતંકી હુમલાને પગલે સરકારે સરહદની બહાર અને સરહદની અંદર એમ બંને તરફ સફાયો શરૂ કરતાં ઘૂસણખોરો વિરુદ્ધ ખાસ ઝુંબેશ હાથ ધરી વીણી વીણીને શોધી દેશ નિકાલ કરવાની કામગીરી શરૂ કરવામાં આવતા રાજકોટ શહેર પોલીસની ટીમે અગાઉ ૧૩ બાંગ્લાદેશીઓને ઝડપી લીધા બાદ વધુ બે બાંગ્લાદેશીઓને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. સ્થાનિક પોલીસે તમામ બાંગ્લાદેશીઓની આકરી પૂછપરછ બાદ ટૂંક સમયમાં એનઆઈએની ટીમ પણ રાજકોટ દોડી આવે અને તપાસનો ધમધમાટ શરૂ કરે તેવું જાણવા મળી રહ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર ઘૂષણખોરોને ઠેકાણે પાડી દેવા રાજ્ય સરકારના આદેશને પગલે રાજકોટ શહેર પોલીસની એસઓજી, ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી, ઈઓડબ્લ્યુ તેમજ સ્થાનિક પોલીસ દ્વારા શહેરના જંગલેશ્વર, રામનાથપરા, ભગવતીપરા, સોની બજાર સહિતના વિસ્તારોમાં સર્ચ ઓપરેશન હાથ ધરી મહિલાઓ સહિત કુલ ૧૧ બાંગ્લાદેશી ઘૂસણખોરોને ઝડપી લેવામાં આવ્યા હતા. બાદમાં વધુ બે બાંગ્લાદેશીઓ ઝડપાતા ઘૂસણખોરોની સંખ્યા ૧૩ થઈ હતી.

દરમિયાન બી ડિવિઝન પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તાર સંત કબીર રોડ પર આવેલી શક્તિ સોસાયટીમાં ભાડાના મકાનમાં રહેતા સગીર સહિત વધુ બે બાંગ્લાદેશી ઘૂસણખોરોને ઝડપી લીધા હતા. પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર એક બાંગ્લાદેશી ઘુષણખોર છેલ્લા ૧૦ વર્ષથી રાજકોટ ખાતે રહેતો હતો જ્યારે અન્ય સગીર સાત મહિના પૂર્વે જ રાજકોટ ખાતે આવ્યો હતો. બંને ઈમિટેશનની મજૂરી કરતા હોવાનું પણ તપાસમાં સામે આવ્યાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે. વધુ બે ઘૂસણખોરો ઝડપાતા બાંગ્લાદેશી ઘૂસણખોરોની સંખ્યા ૧૫ને આંબી ગઈ છે.

૧૫ બાંગ્લાદેશી ઘુસણખોરો ઝડપાયા બાદ એસઓજીએ તમામ બાંગ્લાદેશીઓનું ઈન્ટ્રોડકશન અને ઈન્ટ્રોગેશન કરી ઘુષણખોરીથી માંડી ગુનાહિત ઈતિહાસ, શંકાસ્પદ હીલચાલ સહિતની બાબતો અંગે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ઉલ્લેખનીય બાબત છે કે ટૂંક સમયમાં રાષ્ટ્રીય તપાસ એજન્સી(એનઆઈએ)ની ટીમ પણ રાજકોટ આવી ઘૂસણખોરોની પૂછપરછ કરશે અને ત્યારબાદ વિદેશ મંત્રાલયને બાંગ્લાદેશીઓ અંગે રિપોર્ટ કરવામાં આવ્યા બાદ તમામને ડીપોર્ટ કરવાની કામગીરી કરવામાં આવશે. નોંધનીય બાબત એ પણ છે કે, ઝડપાયેલા તમામ ઘૂસણખોરોની કોઈપણ શંકાસ્પદ ગતિવિધિ હાલ સુધીની તપાસમાં સામે નહીં આવ્યાનું પોલીસ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

### સુરતમાંથી પકડાયેલા ૧૫૦ શંકાસ્પદ પૈકી ૧૦૦ બાંગ્લાદેશીઓ હોવાનો ધડાકો

સુરતમાં ઓપરેશન બાંગ્લાદેશ અંતર્ગત ઝડપાયેલા ૧૫૦ શંકાસ્પદમાંથી ૧૦૦થી વધુ બાંગ્લાદેશી હોવાનો ઘટસ્ફોટ થયો છે, જેમાં ૪૫થી વધુ મહિલાઓ છે તથા ૫૦ લોકોના મોબાઈલમાંથી બાંગ્લાદેશનાં નંબર-ચેટ પણ મળ્યાં છે. સુરત પોલીસ અને કેન્દ્રીય એજન્સીઓના જોઈન્ટ ઈન્ટ્રોગેશનમાં આ ઘટસ્ફોટ થયો છે. ઝડપાયેલા બાંગ્લાદેશીઓ એજન્ટની મદદથી ભારતની સરહદ ક્રોસ કરીને ગેરકાયદે રીતે ભારતમાં ઘૂસ્યા હતા. તેઓ સુરત શહેરમાં વિવિધ ભાગોમાં છુપાઈને રહેતા હતા.પોલીસ પાસેથી મળેલી માહિતી પ્રમાણે ઓપરેશન દરમિયાન અન્ય ૫૦ શંકાસ્પદ લોકોના મોબાઈલમાંથી પણ બાંગ્લાદેશના નંબર અને ચેટ મળ્યાં છે, જેના કારણે તેમના વિરુદ્ધ પણ વધુ તપાસ ચાલી રહી છે. સુરત પોલીસ, એરફોર્સ, બીએસએફ, નેવી અને સ્ટેટ તથા સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ બ્યૂરો (આઈબી) સાથે મળીને એક જોઈન્ટ ઈન્ટ્રોગેશન કરવામાં આવ્યું હતું, જેમાં દરેક શંકાસ્પદ વ્યક્તિની ઊંડી પૂછપરછ કરવામાં આવી હતી.તમામ ઝડપાયેલા બાંગ્લાદેશીઓને સુરતના ભિક્ષુક ગૃહમાં રાખવામાં આવ્યા છે. અહીં દરેકની ઓળખ પુષ્ટિ કરવા માટે તમામ દસ્તાવેજોની તપાસ કરાઈ રહી હતી. કેન્દ્ર અને રાજ્ય સરકારની સૂચનાથી હવે તમામ તપાસની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે અને એજન્સીઓએ પોતાનો રિપોર્ટ તૈયાર કરી કેન્દ્ર અને રાજ્ય સરકારને સબ્મિટ કરવાની પ્રક્રિયા શરૂ કરી છે.સુરત ગ્રામ્ય વિસ્તારમાં પણ હવે તમામ એજન્સીઓની વિશેષ ટીમોએ ધામા નાખ્યા છે અને વધુ આવા શંકાસ્પદ લોકોની શોધખોળ શરૂ કરી છે. સુરત પોલીસના વડા જણાવે છે કે આ ઓપરેશન હજુ પૂરેપૂરું બંધ થયું નથી, વધુ તપાસ અને કાર્યવાહી આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે.સુરતના ઈતિહાસમાં આ અત્યારસુધીનું સૌથી મોટું બાંગ્લાદેશી ઘૂસણખોરોનું કાવતરું સામે આવ્યું છે, જેમાં એકસાથે ૧૦૦થી વધુ બાંગ્લાદેશી ઝડપાયા છે.

# કેન્દ્રએ પૂર્વ રો પ્રમુખ આલોક જોશીને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બોર્ડના ચેરમેન બનાવ્યાં

## બોર્ડમાં વધુ છ સભ્યોમાં પૂર્વ વેસ્ટર્ન એર કમાન્ડર એર માર્શલ પીએમ સિંહા, ભૂતપૂર્વ સધર્ન આર્મી કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ એકે સિંહ અને રીઅર એડમિરલ મોન્ટી ખન્ના, લશ્કરી સેવાઓમાંથી નિવૃત્ત અધિકારીઓનો સમાવેશ

**અબતક, નવી દિલ્હી**

પાકિસ્તાન સાથે ભારતના તણાવ વચ્ચે ભારતે મોટો નિર્ણય કર્યો છે. સરકારે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બોર્ડમાં ફેરફાર કર્યો છે. પૂર્વ રો પ્રમુખ આલોક જોશીને અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા છે.

આ ઉપરાંત બોર્ડમાં વધુ છ સભ્યોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં પૂર્વ વેસ્ટર્ન એર કમાન્ડર એર માર્શલ પીએમ સિંહા, ભૂતપૂર્વ સધર્ન આર્મી કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ એકે સિંહ અને રીઅર એડમિરલ મોન્ટી ખન્ના, લશ્કરી સેવાઓમાંથી નિવૃત્ત અધિકારીઓનો સમાવેશ થાય છે. રાજીવ રંજન વર્મા અને મનમોહન સિંહ ભારતીય પોલીસ સેવાના બે નિવૃત્ત સભ્યો છે. સાત સભ્યોના બોર્ડમાં બી વેંકટેશ વર્મા નિવૃત્ત વિદેશ સેવા અધિકારી છે.

આ નિર્ણય પહલગામ આતંકવાદી હુમલાના પગલે લેવામાં આવ્યો છે, જેમાં એક નેપાળી નાગરિક સહિત ૨૬ નિર્દોષ નાગરિકોએ જીવ ગુમાવ્યા હતા તેમજ કેટલાક લોકો ઈજાગ્રસ્ત થયા હતા. પહલગામ આતંકવાદી હુમલા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દ્વારા તેમના નિવાસસ્થાને બોલાવવામાં આવેલી સુરક્ષા મામલેની કેબિનેટ સમિતિની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

બીજી તરફ, પ્રધાનમંત્રી નિવાસસ્થાને કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટીની બેઠક સમાપ્ત થઈ ગઈ છે. આ સીસીએસની બીજી બેઠક છે, પહેલી બેઠક પહેલગામ હુમલાના બીજા દિવસે ૨૩ એપ્રિલે યોજાઈ હતી. સીસીએસની બેઠક પછી તરત જ સંસદીય બાબતોની કેબિનેટ સમિતિની બેઠક મળશે.

આ પછી આર્થિક બાબતોની સમિતિ અને કેન્દ્રીય મંત્રીમંડળની બેઠક થશે.

# ડીઆઈ પાઈપલાઈનના કામમાં ઢીલા ઢફ કોન્ટ્રાક્ટરોને નોટિસ આપવા આદેશ

## શહેરભરમાં ડીઆઈ પાઈપલાઈન નાખવા માટે રાજમાર્ગો પર આડેધડ ખોદકામની ફરિયાદ સ્ટે.કમિટીના ચેરમેન સુધી પહોંચતા અધિકારીઓને કોન્ટ્રાક્ટરોને નોટિસ ફટકારી સમય મર્યાદા કામ કરવા આદેશ આપ્યા

**અબતક રાજકોટ**

હાલ શહેરના મોટાભાગના વિસ્તારોમાં કોર્પોરેશન દ્વારા વર્ષો જૂની પાણીની પાઈપલાઈન બદલાવી તેના સ્થાને નવી ડીઆઈ પાઈપલાઈન નાખવાની કામગીરી ચાલી રહી છે.કેટલાક વિસ્તારોમાં છ - છ મહિનાથી કામગીરી ચાલી રહી છે જે ક્યારે પૂરી થશે તે નક્કી નથી.ડીઆઈ પાઈપલાઈન નાખવા માટે રોડ ઉપર કરવામાં આવેલા આડેધડ ખોદકામથી શહેરીજનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.આ અંગે આજે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીનભાઈ ઠાકર સુધી ફરિયાદ પહોંચતા તેઓએ તાત્કાલિક અસરથી ડીઆઈ પાઈપલાઈનની કામગીરી કરી રહેલા તમામ કોન્ટ્રાકટર અને એજન્સીઓને નોટિસ આપવાની તાકીદ કરી છે. શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ, જાગનાથ અને ગોકુલધામ સહિતના અનેક વિસ્તારોમાં ડીઆઈ પાઈપ લાઈન નાખવાના કામગીરી માટે રોડ મહિનાઓથી ખોડી નાખવામાં આવ્યા છે. છેલ્લા ઘણા સમયથી કામગીરી ચાલી રહી છે પરંતુ જે કામ યુધ્ધના ધોરણે ઝડપથી થવા જોઈએ તે કામ ખૂબ જ મંદ ગતિ ચાલી રહ્યા છે.જેને કારણે લોકોએ ભારે પરેશાની વેઠવી પડે છે.





તસ્વીર: શૈલેષ વાડોલીયા

આ અંગે એક જાગૃત નાગરિક આજે કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીનભાઈ ઠાકરને આ અંગે રજૂઆત કરતા તેઓએ ત્રણેય ઝોનના સિટી એન્જિનિયરોને ડીઆઈ પાઈપલાઈનની કામગીરીનો કોન્ટ્રાક્ટ રાખનાર તમામ એજન્સીઓને સમય મર્યાદામાં અને ઝડપથી કામ પૂરું કરવા માટે નોટિસ ફટકારવા તાકીદ કરી છે. ચોમાસાના આડે હવે દોઢ મહિનાનો સમય બાકી રહ્યો છે ત્યારે જો ડી આઈ પાઈપલાઈન માટે ખોદવામાં આવેલા ખાડાઓ વ્યવસ્થિત પણે પુરવામાં નહીં આવે તો ભારે વરસાદ દરમિયાન મહામુશ્કેલી સર્જા તેવી શક્યતા પણ જણાય રહી છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખી શહેરમાં ડીઆઈ પાઈપલાઈન નાખવાનું કામ ૧૫ જૂન પહેલા પૂરો થઈ જાય અને તમામ ખાડાઓ બુરાઈ જાય તે ખૂબ જરૂરી છે. શહેરના અને વિસ્તારોની હાલત હાલ ગામડાથી પણ ખરાબ થઈ જવા પામી છે.એક તરફ ડીઆઈ પાઈપલાઈનનું કામ ચાલી રહ્યું છે તો બીજી તરફ તેમાંથી નવા નળ જોડાણ પણ આપવાનું શરૂ કરી દેવાયું હોય જેના માટે વેરો પર ભાઈ કરેલો હોય તેવું ફરજિયાત કરાયુ છે જેથી શહેરીજનોને બેવડા માર સહન કરવા પડે છે.

# જસદણમાં નજીવી બાબતે દંપતી સહિત ત્રણ પર પાડોશીનો હુમલો

## ટ્રેક્ટરના ફેરા મુદે ચાલતા મન દુઃખમાં પિતા અને ત્રણ પુત્ર સહિત પાંચ શખ્સોએ માર માર્યાનો નોંધાતો ગુનો

**અબતક રાજકોટ**

જસદણ શહેરના લોહિયાનગર વિસ્તારમાં નજીવી બાબતે ચાલતા મન દુઃખમાં બે ભાઈ અને પત્ની પર પિતા અને ત્રણ પુત્ર સહિત પાંચ શખ્સોએ માર માર્યા અંગેની જસદણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે નાશી છૂટેલા શખ્સોને ઝડપી લેવા દોડધામ આદરી છે. વધુ વિગત મુજબ જસદણ તાલુકાના કુંદણી ગામના વતની અને હાલ લોહાનગરમાં રહેતા અરવિંદભાઈ મેઘાભાઈ રાઠોડે વિજય દિલીપ મેટાળીયા સંજય દિલીપ મેટાળીયા મેહુલ દિલીપ મેટાળીયા દિલીપ મેટાળીયા રસીલાબેન દિલીપભાઈ મેટાળીયા સહિત પાઈપ પાઈપોલે માર માર્યા અંગેની જસદણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે આજથી સાત-આઠ મહીના પહેલા ટ્રેકટર લીધેલ હતુ તે ટ્રેકટર અમો બાજુ માં રહેતા વિજયભાઈ દીલીપભાઈ મેટાળીયા (કોળી) સાથે ચલાવવા માટે કહેતા અમોએ હા પાડેલ હતી. બાદ અમો બે મહીના સુધી વિજય મેટાળીયા સાથે ટ્રેકટર ચલાવેલ હતુ બાદ વિજય લોડર વેચી નાખતા અમોએ તેઓ સાથે ટ્રેકટર ચલાવવાનું બધ કરી દીધેલ હતુ બાદ અમો મજુરીએ લાગી ગયેલ હતા બાદ વિજયભાઈ અમોને કહેતા કે હમણા જે.સી.બી. આવશે એટલે ચાલુ થઈ જશે પરંતુ તેઓને જે.સી.બી. આવેલ નહી જેથી અમોએ અમારૂ ટ્રેકટર છુટ્ટક ભાડામાં ચાલુ કરી દીધેલ હતુ જેથી વિજય તથા તેના ભાઈઓ મારી સાથે બોલતા બંધ થઈ ગયેલ હતા અને આજથી પાંચ દીવસ પહેલા તેઓએ જે.સી.બી. લીધેલ છે અને તેઓ અવારનવાર મારી સામે કતરાતા ચાલતા હતા. અમો તથા મારી ઘરવાળી ગીતા તથા મારા દીકરી અમારી ઘરે જમતા હતા ત્યારે અમારી ડેલી ખખડેલ જેથી અમોએ ડેલી ખોલેલ તો સંજય દીલીપભાઈ મેટાળીયા (કોળી) હતા. તેઓએ કહેલ બહાર આવો જેથી અમોએ કહેલ કે જમીને આવુ જેથી તેઓ જતા રહેલ બાદમાં અમો જમતા હતા ત્યારે રાત્રિના નવેક વાગ્યે મારા મો.નં માં સંજય મેટાળીયા ના ઉપરથી ફોન આવેલ અને તેઓએ કહેલ કે જમી લીધુ હોય તો બહાર આવો જેથી અમો બહાર ગયેલ તો બહાર સંજય તથા તેના ભાઈ મેહુલ બન્ને હતા. જેમાં સંજય પાસે લોખંડનો નાનો પાઈપ હતો આ બન્નેએ સીધો મારો કોલર પકડેલ મારવા જતા ત્યારે મારો ભાઈ ભરત મારી બાજુમાં રહેતો હોઈ તે આવી ગયેલ અને વચ્ચે પડતા પાઈપનો ઘા તેને માથામાં લાગેલ હતો જેથી અમો દોડીને ભાગેલ હતા અને ત્યારે ચારેય તેની ઘરે જતા રહેલ હતા ત્યારે અમો તથા મારી ઘરવાળી તથા મારો ભાઈ ભરત ઘર આગળ થાંભલા પાસે ઉભા હતા. વિજયની મમ્મી રસીલાબેન આવેલ અને તેઓએ મારી ઘરવાળી ગીતાને ધકો મારેલ હતો. જેથી મારી ઘરવાળી નીચે પડી ગયેલ હતી બાદમાં મારા ભાઈને માથામાં લાગેલ હતુ જેથી અમો અમારા મોટરસાઈકલમાં મારાભાઈને જસદણ સરકારી દવાખાને સારવારમાં લઈ ગયેલ હતા

# ચંડોળા તળાવને મિનિ બાંગ્લાદેશ બનાવી દેનાર લલ્લા બિહારીની ધરપકડ

## સાંજે કોર્ટમાં રજૂ કરી લાંબા રિમાન્ડની માંગણી કરાશે

**અબતક, રાજકોટ**

અમદાવાદના ચંડોળા તળાવમાં બાંગ્લાદેશીઓ વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ક્રાઈમ બ્રાન્ચે ચંડોળા તળાવ વિસ્તારના કુખ્યાત લલ્લા બિહારીની ધરપકડ કરી લીધી છે. લલ્લા બિહારી છેલ્લા ઘણા વર્ષોથી ચંડોળા તળાવ રહેતો હતો. લલ્લા બિહારીના દીકરા ફતેહ મોહમ્મદ પઠાણની પણ પોલીસે ધરપકડ કરી છે. ક્રાઈમ બ્રાન્ચે ૫ આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધી હતી. લલ્લા બિહારી ગેરકાયદે વસવાટ કરાવીને ભાડા પર મકાન ભાડે આપતો હતો. પિતા-પુત્ર બિહારથી ગેરકાયદે ભાડાનું નેટવર્ક શીખીને અમદાવાદ આવ્યા હતા.લલ્લા બિહારીએ ચંડોળા તળાવ વિસ્તારમાં મિની બાંગ્લાદેશ ઊભું કર્યું હતું. પિતા-પુત્ર સરકારી જમીન પર મકાન બનાવીને ભાડે આપતા હતા. ચંડોળા તળાવ વિસ્તારમાં ગેરકાયદે પ્રવૃત્તિમાં સંડોવણીમાં ધરપકડ કરવામાં આવી છે. આરોપી ફતેહ મોહમદને કોર્ટમાં રજૂ કરીને રિમાન્ડ માંગવામાં આવશે.ક્રાઈમ બ્રાન્ચના ડીજીપી અજિત રાજ્યણએ કહ્યું, ''બે દિવસ પહેલા ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી, જેમાં મુખ્ય આરોપી લલ્લા બિહાર અને તેમનો દીકરો ફતેહ મોહમ્મદ હતા. ફતેહ મોહમ્મદની ગઈકાલે ક્રાઈમ બ્રાન્ચે અટકાયત કરી છે, અને આજે સાંજે કોર્ટમાં હાજર કરવામાં આવશે, લાંબા સમયની રિમાન્ડની માંગ કરવામાં આવશે. ગેરકાયદે બનાવેલા મકાનોની ઝડતી કરતા સંવેદનશીલ દસ્તાવેજો પણ મળી આવ્યા છે.એએમસીએ મીની બાંગ્લાદેશની જમીન દોસ્ત કરી છે. ચંડોળા તડાવ પર થયેલા ૨ હજારથી વધુ મકાનો ઝુંપડા તોડ્યા છે. લલ્લા બિહારીના ૧૫૦ ગેરકાયદે મકાનો તોડવામાં આવ્યા છે. એલસીબીએ લલ્લા બિહારીના પુત્રની ધરપકડ કરી છે. અત્રે ઉલ્લેખનીય કે, ૭ એસ્ટેટ ટીમ બનાવી પોલીસ બંદોબસ્ત સાથે ડિમોલેશન કાર્યવાહી કરાઈ છે.

(પહેલા પાનાનું ચાલું)

### દુશ્મનોનો ખાત્મો...

(CDS) અનિલ ચૌહાણ અને ત્રણેય સશસ્ત્ર દળોના વડાઓ હાજર રહ્યા હતા. વડાપ્રધાને સ્પષ્ટ કર્યું કે આતંકવાદને જડમૂળથી ઉખેડી નાખવાનો ભારતનો રાષ્ટ્રીય સંકલ્પ છે અને સશસ્ત્ર દળોની ક્ષમતાઓ પર તેમને સંપૂર્ણ વિશ્વાસ છે. તેમણે સશસ્ત્ર દળોને હુમલાનો જવાબ આપવાની રીત, લક્ષ્યો અને સમય નક્કી કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા આપી છે.

પહેલગામ હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતા તણાવને ધ્યાનમાં રાખીને, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના વડા મોહન ભાગવત સાથે પણ બેઠક યોજાઈ હતી. જેમાં અમિત શાહ પણ હાજર રહ્યા હતા. કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહને પણ અર્ધલશ્કરી દળોના વડાઓ અને અન્ય સુરક્ષા એજન્સીઓના વરિષ્ઠ અધિકારીઓ સાથે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. તેમજ આગામી ૨૪ થી ૩૬ કલાકમાં ભારત દ્વારા હુમલાની દહેશતને લઈ પાકિસ્તાન પણ ભયના ઓથારમાં આવ્યું છે.

પાકિસ્તાને ગંભીર દાવો કર્યો છે કે તેની પાસે વિશ્વસનીય ગુપ્ત માહિતી છે જે સૂચવે છે કે ભારત આગામી ૨૪ થી ૩૬ કલાકમાં તેની સામે લશ્કરી કાર્યવાહી શરૂ કરવાની તૈયારી કરી રહ્યું છે. ફેડરલ માહિતી મંત્રી અતાઉલ્લાહ તરારે જણાવ્યું હતું કે ભારત સરકાર પહેલગામની આતંકવાદી ઘટનામાં પાકિસ્તાનની સંડોવણીના ''પાયાવિહોણા આરોપો''નો ઉપયોગ કરીને હુમલો કરી શકે છે. તેમણે નવી દિલ્હીને સંભવિત પરિણામો વિશે ચેતવણી પણ આપી હતી.

તરારે જણાવ્યું હતું કે પાકિસ્તાને પહેલગામ હત્યાકાંડની તપાસ માટે નિષ્ણાતોના તટસ્થ કમિશનની ઓફર કરી હતી, જેને ભારતે નકારી કાઢી છે. તેમણે આંતરરાષ્ટ્રીય સમુદાયને આ સ્થિતિની ગંભીરતાની નોંધ લેવા વિનંતી કરી હતી અને ભારતના કોઈપણ આક્રમક પગલાનો ''નિર્ણાયક જવાબ'' આપવાની ખાતરી આપી હતી.

દરમિયાન, ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં ટોચના મંત્રીઓ સાથે ઉચ્ચ સ્તરીય સુરક્ષા સમીક્ષા બેઠક બોલાવી છે. સુરક્ષા પરની કેબિનેટ સમિતિ અને રાજકીય બાબતો પરની કેબિનેટ સમિતિ પણ પહેલગામ હુમલા પછીની પરિસ્થિતિ અને ભારતના પ્રતિભાવ અંગે ચર્ચા કરવા માટે બેઠક કરી રહી છે. સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે વડાપ્રધાને આતંકવાદને જડમૂળથી ઉખેડી નાખવાના ભારતના સંકલ્પને પુનઃપુષ્ટિ આપી છે અને સશસ્ત્ર દળોને કાર્યવાહી માટે સંપૂર્ણ સ્વતંત્રતા આપી છે.

પહેલગામમાં થયેલા હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધ્યો છે. ભારતે આ હુમલામાં પાકિસ્તાનની સંડોવણીનો આક્ષેપ કર્યો છે, જ્યારે પાકિસ્તાને આ આરોપોને નકારી કાઢ્યા છે. બંને દેશોએ રાજદ્વારી સંબંધોમાં ઘટાડો કર્યો છે અને સરહદ પર તણાવપૂર્ણ સ્થિતિ જોવા મળી રહી છે.

### એલઓસી પર ફાયરીંગ...

આરોપ લગાવ્યો હતો. આ ઘટના, પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ વધેલા તણાવ વચ્ચે બની છે,

પાકિસ્તાની સેનાના પ્રવક્તા **ISPR** એ દાવો કર્યો કે તોડી પાડવામાં આવેલ ડ્રોન જાસૂસી માટે વપરાતું હતું. જો કે, ભારતીય સેનાએ પાકિસ્તાનના આ દાવાને ફગાવી દીધો છે અને તેના પર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો છે.

પહેલગામ હુમલા બાદ બંને દેશોએ બદલાની કાર્યવાહી તેજ કરી છે. નિયંત્રણ રેખા પર પૂંછ અને કુપવાડામાં બંને દેશોના સૈનિકો વચ્ચે સતત ગોળીબાર થઈ રહ્યો છે. પાકિસ્તાન દ્વારા તેના એરબેઝને અપગ્રેડ કરવા અને ભારતીય નૌકાદળ દ્વારા મિસાઈલોનું પરીક્ષણ કરવાથી પ્રદેશમાં લશ્કરી તણાવ વધ્યો છે. બંને દેશોના મીડિયા અને સોશિયલ મીડિયા પર પણ યુદ્ધ જેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે.

પાકિસ્તાનના વિદેશ મંત્રીએ ભારતના પગલાંને ''અવિચારી'' ગણાવ્યા છે, જ્યારે વડા પ્રધાન શેહબાઝ શરીફે શાંતિની વાત કરતાં સાર્વભૌમત્વનું રક્ષણ કરવાની ચેતવણી આપી છે. ભારતના સિમલા કરારમાંથી બહાર નીકળવાની ધમકીઓએ દાયકાઓથી ચાલી રહેલા દ્વિપક્ષીય સંબંધોને વધુ ખરાબ કર્યા છે. જેમ જેમ પાકિસ્તાન તેની લશ્કરી તૈયારીઓ વધારી રહ્યું છે અને ભારત પહેલગામ હુમલાના ગુનેગારોને શોધી રહ્યું છે, તેમ તેમ એલ.ઓ.સી. રેખા સંવેદનશીલ ક્ષેત્ર બની ગયું છે, જ્યાં સંઘર્ષની શક્યતાઓ વધી રહી છે.

### યુકેનો સપોર્ટ...

ભજવવાની ઈચ્છા વ્યક્ત કરી છે. હાઉસ ઓફ કોમન્સમાં વિદેશ કાર્યાલયના પ્રધાન હેમિશ ફાલ્કનરે જણાવ્યું હતું કે વાસ્તવિક ગુનેગારો પર ધ્યાન કેન્દ્રિત કરતો કાયદા અમલીકરણ-આગેવાની હેઠળનો યોગ્ય પ્રતિભાવ મહત્વપૂર્ણ છે. તેમણે યુકેમાં સમુદાયના પ્રભાવશાળી લોકોને બ્રિટિશ શેરીઓમાં તણાવ ન ફેલાવવા અપીલ કરી અને પાકિસ્તાનને તપાસમાં ભારત સરકાર સાથે સંપૂર્ણ સહયોગ કરવા પ્રોત્સાહિત કર્યા.

ફાલ્કનરે જણાવ્યું હતું કે બંને દેશો એકબીજા સાથે વાત કરી રહ્યા છે, જે આવકાર્ય છે, અને ભારતને તેની સુરક્ષા અંગે જે ચિંતા છે તે સમજી શકાય તેવી છે. તેમણે સ્પષ્ટ કર્યું કે યુકે ભારતને ઘટનાના તથ્યો સ્થાપિત કરવામાં સમર્થન આપશે. જો કે, તેમણે હુમલા પાછળ કોણ છે તે અંગેની યુકેની સુરક્ષા એજન્સીઓની માહિતી પર ટિપ્પણી કરવાનું ટાળ્યું હતું. ફાલ્કનરે પાકિસ્તાન અને ભારતના ઉચ્ચ કમિશનને તેમની સુરક્ષા માટે યુકે સરકાર તરફથી સંપૂર્ણ સમર્થન મળશે તેમ જણાવ્યું હતું.

હાઉસ ઓફ કોમન્સમાં સાંસદોએ હુમલામાં હિન્દુઓ અને ખ્રિસ્તીઓને નિશાન બનાવવામાં આવ્યા અંગે ભય વ્યક્ત કર્યો હતો, જ્યારે કેટલાક સાંસદોએ સિંધુ જળ સંધિને સ્થગિત કરવા અથવા પાકિસ્તાન વિરુદ્ધ ''નિરાધાર દાવાઓ'' કરવા બદલ ભારતની ટીકા કરી હતી. જો કે, ફાલ્કનરે હુમલાના સ્વરૂપ અંગે તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી અનુમાન ન લગાવવાની સલાહ આપી હતી અને જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય કરારો રદ થવાને બદલે સ્થગિત કરવામાં આવ્યા છે.

### યુએન તત્પર...

થયેલા આતંકવાદી હુમલાની સખત નિંદા કરી છે. તેમણે ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર અને પાકિસ્તાનના વડા પ્રધાન શેહબાઝ શરીફ સાથે અલગ-અલગ વાતચીત કરી હતી. ગુટેરેસે હુમલાના ગુનેગારોને ન્યાય અપાવવાના મહત્વ પર ભાર મૂક્યો અને બંને દેશો વચ્ચે તણાવ ઘટાડવાના પ્રયાસોને સમર્થન આપવા માટે પોતાની ઓફર રજૂ કરી હતી.

જયશંકરે ગુટેરેસની નિંદાની પ્રશંસા કરી અને જવાબદારીના મહત્વ પર સહમત થયા. તેમણે કહ્યું કે ભારત હુમલાના ગુનેગારો, આયોજકો અને સમર્થકોને ન્યાય અપાવવા માટે પ્રતિબદ્ધ છે. બીજી તરફ, શેહબાઝ શરીફે ગુટેરેસને ભારતને સંયમ રાખવાની સલાહ આપવા વિનંતી કરી અને ભારતના આરોપોને નકારી કાઢ્યા હતા. તેમણે કહ્યું કે પાકિસ્તાન તેની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું સંપૂર્ણ બળથી રક્ષણ કરશે.

દરમિયાન, ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય સશસ્ત્ર દળોને આ હુમલાનો જવાબ આપવા માટે સંપૂર્ણ સ્વતંત્રતા આપી છે અને આતંકવાદને જડમૂળથી ઉખેડી નાખવાના રાષ્ટ્રીય સંકલ્પને પુનઃપુષ્ટિ આપી છે.

### ચારધામ યાત્રા...

દરવાજા ૪ મેના રોજ ખુલશે, જ્યારે કેદારનાથ ધામના દરવાજા ૨ મેના રોજ ખુલશે. અક્ષય તૃતીયાને સ્વયંસિદ્ધ મુહૂર્ત કહેવામાં આવે છે તેથી આ દિવસથી ચાર ધામ યાત્રા શરૂ થાય છે.

આ યાત્રામાં સામેલ થનારા શ્રદ્ધાળુઓની સુરક્ષા માટે છ હજારથી વધુ પોલીસકર્મીઓને તૈનાત કરાયા છે. આ ઉપરાંત ૧૭ પીએસી કંપની, ૧૦ અર્ધ સૈન્ય દળોની કંપનીઓ પણ તૈનાત કરવામાં આવી છે. ૧૫ સુપર ઝોનમાં બે હજારથી વધુ સીસીટીવી કેમેરા પણ લગાવવામાં આવ્યા છે. આ વખતે ચારેય ધામોમાં એન્ટી ટેરેરિસ્ટ સ્કવોડ પણ તૈનાત કરાશે. કોઈ પણ પ્રકારની આફતને પહોંચી વળવા માટે સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ૬૩ પોસ્ટ બનાવવામાં આવી છે.

મુસાફરોની અવરજવરને સરળ બનાવવા માટે પાંડુકેશ્વરમાં પોલીસ બેરિકેડિંગને લઈને પણ વ્યવસ્થામાં ફેરફાર કરવામાં આવ્યા છે. જિલ્લા મેજિસ્ટ્રેટે આદેશ આપ્યો કે ચમોલીના સ્થાનિક લોકોનું ચેકિંગ ન કરવામાં આવે અને હોટલની ક્ષમતા મુજબ જ યાત્રાળુઓને આગળ વધવા દેવામાં આવે.

આ વખતે મંદિર દર્શન માટે સ્લોટ સિસ્ટમ લાગુ કરવામાં આવી છે. યાત્રાળુઓને નિર્ધારિત સમયે દર્શન કરાવવા માટે ટોકન આપવામાં આવશે, જે આઈએસબીટી, બીઆરઓ ચોક અને માના પાસ સહિત વિવિધ સ્થળોએ ચેક કરવામાં આવશે. પ્રવાસન અધિકારી બ્રિજેન્દ્ર પાંડેએ જણાવ્યું કે ગૌચર અને પાંડુકેશ્વરમાં પણ યાત્રા રજિસ્ટ્રેશનની કડક તપાસ કરવામાં આવશે.

### માઓવાદીઓ ઘૂંટણીયે...

કરવામાં આવી છે. આ પત્રમાં ઝારખંડમાં તાજેતરમાં થયેલા એક ઓપરેશનનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો જેમાં ૧ કરોડ રૂપિયાના ઈનામ સાથે કેન્દ્રીય સમિતિના સભ્ય પ્રયાગ માંઝી ઉર્ફે વિવેક ઝારખંડના બોકારો જિલ્લામાં માર્યા ગયેલા આઠ નક્સલીઓમાં સામેલ હતો.

પત્રમાં ઝારખંડ, તેલંગાણા અને મહારાષ્ટ્રની રાજ્ય સરકારોને શાંતિ વાટાઘાટો કરવા અને નક્સલવિરોધી અભિયાન બંધ કરવા અપીલ કરવામાં આવી છે.

### લાયસન્સ...

ઓટો-રિક્ષા, જીપ, વાન, ટેક્સી અને નાના ટ્રકનો સમાવેશ થાય છે.

૨૦૧૨ માં રજૂ કરાયેલા ખાસ ટેસ્ટ ટ્રેકમાં ટુ-વ્હીલર માટે ૮-આકારનો કોર્સ અને બોક્સ પાર્કિંગ, રિવર્સ પાર્કિંગ અને કાર માટે અપ-ગ્રેડિયન્ટ ટેસ્ટ સહિત વિવિધ ગતિશીલતા પરીક્ષણોનો સમાવેશ થાય છે. ''રિવર્સ એસ ટેસ્ટ આપતા મોટાભાગના એલએમવી લાઈસન્સ અરજદારો નિર્ણય લેવામાં ભૂલ કરે છે અને થાંભલા સાથે અથડાય છે.

# પીએમ મોદીનો ૯ મેનો રશિયા પ્રવાસ રદ

## રશિયાએ બીજા વિશ્વયુદ્ધમાં જર્મની પર વિજયની ૮૦મી વર્ષગાંઠ નિમિત્તે ૯ મેના રોજ યોજાનાર ઉજવણીમાં હાજરી આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રણ આપવામાં આવ્યું હતું

**અબતક, નવી દિલ્હી**

રશિયાએ ૯ મેના રોજ વિજય દિવસ પરેડ કાર્યક્રમ માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રણ આપ્યું હતુ. જે હાલ પુરતુ મોકુફ રાખવામાં આવ્યું છે એટલે કે પીએમ મોદી ૯ મી મેના પરેડના કાર્યક્રમમાં હાજરી આપી શકશે નહીં. રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના પ્રેસ સેક્રેટરી દિમિત્રી પેસ્કોવે આ માહિતી આપી.

રશિયાએ બીજા વિશ્વયુદ્ધમાં જર્મની પર વિજયની ૮૦મી વર્ષગાંઠ નિમિત્તે ૯ મેના રોજ યોજાનાર ઉજવણીમાં હાજરી આપવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રણ આપવામાં આવ્યું હતું. જોકે, રશિયાએ પીએમ મોદીની મોસ્કો મુલાકાત રદ કરવાનું કારણ આપ્યું નથી. પહેલગામ પર થયેલા આતંકવાદી હુમલા પછીની હાલની સુરક્ષા પરિસ્થિતિને કારણે એવું કહેવામાં આવી રહ્યું છે. પહેલગામ હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ચરમસીમાએ છે. દરમિયાન, બુધવારે પ્રધાનમંત્રી



નરેન્દ્ર મોદીના નિવાસસ્થાને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેબિનેટ કમિટી ઓન સિક્યુરિટીની બેઠક યોજાઈ હતી. ૨૨ એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી સુરક્ષા પરિસ્થિતિ અને ભવિષ્યની કાર્યવાહી અંગે ચર્ચા કરવા માટે આ મહત્વપૂર્ણ બેઠક બોલાવવામાં આવી હતી. રાષ્ટ્રીય સુરક્ષા અંગે નિર્ણય લેતી સર્વોચ્ચ સમિતિની બેઠક બીજી વખત વડા પ્રધાનના નિવાસસ્થાને બોલાવવામાં આવી હતી.

# વોર્ડ નં.૮માં લક્ષ્મીનગર અને રામેશ્વર મહાદેવ મંદિર પાસે પેવિંગ બ્લોક નાખવાના કામનો આરંભ

**અબતક, રાજકોટ**



વોર્ડ નં.૮માં લક્ષ્મીનગર, રામેશ્વર મહાદેવ પાસે પેવિંગ બ્લોક નાખવાના કામનું ખાતમુહુર્ત રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવેના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.આ તકે ધારાસભ્ય રમેશભાઈ ટીલારા, વોટર વર્કસ સમિતિ ચેરમેન અશ્વિનભાઈ પાંભર, કોર્પોરેટર બિપીનભાઈ બેરા, ડો.દર્શનાબેન પંડયા, પ્રભારી સંજયભાઈ દવે, પ્રમુખ દેવકરણભાઈ જોગરાણા, મહામંત્રી રવિ ચાંગેલા, નિલેશભાઈ ભટ્ટ, શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશભાઈ રાઠોડ, શહેર મહિલા મોરચા પ્રમુખ કિરણબેન માકડિયા, શહેર આદિજાતિ મોરચા પ્રમુખ મનોજભાઈ દુબલ, રાજકોટ શહેર આદિજાતિ મોરચા પ્રમુખ મહામંત્રી જીતેન્દ્રભાઈ વાઘેલા, પ્રભારી વોર્ડ નં.૧ કાથડભાઈ ડાંગર, જયસુખભાઈ મારવીયા, શહેર સોશ્યલ મીડિયા સહ ઈન્ચાર્જ મયુરભાઈ પાંભર, શહેર આઈ.ટી.સેલ સહ ઈન્ચાર્જ જયભાઈ શાહ, રામભાઈ ગોરૈયા, અશોકભાઈ ડાંગર, ચેતનભાઈ પંડ્યા, અતુલભાઈ પોકર, નાગરભાઈ બગડા, સંદીપ દેપાણી, પ્રણવ મહેતા, રીટાબેન સખીયા, રજનીબેન ચાવડા, હસમુખસિંહ ગોહિલ, ભવાનભાઈ ભરવાડ, તેજાભાઈ ભરવાડ, ગોપાલભાઈ લીંબાસીયા, ચિરાગભાઈ રામેચા, રાજુભાઈ ગોહેલ અને દિનેશભાઈ વથલા ઉપસ્થિત રહ્યા હતા.

ગ્રેડિયન્ટ ટેસ્ટમાં, જ્યારે તેમને આગળ વધવાનો સંકેત આપવામાં આવે છે, ત્યારે ઘણા લોકો તેમની કારને પાછળની તરફ ફરતી અટકાવી શકતા નથી અને તેથી તેમને ગેરલાયક ઠેરવવામાં આવે છે,'' એક અધિકારીએ જણાવ્યું.

''ટુ-વ્હીલર લાઈસન્સ ટેસ્ટમાં, ઉમેદવારો સામાન્ય રીતે સવારી કરતી વખતે જમીનને પગ સ્પર્શે ત્યારે નિષ્ફળ જાય છે. જોકે, નિષ્ફળતાનો દર ન્યૂનતમ રહે છે અને સકારાત્મક પ્રગતિ દર્શાવે છે,'' તેમણે કહ્યું.

અધિકારીઓ ઊંચા નિષ્ફળતા દર માટે વય વસ્તી વિષયક પેટર્નમાં ફેરફારને જવાબદાર માને છે. ''ઘણા યુવાનો ૧૮ વર્ષના થતાં જ લર્નર લાયસન્સ માટે અરજી કરે છે,

જે એલએમવી માં નિષ્ફળતા દરમાં વધારો કરે છે,'' એક અધિકારીએ જણાવ્યું. ''માતાપિતા તેમના બાળકોને ગેરકાયદેસર રીતે વાહન ચલાવવાથી રોકવા માટે લર્નર લાયસન્સ મેળવવા માટે પ્રોત્સાહિત કરી રહ્યા છે.'' ૨૦૨૪-૨૫ સારથીના ડેટા મુજબ, ભુજ, પોરબંદર અને દાહોદમાં સૌથી વધુ નિષ્ફળતા દર નોંધાયો હતો, જ્યાં ફક્ત ૭૦% અરજદારો સફળ થયા હતા, જ્યારે બાવળા અને નવસારીમાં અનુક્રમે ૧૨.૩૫% અને ૧૩.૯૨% સાથે સૌથી ઓછો નિષ્ફળતા દર હતો.

### કોલકાત્તા દુર્ઘટના....

૨૦ ફૂટ લાંબો ભાગ ધરાશાયી થતાં સાત લોકોના મોત થયા હતા. ઘટનાની માહિતી મળતા જ આંધ્રપ્રદેશના ગૃહમંત્રી અને આપત્તિ વ્યવસ્થાપન વાંગલાપુડી અનિતા પણ ઘટનાસ્થળે પહોંચી ગયા.

જિલ્લા કલેક્ટર હરેન્દ્ર પ્રસાદના જણાવ્યા અનુસાર શ્રી વરાહલક્ષ્મી નરસિંહ સ્વામી મંદિરમાં ચંદનોત્સવનો કાર્યક્રમ ચાલી રહ્યો હતો. મંદિરમાં મોટી ભીડ હતી. દરમિયાન, અચાનક મંદિરનો ૨૦ ફૂટ લાંબો ભાગ ધરાશાયી થઈ ગયો. માહિતી આપતાં તેમણે કહ્યું કે અકસ્માતમાં સાત લોકોના મોત થયા છે અને ચાર લોકો ઘાયલ થયા છે. ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. એસડીઆરએફ અને એનડીઆરએફ દ્વારા શોધ અને બચાવ કામગીરી ચાલી રહી છે.

આ ઘટના અંગે એસડીઆરના એક જવાને જણાવ્યું કે આ ઘટના રાત્રે લગભગ ૨:૩૦ વાગ્યે બની હતી. આ ઘટનામાં ૭ લોકોના મોત થયા હતા. ૨ લોકો ઘાયલ થયા છે જેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઘટનાની માહિતી મળતા જ અમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા અને રાહત અને બચાવ કાર્ય શરૂ કર્યું.

(ત્રીજા પાનાનું ચાલું)

### વોટરપાર્ક...

### પ્રકાશ દોંગા...

૫૦૦ રૂપિયાની ટિકિટમાં અનલિમિટેડ ફૂડનો પણ સમાવેશ થાય છે. આ સમય ફક્ત પરિવારો અને કપલ્સ માટે જ રાખવામાં આવ્યો છે, જેથી તેઓ શાંતિથી આનંદ માણી શકે.અમારા નિયમિત ગ્રાહકોની સંખ્યા ઘણી વધારે છે, કારણ કે તેઓને અહીંનું શાંત અને સુરક્ષિત વાતાવરણ ખૂબ જ ગમે છે. અમે આ વર્ષે અમારા સમગ્ર રિસોર્ટનું નવીનીકરણ કરાવ્યું છે, જેથી અમારા મુલાકાતીઓને વધુ સારી સુવિધાઓ મળી શકે.અમારા વોટરપાર્કમાં તમને બાઉન્સર, લેડીઝ બાઉન્સર, દરેક રાઈડ પર લાઈફ ગાર્ડ, સુપરવાઈઝર અને જરૂરી સૂચના બોર્ડ જોવા મળશે.

### ક્રિષ્ના વોટર પાર્ક...

હાજર રહે છે, જે રાઈડમાં કેવી રીતે બેસવું અને કઈ કાળજી રાખવી તે અંગે સંપૂર્ણ માર્ગદર્શન આપે છે.અમારા વોટરપાર્કની એન્ટ્રી ફી ૮૦૦ રૂપિયા છે અને અનલિમિટેડ ફૂડ માટે ૩૦૦ રૂપિયા છે.જો ૧૮ તારીખ પહેલાં ઓનલાઈન બુકિંગ કરો છો, તો આપને ૧૦ ટકાનું ડિસ્કાઉન્ટ મળશે. ફાસ્ટ ફૂડના શોખીનો માટે અહીં ચાઈનીઝ, પંજાબી અને સાઉથ ઈન્ડિયન જેવી વિવિધ વાનગીઓ ઉપલબ્ધ છે.અમારા વોટરપાર્કમાં સીસીટીવી કેમેરા, બોઉન્સર, મહિલા બોઉન્સર, લાઈફ ગાર્ડ, સુપરવાઈઝર અને ફર્સ્ટ એડ કીટ જેવી તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે.

(ચોથા પાનાનું ચાલુ)

### સ્વામિનારાયણ મંદિરે...

ઘસાય છે, છતાં પણ સુગંધ આપે છે અને માનવ જીવનમાં ભગવાનની કસોટીમાં પણ પોતાનાં સદ્ગુણો જાળવી રાખવાની પ્રેરણા આપે છે. વૈશાખ સુદ ત્રીજ(અખાત્રીજ)થી લઈ જેઠ સુદ ત્રીજ સુધી એક માસ ભગવાનને ચંદનના વાઘા પહેરાવવામાં આવે છે. જેના દર્શન કરી ભાવિકો ગ્રીષ્મ ઋતુમાં આંતરિક શીતળતા અનુભવે છે.

એક માસ દરમ્યાન દરરોજ સવારે ૭:૪૫ વાગ્યે શણગાર આરતીથી સાંજે ૭ વાગ્યે સંધ્યા આરતી સુધી ભગવાનના ચંદનના કલાત્મક શણગારના દર્શન ભાવિકો કરી શકે છે. વૈશાખ મહિનાના તાપમાં ભગવાનના ચંદનના શણગાર દર્શન કરી આંતરિક શીતળતા પ્રાપ્ત કરવા રાજકોટની ભાવિક જનતાને હાર્દિક નિમંત્રણ છે.

### રાજકોટ માટે ગર્વ...

અગવાન, ટીશા મહેતા અને સંગીત સંચાલન ટીશા મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું. લાઈટ્સ રાજવીર રાઠોડ, વેશભૂષા સાંઈનાથ ડ્રેસીસ રંગભૂષા હિમાંશુ પાડલીયા દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર નાટકનું સેટ તખતો સેટ ડિઝાઈન દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો.

રાજકોટની ટીમ દ્વારા મુંબઈ ખાતે મેળવવામાં આવેલી આ સફળતા રાજકોટનાં તમામ કલાકારો માટે સમ્માનની વાત છે.

અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી કપોળ આનંદ મંગળ ટ્રસ્ટ, મુંબઈ દ્વારા આ સ્પર્ધા યોજાઈ હતી. જેનું સુંદર આયોજન મુંબઈના પ્રબોધન ઠાકરે, મીની થિયેટર ખાતે કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટ દ્વારા સ્પર્ધકોને ખૂબ જ સારો સહકાર પ્રાપ્ત થયો હતો.

(૧૨માં પાનાનું ચાલુ)

### કેનો કાયાકિંગ વોટર સ્પોર્ટસ

ભોપાલ ખાતે ઈન્ડિયા કેમ્પમાં ટ્રેનિંગ લઈ રહ્યાં છે. એક મહિનાની ટ્રેનીંગ બાદ ફાઈનલ સિલેક્શન થશે. પોલેન્ડ ખાતે રમાનાર વર્લ્ડકપ, પટાયા ખાતે રમાનાર એશિયન ચેમ્પિયનશિપ તેમજ ઈટાલી ખાતે આયોજિત વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભાગ લેવા માટે સોનલ વસોયા મજબૂત દાવેદાર છે. કાયાકિંગ તેમજ કેનો કરવું ખૂબ જ મુશ્કેલ સોનલબહેનના જણાવ્યા પ્રમાણે આ બોટ ફાઈબરની હોય છે. મોજા તેમજ પવનના વેગને કારણે બેલેન્સ રાખવું ખૂબ જ જરૂરી હોય છે. પેડલનું યોગ્ય બેલેન્સ ન રહે તો બોટ ઊંધી વળવાની શક્યતા રહે છે, તેમજ ઊંડા પાણીમાં મગર સહિત જળચર પ્રાણીઓનો પણ ભય રહે છે.

### ૪૦૦ મહેસુલી

હડતાલ પાડવાનો નિર્ણય કરવામાં આવશે તો તેનું અમલીકરણ રાજકોટ જિલ્લા દ્વારા પણ કરવામાં આવશે. આજરોજ રાજકોટ જિલ્લા કલેકટરને આવેદન આપવામાં આવેલું છે અને તેના મારફત રાજ્ય સરકારને રજૂઆત કરવામાં આવી છે. હાલ મહેસુલી કર્મચારીઓ માસ સીએલ પર ઉતરી ગયા હતા.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટઃ** જેન્તીભાઈ (હસુભાઈ) ખોડાભાઈ બગથરિયા (ઉ.વ.૭૫)નું તા. ૨૮ને સોમવારના રોજ અવસાન થયેલ છે. તે ભાવેશભાઈના પિતા તેમજ દકુ ભાઈના મોટાભાઈ થાય. તેમનું બેસણું તા.૧-૫-૨૦૨૫ને ગુરૂવારે સાંજે ૪થી ૬ દરમિયાન મોમાઈહોલ ન્યુ સુભાષનગર, રાજકોટ ખાતે રાખેલ છે.



**રાજકોટઃ** ઔદિચ્ય ખરેડી બ્રાહ્મણ મૂળ પીઠડીયા નિવાસી હાલ રાજકોટ સ્વ.દુર્ગાશંકર કામેશ્વર વ્યાસ ના પુત્ર નટવર લાલ દુર્ગાશંકર વ્યાસ ઉ વ.૭૬ નિવૃત શિક્ષક રાજકોટ તે સ્વ.પ્રવીણભાઈ વ્યાસ ના નાના ભાઈ તેમજ સ્વ.કિશોરભાઈ વ્યાસ, સ્વ.મુકેશભાઈ વ્યાસ તથા શાસ્ત્રી પ્રફુલભાઈ વ્યાસ ના મોટાભાઈ તેમજ તથા શાસ્ત્રી દિલીપભાઈ વ્યાસ, શાસ્ત્રી રમેશભાઈ વ્યાસ, રસિકભાઈ વ્યાસ, સ્વ.દિવ્યેશ ભાઈ, તથા શાસ્ત્રી દુષ્યંતભાઈ વ્યાસ ના તથા લતાબેન અમિતકુમાર જોશી તેમજ હેતલબેન પંકજકુમાર જોશી નાપિતાશ્રી અને પ્રેમશંકર પ્રાણજીવન પંડ્યા હનુમાન ખીજડીયા ના જમાઈ નો તા.૨૯-૪-૨૫ ના રોજ સ્વર્ગવાસ થયેલ છે.તેમનુ બેસણુ તા.૧- ૫-૨૦૨૫ ને ગુરુવાર ના રોજ બપોરે ૪- ૩૦ થી ૬- ૩૦ કલાકે તેમના નિવાસ સ્થાને રાખવામાં આવેલ છે

મવડી મેઈન રોડ, ઉદયનગર -૨ શેરી નંબર -૭ રાજકોટ

દિલીપ ભાઈ વ્યાસ - ૯૦૨૩૮૧૦૦૧૨, રમેશભાઈ વ્યાસ - ૯૧૦૬૩૧૩૩૨૦, રસિકભાઈ વ્યાસ - ૭૯૮૪૩૯૧૭૦૯, દુષ્યંત ભાઈ વ્યાસ - ૭૦૧૬૫૧૪૭૪૪

**રાજકોટ :** સ્વ. છબીલદાસ વિઠ્ઠલદાસ રાજદેવના પુત્ર મુકુંદભાઈ, તે માધુરીબેનના પતિ, નાનુભાઈ, ભારતીબેન, શોભનાબેન અને નવનીતભાઈના મોટાભાઈ, વિવેક તથા વાણીના પિતા તા.૨૮ના અવસાન પામેલ છે. તેમની પ્રાર્થના સભા તા.૧ને ગુરૂવારના સાંજે ૫.૩૦ થી ૬.૩૦ સુધી તેમના નિવાસસ્થાન, મેરીગોલ્ડ-૨, માધાપર ચોકડી, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# પરિશ્રમ જ પારસમણી: કાલે 'આંતરરાષ્ટ્રીય મજૂર-શ્રમયોગી દિવસ'

## શ્રમયોગીઓના કલ્યાણ માટે 'અંત્યોદય શ્રમ સુરક્ષા અકસ્માત વીમા' યોજના શરૂ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત૨૦૪૭ના લક્ષ્યને સાકાર કરવા સંગઠિત તેમજ અસંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે. સશક્ત, સમૃદ્ધ અને આત્મનિર્ભર ભારત માટે શ્રમયોગીઓનું સશક્તિકરણ ખૂબ જરૂરી છે, જે અન્વયે કેન્દ્ર અને રાજ્ય સરકાર શ્રમયોગીઓના કલ્યાણ પર સતત ધ્યાન કેન્દ્રિત કરીને અનેકવિધ નવી યોજનાઓ અમલી બનાવી રહી છે. સમગ્ર વિશ્વમાં દર વર્ષે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે મે માસની ૧લી તારીખે 'આંતરરાષ્ટ્રીય મજૂર દિવસ' કે 'મે દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને શ્રમ-રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂતના નેતૃત્વમાં શ્રમયોગીઓની સતત ચિંતા કરીને રાજ્ય સરકાર દ્વારા શ્રમયોગીઓ માટે અનેકવિધ યોજનાઓનું અમલીકરણ સુપેરે કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે શ્રમયોગીઓ માટે પ્રાયોગિક ધોરણે 'અંત્યોદય શ્રમ સુરક્ષા અકસ્માત વીમા' યોજના શરૂ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે, જે રાજ્ય સરકારની શ્રમયોગીઓના વિકાસ માટેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આ ઉપરાંત બાંધકામ શ્રમિકોની નોંધણી માટે 'ઈ-નિર્માણ પોર્ટલ' તેમજ સીએસસી, ઈ-ગ્રામ કેન્દ્ર તથા ધન્વંતરી આરોગ્ય રથ પરથી ઈ-નિર્માણ સ્માર્ટકાર્ડ આપવામાં આવે છે. જે અંતર્ગત ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં ઈ-નિર્માણ પોર્ટલ પર કુલ ૩૦ હજારથી વધુ શ્રમિકોની નોંધણી કરવામાં આવી છે.

રાજ્યના શ્રમયોગીઓને તાલીમ, શિક્ષણ અને સંશોધન માટે રાજ્ય સરકાર દ્વારા કાર્યરત મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન નામની સ્વાયત્ત સંસ્થાન વિવિધ કાર્યો કરી રહી છે. રાજ્યમાં 'ધન્વંતરી આરોગ્ય રથ' યોજના અંતર્ગત બાંધકામ સાઈટ તથા શ્રમિક વસાહતોમાં જઈને પ્રાથમિક આરોગ્ય તપાસ તેમજ બાંધકામ શ્રમિકોની નોંધણી કરવામાં આવે છે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪ના ડિસેમ્બર માસ સુધીમાં કુલ ૩૬ લાખ ઓ.પી.ડી. થકી સારવાર પાછળ રૂ. ૩૯ કરોડ જેટલો ખર્ચ કરવામાં આવ્યો છે. શ્રમિકોને સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ભોજન મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા માત્ર ૫ રૂપિયામાં શ્રમિકોને શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત ભોજન કરાવવામાં આવે છે. જે અંતર્ગત રાજ્યના ૧૯ જિલ્લામાં કુલ ૨૯૧ કડિયાનાકા પર ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં રૂ. ૫૪ કરોડના ખર્ચે કુલ ૧.૧૬ કરોડથી વધુ શ્રમિકોને ભોજન વિતરણ કરવામાં આવ્યું છે.

તદ્‌પરાંત રાજ્યમાં નોંધાયેલા બાંધકામ શ્રમિકોના બે બાળકો માટે ધોરણ-૧થી પી.એચ.ડી. સુધીના અભ્યાસ માટે શિક્ષણ સહાય તેમજ એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓને રૂ. ૫૦ હજાર તથા મેડિકલના વિદ્યાર્થીઓને રૂ. ૨ લાખ સુધીની સહાય આપવામાં આવે છે. તેવી જ રીતે મહિલા બાંધકામ શ્રમિકને પ્રસૂતિ સહાય તેમજ મુખ્યમંત્રી ભાગ્ય લક્ષ્મીબોન્ડ યોજના અન્વયે બાંધકામ શ્રમિકની એક દીકરીના નામે રૂ. ૨૫ હજારના બોન્ડ ૧૮ વર્ષની મુદ્દતે આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં કુલ ૧,૦૦૦થી વધુ શ્રમિકોને રૂ. ૩.૫૩કરોડની સહાય આપવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા શ્રમિકોને પોતાના અને પરિવારના કલ્યાણ માટે અનેક યોજનોનો લાભ આપવામાં આવી રહ્યો છે, જેમાં અકસ્માત મૃત્યુ સહાય યોજના, અંત્યેષ્ઠી સહાય, વ્યવસાયિક રોગમાં સહાય, સંપૂર્ણ તબીબી તપાસ, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ બિમા યોજના- પીએમજેજેબીવા, શ્રમિક પરિવહન, ગો ગ્રીન શ્રમિક, દિવ્યાંગ શ્રમિકો માટે ઈલેક્ટ્રીક ત્રિ-ચક્રી વાહન, શ્રી નાનાજી દેશમુખ આવાસ યોજના, સ્થળાંતરિત થતા શ્રમિકોના બાળકોને માટે હોસ્ટેલ સુવિધા, શ્રમિક બસેરા યોજના જેવી વિવિધ યોજનાઓનો સમાવેશ થાય છે. આ તમામ યોજનાઓમાં કોઈ ગેરરીતિ ન થાય તે માટે નાણાકીય સહાય સીધી ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર થકી અરજદારના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે.

રાજ્ય સરકારના ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા 'મોબાઈલ મેડિકલ વાન' યોજના અંતર્ગત ગત વર્ષ ૨૦૨૪ દરમિયાન રૂ. ૪.૪૧ કરોડના ખર્ચે ૬ લાખથી વધુ લાભાર્થીઓની વિનામૂલ્યે પ્રાથમિક તબીબી તપાસ કરીને જરૂર જણાયે નિઃશૂલ્ક દવાઓ તથા અન્ય પ્રાથમિક સારવાર પણ આપવામાં આવી હતી. આ ઉપરાંત શૈક્ષણિક પુરસ્કાર યોજના અંતર્ગત ૭૦થી વધુ પર્સન્ટાઈલ મેળવનાર વિદ્યાર્થીઓ પૈકી ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓને રૂ. ૨,૫૦૦ તેમજ ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને રૂ. ૫,૦૦૦ સહાય આપવામાં આવે છે.

ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા ગુજરાત સામૂહિક જૂથ અકસ્માત વિમા યોજના અને અસંગઠિત શ્રમયોગીઓ માટે અંત્યેષ્ઠી સહાય યોજના અંતર્ગત જાન્યુઆરીથી ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં અનુક્રમે રૂ. ૩.૪૩ કરોડ અને રૂ. ૨.૨૮ કરોડથી વધુ સહાય ચૂકવવામાં આવી છે, આ યોજનાઓમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫થી ૧૦૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ સિવાય રાજ્યના અકિક વ્યવસાયમાં રોકાયેલા સ્વાશ્રયી વ્યવસાયિકોનું સિલોકોસીસના ગંભીર રોગથી અવસાનના કિસ્સામાં તેઓના વારસદારોને આર્થિક સહાય અંગે સુરક્ષા યોજનામાં જાન્યુઆરીથી ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં કુલ ૨૪ શ્રમયોગીઓને રૂ. ૪૮ લાખની સહાય આપવામાં આવી છે. આ યોજનામાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫થી ૩૦૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, દેશના અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોને એક જ જગ્યાએથી વિવિધ યોજનાઓનો લાભ મળી રહે તે માટે કેન્દ્ર સરકારના ઈ-શ્રમ પોર્ટલ પર રાજ્યના ૧.૨૦ કરોડથી વધુ શ્રમિકોએ પોતાની નોંધણી કરાવી છે.

# આચાર્ય લોકેશજી, મુખ્યમંત્રી રેખા ગુપ્તા, સાંસદ મનોજ તિવારીએ દિલ્હીમાં હનુમાન કથામાં સંબોધન કર્યું

## જૈન આચાર્ય લોકેશજીએ લોકોને જાતિ, પ્રદેશ, ભાષા અને સંપ્રદાયના નામે વિભાજન નહીં કરવાની પ્રતિજ્ઞા લેવડાવી

**અબતક,રાજકોટ**

જૈન આચાર્ય લોકેશજી, અહિંસા વિશ્વ ભારતી અને વિશ્વ શાંતિ કેન્દ્રના સ્થાપક, દિલ્હીના મુખ્યમંત્રી શ્રીમતી રેખા ગુપ્તા, સાંસદ મનોજ તિવારીએ પશ્ચિમ વિહાર, દિલ્હીમાં આયોજિત આચાર્ય ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી બાગેશ્વર ધામ સરકારની શ્રી હનુમાન કથાને સંબોધિત કરી હતી. કથાના મંચ પર પૂજ્ય બાગેશ્વર ધામ સરકાર અને પૂજ્ય જૈન આચાર્ય લોકેશજીની સૌહાર્દપૂર્ણ મુલાકાત જોઈને શ્રોતાઓ ભાવુક થઈ ગયા હતા.

આ અવસરે વિશ્વ શાંતિ દૂત જૈન આચાર્ય લોકેશજીએ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા અંગે શોક વ્યક્ત કર્યો હતો અને વિશાળ જનમેદનીને જાતિ, પ્રદેશ, ભાષા કે સંપ્રદાયના નામે વિભાજિત ન થવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી. તેમણે કહ્યું કે ભારતની એકતા અને અખંડિતતા જાળવવી એ દરેક ભારતીયની ફરજ છે, એકતા સાથે આપણે ભારતના દુશ્મનોનો સામનો કરવા માટે સંકલ્પબદ્ધ થવું પડશે.



આચાર્ય ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ જણાવ્યું હતું કે આ ધાર્મિક શક્તિ રાજશક્તિનો અદ્ભુત સંગમ છે. આચાર્ય ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ કથામાં હાજર રહેલા દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા અને સાંસદ મનોજ તિવારીને કહ્યું કે, કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા સામે સરકારે તાત્કાલિક કડક પગલાં લેવા જોઈએ. આચાર્ય ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ હિંદુઓને એક થવાની અપીલ કરી અને ભારતને હિંદુ રાષ્ટ્ર બનાવવાની માંગ કરી.

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાજીએ વ્યાસપીઠ અને સંતોના આશીર્વાદ લીધા હતા અને પોતાની લાગણી વ્યક્ત કરતાં કહ્યું હતું કે પહેલગામની પવિત્ર ભૂમિ પર આતંકવાદના ડાઘ દરેક ભારતીયના હૃદયને વીંધી નાખ્યા છે. આ હુમલો નથી, આ ભારતની આત્મા પર હુમલો છે. વધુમાં કહ્યું કે પહેલગામ હુમલાનો જડબાતોડ જવાબ આપવાનો વડાપ્રધાન મોદીજીનો સંકલ્પ મક્કમ છે. સાંસદ મનોજ તિવારીએ કહ્યું કે ભારતમાં તમામ ધર્મના લોકો એકબીજા સાથે સુમેળમાં રહે છે, આ પ્લેટફોર્મ તેનું પ્રતિક છે. તેમણે કહ્યું કે તમામ ધર્મ માનવતાની વાત કરે છે, હિંસા માત્ર અરાજકતા ફેલાવે છે.

અહિંસા વિશ્વ ભારતીના પ્રવક્તાએ માહિતી આપી હતી કે આચાર્ય ધીરેન્દ્ર શાસ્ત્રી આવતા મહિને ભારતના પ્રથમ વિશ્વ શાંતિ કેન્દ્ર ગુરુગ્રામમાં પધારશે.

# આજે અખા ત્રીજ અને ગણેશ ચોથ

## ગણપતિદાદાની ચોખા ચડાવી અંગ પૂજા કરવી શુકનવંતી

**અબતક, રાજકોટ**

આ દિવસે નવા ઘઉંમાંથી બનાવેલા લાડવા ગણપતિ દાદા ને ધરાવી અને ત્યાર પછી જ નવા વર્ષના ઘઉં વાપરવાની શરૂઆત થાય છે તથા ઘરના મુખ્ય દરવાજા ઉપર સિંદૂર થી શુભ લાભ તથા શ્રી ૧! લખવું ઘરમાં રિદ્ધિ સિદ્ધિની પ્રાપ્તિ થશે.

વૈશાખ સુદ ત્રીજ ને બુધવારે તા ૩૦ એપ્રિલ ના દિવસે ગણેશ ચોથ છે. આ વર્ષે બુધવારે બપોર ના ૨.૧૪ સુધી ત્રીજ તિથિ છે ત્યારબાદ ચોથ તિથિ છે. જ્યારે ગુરુવારે સવારના ૧૧.૨૫ કલાક સુધી જ ચોથ તીથી હોતા આથી દરેક પંચાંગ પ્રમાણે જ્યોતિષના નિયમ પ્રમાણે ગણેશ ચોથ બુધવારે મનાવવામાં આવશે. વૈશાખ મહિનામાં આવતી ગણેશ ચોથ સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં ગણેશ ચોથ તરીકે ઉજવાય છે એક માન્યતા પ્રમાણે આ દિવસે ગણપતિદાદા ના લગ્ન થયેલા દરેક શુભકાર્યોમાં ગણપતિ દાદાની પ્રથમ પૂજા કરવામાં આવે છે. ગણપતિ દાદા વિઘ્નોના હર્તા છે. ગણપતિદાદાનો પ્રિયવાર મંગળવાર છે. લાલ વસ્ત્ર લાલફુલ સોપારી ગણપતિદાદાને પ્રિય છે. લગ્ન જેવા શુભ પ્રસંગોમાં દિવાલમાં કરવામાં આવતાં કંકુના ચાંદલા એટલે કે દેરડીની પૂજા કરીએ છીએ તે ગણપતિદાદાનો પરિવાર છે જેને માતૃકા કહેવામાં આવે છે. ગણપતિદાદા રિધ્ધિ સિધ્ધિ સાથે પૂજામાં સપરિવાર પધારે છે.શનીવારે ગણેશ ચોથના દિવસે સવારે નિત્યક્રમ કરી ત્યારબાદ બાજોઠ કે પાટલા પર લાલવસ્ત્ર પાથરી તેના પર ઘઉંની ઢગલી કરી ગણપતિદાદાને બીરાજમાન કરવા તેની બન્ને બાજુ સોપારીમાં રિધ્ધિ સિધ્ધિ રાખવા દાદાને સિંદુર લગાડી અને ચાંદલો ચોખા કરવા લાલ ફુલ અર્પણ કરવું. વસ્ત્ર જનોઈ અર્પણ કરવા અબીલ ગુલાલ દુર્વા અર્પણ કરવા ધ્રુપ દીપ અર્પણ કરવા નૈવેદ્યમાં ગોળથી બનાવેલા મોદક એટલે કે લાડવા ધરાવા આરતી કરી ત્યાર બાદ પ્રાર્થના કરવી અમારા જીવનમાં કોઈ વિઘ્નોનો આવે ક્ષમા યાચના માગવી. ત્યારબાદ પ્રસાદ ખાવો. ગણપતિદાદાની ચોખા ચડાવી અંગ પુજા કરી શકાય.



# મ્યુ. કમિશનરની ચેમ્બરમાં દુષિત પાણી રેડવાની ચીમકી બાદ વોર્ડ નં.૧૩માં શુધ્ધ જળનું વિતરણ

## કોગ્રેંસના પૂર્વ કોર્પોરેટર જાગૃતિબેન ડાંગર અને કોંગી અગ્રણી પ્રભાતભાઈ ડાંગરની પ્રજાલક્ષી કામગીરી

**અબતક, રાજકોટ**

શહેરના વોર્ડ નં. ૧૩માં ઘણા સમયથી દુષિત પાણીનું વિતરણ થઈ રહ્યુ હતું.આ અંગે અવાર નવાર લેખિતમાં રજૂઆત કરવામાં આવી હોવા છતાં નકકર પરિણામ ન આવતા સ્થાનિકો દ્વારા તાજેતરમાં મ્યુનિસીપલ કમિશનરની ચેમ્બરમાં ગંદુ પાણી રેડવાની ચીમકી આપવામાં આવી હતી.આ ચીમકીની અસર દેખાય છે. છેલ્લા વીસેક દિવસ આંબેડકરનગરમાં દૂષિત પાણી આવતું હતું ત્યાં આજથી ચોખ્ખું પીવાલાયક પાણી વિતરણ થવા લાગ્યું છે. દુષિત પાણી પ્રશ્ને વોર્ડ નં.૧૩ના રહેવાસી સાથે પૂર્વ કોર્પોરેટર જાગૃતિબેન ડાંગર અને કોંગી અગ્રણી પ્રભાતભાઈ ડાંગર દ્વારા તાજેતરમાં વોર્ડ ઓફીસમાં અધિકારીઓને કોર્પોરેશન જે પાણી આપવામાં આવે છે તે ખરાબ પાણી ભરેલી બોટલો બહેનો દ્વારા આપવામાં આવી હતી. જો દુષિત પ્રશ્નનો હલ નહીં થાય તો મ્યુનિસિપલ કમિશનરની ચેમ્બરમા દુષિત પાણી રેડવામાં આવશે તેવી ચીમકી આપી હતી.આ ચીમકીની ધારદાર અસર વર્તાય છે.આજથી આ વિસ્તારમાં પીવાલાયક શુધ્ધ પાણીનું વિતરણ થવા માંડ્યું છે.

# ૧૮૧ આવાસ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની મુદત ૧૫મી મે સુધી લંબાવાઈ

## એલઆઈજી કેટેગરીના ૧૩૭ આવાસો તથા ઈડબલ્યુએસ-૨ કેટેગરીના ૪૪ ખાલી રહેલા આવાસોની ફાળવણી કરાશે

**અબતક, રાજકોટ**

કોર્પોરેશન દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નિર્માણ પામેલ અને ખાલી પડેલ એલઆઈજી કેટેગરીના ૧૩૭ આવાસો તથા ઈડબલ્યુએસ-૨ કેટેગરીના ૪૪ આવાસો માટે ફોર્મ ભરાવાની મુદ્દતમાં વધારો કરવામાં આવ્યો છે.તા.૧૫ મે સુધી વધારામાં આવી છે.ઓનલાઈન ફોર્મ ભરી શકાશે.

મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, ઈ.ચા. મ્યુનિસિપલ કમિશનરશ્રી પ્રભવ જોષી, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા અને હાઉસિંગ ઈમ્પ્રુવમેન્ટ અને કલીયરન્સ સમિતિના ચેરમેન નિતિનભાઈ રામાણીએ વધુમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નિર્માણ પામેલ અને ખાલી પડેલ, શહેરના જુદા જુદા વિસ્તારમાં આવેલ એલઆઈજી કેટેગરીના ૧૩૭ આવાસો તથા ઈડબલ્યુએસ-૨ કેટેગરીના ૪૪ આવાસો માટે ફોર્મની મુદત આવતીકાલે પૂર્ણ થતી હતી. મહાપાલિકાની વેબસાઈટ ૂ.ળિભ.લજ્ઞદ.શક્ષ પર જઈ ઓનલાઈન ભરવાના ચાલુ છે. બન્ને કેટેગરીના ૧૮૧ આવાસના ફોર્મ ભરવાની મુદત તા.૧૫ મે સુધી લંબાવામાં આવી છે. ઓનલાઈન ફોર્મ ફી રૂ. ૫૦/- રહેશે તેમજ નિયમાનુસાર ડિપોઝીટ ભરપાઈ કરવાની રહેશે. ફોર્મ તેમજ ફોર્મની ફી અને ડીપોઝીટ ભરવાની સમગ્ર પ્રક્રિયા ફકત અને ફકત ઓનલાઈન જ રહેશે.

એલઆઈજી કેટેગરીમાં ૨ રૂમ ક્ષેત્રફળ ૫૦ ચો.મીટર, આવાસની કિંમત રૂ. ૧૨ લાખ, વાર્ષિક આવકમર્યાદા રૂ. ૩ થી ૬.૦૦ લાખ, ડિપોઝીટ રૂ. ૨૦,૦૦૦ ઈડબલ્યુએસ ૨ કેટેગરીના આવાસોમા- ૧.૫ રૂમ ક્ષેત્રફળ ૪૦ ચો. મીટર, આવાસની કિંમત રૂ. ૫.૫૦ લાખ, વાર્ષિક આવકમર્યાદા રૂ. ૩ લાખ, ડિપોઝીટ રૂ. ૧૦,૦૦૦/- ફોર્મ ભરતી વખતે કોઈ ટેકનિકલ સમસ્યા ઉદભવે તો આવાસ યોજના વિભાગના ફોન નં. ૦૨૮૧ - ૨૨૨૧૬૧૫ પર સંપર્ક સાધવો.

# રેલવે યુઝર્સ કન્સલ્ટટિવ કમિટીનાં મેમ્બર તરીકે પ્રવિણચંદ્ર ત્રિવેદીની નિમણુંક

**અબતક,રાજકોટ**

ભારતીય મઝદૂર સંઘનુ ઔધ્યોગિક એકમ ભારતીય રેલવે મજદૂર સંઘ અને પશ્ચિમ રેલવે કર્મચારી પરિષદ રાજકોટ ડિવિઝનની સમર્થનથી પ્રવિણચંદ્ર બી.ત્રિવેદી સેવા નિવૃત ડિવિઝનલ મુખ્ય ટિકિટ ઈન્સ્પેક્ટર રાજકોટને ડીઆરયુસીસી મેમ્બર તરીકેની નિમણુંક માનનીય રેલવે મંત્રી દ્વારા અગામી બે વર્ષ માટે કરવામાં આવેલ છે. પ્રવીણચંદ્ર ત્રિવેદી દ્વારા પાત્રીસ વર્ષ સુધિ ટિકિટ ચેકિંગ વિભાગમાં જનતાની વચ્ચે રહીને પોતાની સેવા બજાવેલ હોઈ તેથી આમ જનતાને રેલવે મુસાફરી દરમિયાન પડતી મુશ્કેલી તથા સ્ટેશન પર અપુરતી યાત્રી સુવિધા વિશે ખુબજ જાણકારી હોઈ,તેને સુધારવાના શ્રી ત્રિવેદીના અનુભવના કારણે અગામી દિવસો દરમિયાન પ્રશાશન સાથે વાર્તાલાભ, પત્ર દ્વારા રજૂઆત કરવામાં આવશે, રેલ યાત્રિયોને રૂબરૂ મળીને યાત્રિયોના સુજાવ મેળવીને પણ રજુઆત રેલ પ્રસાશનને કરવામાં આવશે. પ્રવીણચંદ્ર બી.ત્રિવેદીને (ડિવિઝનલ રેલ યુઝર્સ કન્સલ્ટટિવ કમિટી) માં નિમણુંક મળતા ભારતીય મઝદૂર સંઘ ના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ હસુભાઈ દવે તથા બીએમએસ રાજકોટ જિલ્લાના તમામ હોદેદારો દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ હતી,તથા પશ્ચિમ રેલવે કર્મચારી પરિષદ રાજકોટ બ્રાન્ચ દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવેલ હતી. રેલવે દ્વારા યાત્રા કરનાર જનતાને રેલયાત્રાને લગતા પ્રશ્નો અંગે ૯૯૯૮૪ ૧૫૪૬૪ પર રજૂઆત કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.



# ગરમીમાં ડચકે ચડેલી સિટી બસ મામલે એજન્સી દંડ ફટકારવા શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીની માંગ

## હીટવેવમાં સિટી બસ અને બીઆરટીએસ સેવા ખોરવાતા મુસાફરીની હાલાકી: રાજાણી

**અબતક, રાજકોટ**



શહેરમાં ૪૫ ડિગ્રી તાપમાનમા બંધ કરી દેવામાં આવતી સીટી બસ મામલે એજન્સી સામે દંડનીય કાર્યવાહી કરવા કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ માંગ કરી છે.

તેઓએ મ્યુનિસિપલ કમિશનરને કરેલી રજૂઆતમાં જણાવ્યું છે કે, ૨ શહેરને પ્રદૂષણ મુક્ત બનાવવામાં શહેરમાં જે સીટી બસો દોડી રહી છે ટેકનિકલ ખામીને પગલે સુવિધાને બદલે સમસ્યા ઉદભવી છે. શહેરમાં ૬૦ જેટલી બસો ૪૫ ડિગ્રી તાપમાનમાં ગરમ થઈ જતા બંધ કરવી પડી હતી. સવા કરોડની બસ હોય તે બંધ થઈ જાય અને ૪૦ લાખની બસ ઓન ધ રોડ ચાલી રહી છે. જે પગલે અનેક મુસાફરોને હાલાકી વેઠવી પડી હતી. આ તમામ બસોમાં ટેકનિકલ ક્ષતિઓ હોવાનું બહાર આવે છે.

સીટી બસ ૫૧ ડિગ્રી થી વધુ ગરમી સહન કરી શકતું નથી પરંતુ આ બસો રાજકોટમાં ૪૫ ડિગ્રીમાં હાંફી ગઈ છે. અને આ ગરમ થયેલી સીટી બસના મશીનમાં એલર્ટ દેખાડતા તેને હોલ્ટ પર મૂકવી પડી હતી. મહાપાલિકા અને એજન્સી પીએમઆઈ સાથે આ અંગે ટેકનિકલ ક્ષતિઓ સુધારવા અંગે ચર્ચા કરી છે. ઊંચા તાપમાનમાં રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત ઈલેક્ટ્રીક બસ બંધ કરવામાં આવી હતી પરંતુ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (એસ.ટી) દ્વારા ચલાવવામાં આવતી ઈલેક્ટ્રીક ૨૧ બસો ઓન ધ રોડ રાજકોટમાં જ ચાલી રહી હતી. એક સરખા સિદ્ધાંત અને ટેકનોલોજીની મદદથી ચાલતી બસોમાં મહાનગરપાલિકાના તંત્ર દ્વારા બંધ કરાય અને એસટી તંત્ર દ્વારા ચાલુ રખાય ત્યારે મહાનગરપાલિકા દ્વારા આજી ખરીદ કરાયેલ એજન્સી શંકાના દાયરામાં છે.

બસો બંધ કરવી પડે એ એજન્સીની ખામી દર્શાવે છે આ અંગે મુસાફરોને પડેલ તકલીફ બદલ એજન્સીને પેનલટી થવી જોઈએ અને જે બસો બંધ કરવામાં આવી છે તે તાત્કાલિક અસરથી જે કંઈ ખામી હોય તે સુધારી મુસાફરો હિતમાં તાત્કાલિક શરૂ કરવા અપીલ કરી છે.

# રસોઈને ઝડપથી બનાવતી વિવિધ કૌશલ્ય-પ્રયુક્તિ સ્પર્ધાનું આયોજન

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન અને રાજકોટ મહાનગરપાલિકા સ્થાપિત તેમજ સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત તથા ગુજકોસ્ટ પુરસ્કૃત ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર રાજકોટ ખાતે ચાલતા મહિલા સાયન્સ ક્લબ દ્વારા ફક્ત મહિલાઓ માટે રસોઈને ઝડપથી બનાવતી વિવિધ કૌશલ્ય/પ્રયુકિત- ટેકનીકની સ્પર્ધાનું આયોજન શનિવારના રોજ સાંજે ૩:૩૦ થી ૫:૩૦ દરમિયાન કરવામાં આવેલ છે. દા.ત. સુધારવું., કાપવું. છિણવુ, ખમણવુ, ખાંડવુ વગેરે. સ્પર્ધક બહેન કોઈ એક જ કૌશલ્ય માટે ભાગ લઈ શકશે. સ્પર્ધા માટેના સાધનો ઘરેથી જ લઈ આવવા. (૧) ૧૧ થી ૧૭ વર્ષની બહેનો અને (૨) ૧૮ થી મોટી ઉંમરની કોઈપણ બહેનો, સ્પર્ધાનો સમય ૩ (૨+૧) મીનીટનો રહેશે. નિર્ણાયિકો દ્વારા શ્રેષ્ઠ ત્રણ પસંદગી કરીને ઈનામ આપવામાં આવશે. તેમજ દરેક સ્પર્ધકને પ્રમાણપત્ર આપવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેવા તાઃ ૨ - ૫ - ૨૫ સુધીમાં સવારે ૧૦:૩૦ થી સાંજે ૫:૩૦ દરમિયાન ફોન દ્વારા અથવા રૂબરૂ લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે ફોન નં : ૨૪૪૯૯૪૦ અથવા મો.૯૯૭૮૮ ૨૫૮૨૯ ઉપર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

# ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગુરૂવારે દંત યજ્ઞ

**અબતક,રાજકોટ**

સોમનાથ ટ્રસ્ટ અને ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દંત યજ્ઞ અને બત્રીસી કેમ્પનું તા. ૧ ના રોજ આયોજન સોમનાથ ખાતે કરવામાં આવેલ છે જેમાં વૃદ્ધ ૫૦ વ્યકિતને બત્રીસી ફ્રી બનાવી અપાશે.ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટના હસુભાઈ મકવાણા દ્વારા દર મહીને યોજાતા દંત યજ્ઞ નું સ્થળ : સ્વસ્તિક પ્લાઝા, લીલાવતી ગેસ્ટ હાઉસ સામે, સોમનાથ ( પાટણ ) ખાતે છે. દાંત ના કેમ્પ માં ડો.જયસુખ મકવાણા,ડો.સંજય અગ્રાવત તેમજ મોનિકા ભટ્ટ અને જાગૃતિ ચૌહાણ,હસુભાઈ મકવાણા, રાજુભાઈ વરિયા વિ. સેવા આપશે. દાંત ના રોગીની તપાસ કરી જરૂરી હશે તેમના દાંત ''જાલંધર બંધ'' વડે ઈન્જેકશન વગર સ્થળ પર જ કાઢી આપશે.

જરૂરિયાત હશે તેને વિના મુલ્યે દાંત ની બત્રીસી બનાવવા ની વ્યવસ્થા છે. દર્દીએ પોતાનું આધાર કાર્ડ ની ઝેરોક્ષ સાથે લાવવી અને ફોન નંબર લખાવવો. વધુ વિગત માટે મો.૯૪૦૯૭૭૩૬૭૪ નો સંપર્ક કરવો.

# ગાંધીનગર કેપિટલ-વેરાવળ સોમનાથ એક્સપ્રેસમાં સ્લીપર ક્લાસ કોચનો વધારો

**અબતક, રાજકોટ**

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની ની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખતાં રાજકોટ ડિવિઝનથી પસાર થતી ગાંધીનગર કેપિટલ-વેરાવળ સોમનાથ એક્સપ્રેસમાં હંગામી ધોરણે એક વધારાનો સ્લીપર ક્લાસનો કોચ જોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો આ મુજબ છે.

ગાંધીનગર કેપિટલ-વેરાવળ- ગાંધીનગર કેપિટલ સોમનાથ એક્સપ્રેસમાં ૦૨ મે ,૨૦૨૫ થી ૧૪ મે ,૨૦૨૫ સુધી ગાંધીનગર કેપિટલ થી અને ૦૧ મે, ૨૦૨૫ થી ૧૩ મે, ૨૦૨૫ સુધી વેરાવળથી એક સ્લીપર ક્લાસનો વધારાનો કોચ જોડવામાં આવશે. ટ્રેનોના સમય, રોકાણ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે, યાત્રી કૃપા કરીને www. enquiry. indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# રામગરબાપુ ગૌસેવા ટ્રસ્ટ દ્વારા પશુ-પક્ષી માટે નિ:શુલ્ક પાણીની કુંડીનું વિતરણ

**અબતક, રાજકોટ:** પૃથ્વી ઉપર જેટલો હક્ક મનુષ્યનો છે તેટલો જ હક્ક પશુ, પંખી, જીવજંતુ પ્રાણીઓનો પણ છે. આવી કાળઝાળ ગરમીમાં પશુ પક્ષીઓના રાહત માટે ઘરની બહાર તેમજ અગાસી ઉપર નાની મોટી પાણી ભરી કુંડીઓ રાખવા જીવદયાપ્રેમી જયકરભાઈ જીવરાજાની ગોંડલની જનતાને જણાવે છે કે ઘરની બહાર કે અગાસી ઉપર રાખવા માટે પાણીના કુંડી વિનામૂલ્યે આપવામાં આવશે. કુંડી માટે જયકરભાઈ જીવરાજાની :- ૯૯૭૮૩૫૦૦૦૧ નંબર પર સંપર્ક કરવો.

# ખોટા દસ્તાવેજો બનાવી ભારતીય પાસપોર્ટ બનાવનારા સામે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ એફઆઈઆર કરશે

**અબતક, રાજકોટ**

ખોટા દસ્તાવેજો બનાવી ભારતીય પાસપોર્ટ બનાવનારાઓ સામે અમદાવાદ ક્રાઈમ બ્રાંચ દ્વારા એફઆઈઆર દાખલ કરવામાં આવશે રાજયના તમામ જિલ્લામાં ઘુસણખોરો સામે આકરી કાર્યવાહી કરવા રાજય સરકાર દ્વારા આદેશ આપવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. અમદાવાદ પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશને ચંડોળા તળાવ ખાતે ઐતિહાસિક ડિમોલિશન હાથ કરાયું હતુ. આ ઝુંબેશનો હેતુ રાષ્ટ્રવિરોધી અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓને સંપૂર્ણપણે ઉખેડી નાખવાનો છે. નૈસર્ગિક તળાવ/તલાવને ડિમોલિશન કરીને અને નાશ કરીને બનાવેલા સલામત આશ્રયસ્થાનોને તોડી પાડવામાં આવ્યા છે. આ વિશાળ અતિક્રમણ દૂર કરવાની ઝુંબેશ મુખ્ય પાસાઓ પર કેન્દ્રિત હતી: થોડા મહિના પહેલા જ્યાં ૪ આતંકવાદીઓની અટકાયત કરવામાં આવી હતી તે સ્થળ તોડી પાડવામાં આવ્યું છે. તાજેતરના વર્ષોમાં, અમદાવાદ શહેરના એક વિસ્તારમાંથી પ્રતિબંધિત આતંકવાદી સંગઠન (અલ-કાયદા ભારતીય ઉપખંડ) ના ચાર સક્રિય સભ્યોની ધરપકડ કરી હતી, જે મૂળ બાંગ્લાદેશના હતા. હાલમાં આ કેસની તપાસ કરી રહી છે. અન્ય આતંકવાદી સંગઠનોના ઘણા આતંકવાદીઓ બાંગ્લાદેશી જેલમાંથી મુક્ત થયા પછી ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહ્યા છે. અનેક ખુલ્લા ડ્રગ કાર્ટેલ સાથે જોડાયેલા ગેરકાયદેસર અતિક્રમણ તોડી પાડવામાં આવ્યા છે. ભૂતકાળમાં, આ વિસ્તારમાંથી અસંખ્ય ડ્રગ કેસ ઉદ્ભવ્યા છે, અને ત્યાં ડ્રગનો વેપાર પ્રચલિત હતો. ઘણા બાંગ્લાદેશી નાગરિકોએ આ પ્રવૃત્તિઓમાં સક્રિય ભૂમિકા ભજવી હતી. નોંધપાત્ર



## ઘુસણખોરો સામે આકરી કાર્યવાહી કરવા રાજયના તમામ જિલ્લાઓને આદેશ

સંખ્યામાં ગેરકાયદેસર બાંગ્લાદેશી રહેવાસીઓની અટકાયત કરવામાં આવી હતી, અને તેમના અતિક્રમણ તોડી પાડવામાં આવ્યા હતા. અમદાવાદ પોલીસે આ કામગીરી દરમિયાન ગેરકાયદેસર બાંગ્લાદેશી રહેવાસીઓના ઘણા ગુનાહિત નેટવર્કને સફળતાપૂર્વક તોડી પાડ્યા છે. આ વિસ્તારમાં કાર્યરત એક મોટા વેશ્યાવૃત્તિ નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. ગયા વર્ષે, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે માનવ તસ્કરીનો કેસ નોંધ્યો હતો જ્યાં એક વ્યક્તિ યુવાન બાંગ્લાદેશી છોકરીઓને લલચાવીને અમદાવાદ શહેરમાં લાવતો હતો, તેમનું શારીરિક શોષણ કરતો હતો અને તેમને વેશ્યાવૃત્તિમાં ધકેલી દેતો હતો. ગયા વર્ષે, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ખોટા અને ગેરકાયદેસર દસ્તાવેજો અને મની લોન્ડરિંગનો કેસ પણ નોંધ્યો હતો, જ્યાં આરોપીઓ અહીં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ દ્વારા પૈસા કમાતા હતા અને તેને ગેરકાયદેસર રીતે બાંગ્લાદેશ ટ્રાન્સફર કરતા હતા. અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ ટૂંક સમયમાં એવા કેસમાં એફઆઈઆર દાખલ કરશે જ્યાં બાંગ્લાદેશી નાગરિકોએ ખોટા દસ્તાવેજો બનાવીને ભારતીય પાસપોર્ટ મેળવ્યા હતા. મુખ્યમંત્રી અને ગૃહ રાજ્યમંત્રીની સૂચનાઓ અને ડીજીપી અને સીપીના માર્ગદર્શન હેઠળ, ચંડોળા વિસ્તારમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓને નાબૂદ કરવા, ભવિષ્યમાં ઘૂસણખોરી અટકાવવા અને ચંડોળા તળાવ જેવી સરકારી મિલકત પર અતિક્રમણ રોકવા માટે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં, ઘૂસણખોરો સામે કાર્યવાહી કરવા માટે તમામ જિલ્લાઓને સૂચના આપવામાં આવી હતી. ઐતિહાસિક અભિયાનમાં ૨૦૦૦ થી વધુ પોલીસકર્મીઓ, એસઆરપીની ૧૫ કંપનીઓ, મ્યુનિસિપલ કોર્પોરેશનના ૧૮૦૦ કર્મચારીઓ, ૭૪ જેસીબી, ૨૦૦ ટ્રક, ઈલેક્ટ્રિશિયનની ૨૦ ટીમો, ૧૦ મેડિકલ ટીમો, ૧૫ ફાયર ટેન્ડરોએ મળીને ૨૦૦૦ થી વધુ ઝૂંપડા/અતિક્રમણ, ૩ ગેરકાયદેસર રિસોર્ટ, ગેરકાયદેસર પાર્કિંગ યુનિટ તોડી પાડ્યા અને રાજ્યના કુદરતી સંસાધન એવા શુદ્ધ કુદરતી જળાશય ધરાવતા વિસ્તારને ફરીથી મેળવ્યો.

### ૨૦૨૫માં રૂ.૨૫૦૦૦ કરોડના ખર્ચે ૫ ગીગાવોટ પાવરનો વધારો

# કચ્છ: ખાવડામાં ૨૦૩૦માં ગ્રીન એનર્જીનો લક્ષ્યાંક પૂરો કરવા અદાણી કટિબધ્ધ !!

**અબતક, કચ્છ**

કચ્છ જિલ્લાના ખાવડામાં અદાણી ગ્રીન એનર્જીએ સ્વચ્છ ઊર્જા ઉત્પન્ન કરવા માટે એક મોટું આયોજન કર્યું છે. કંપનીએ નક્કી કર્યું છે કે તેઓ ૨૦૩૦ સુધીમાં મોટા પ્રમાણમાં ગ્રીન એનર્જી એટલે કે સ્વચ્છ ઊર્જા પેદા કરશે. આ માટે કંપની આ વર્ષે જ ૩.૬૪ બિલિયન ડોલર એટલે કે અંદાજે ૨૫ હજાર કરોડ રૂપિયાથી પણ વધારે ખર્ચ કરીને ૫ ગીગાવોટની ગ્રીન એનર્જી નો વધારો કરશે . ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે અદાણી ગ્રીન જેટલી નવી સ્વચ્છ ઊર્જા પેદા કરશે તે લગભગ ૫૦ ટકા વધારે હશે. કંપનીનો ધ્યેય ૨૦૩૦ સુધીમાં કુલ ૫૦ ગીગાવોટ જેટલી સ્વચ્છ ઊર્જા ઉત્પન્ન કરવાનો છે. આ માટે કંપની પાસે પૈસાની કોઈ કમી નથી અને તેઓ કડક નાણાકીય નિયમોનું પાલન કરીને આ લક્ષ્ય સુધી પહોંચશે તેવું અદાણી ના સીઈઓ આશિષ ખન્નાએ જણાવ્યું હતું વધુમાં કહ્યું કે ૨૦૨૬ સુધીના ખર્ચ માટે કંપની પાસે પૂરતા પૈસા છે, જે દેવું કરીને અને કંપનીના શેરો વેચીને મેળવવામાં આવશે. અદાણી ગ્રીન કચ્છના ખાવડામાં એક વિશાળ પાવર પ્લાન્ટ બનાવી રહી છે, જે 30 ગીગાવોટ જેટલી રિન્યુએબલ એનર્જી એટલે કે પુનઃપ્રાપ્ય ઊર્જા ઉત્પન્ન કરશે.


ગયા સોમવારે કંપનીએ જાહેર કર્યું કે માર્ચ મહિનામાં પૂરા થયેલા ક્વાર્ટરમાં તેમને રૂ. ૩૮૩ કરોડનો નફો થયો છે, જે ગયા વર્ષના આ સમયગાળા કરતાં ૨૩.૫ ટકા વધારે છે. આખા નાણાકીય વર્ષની વાત કરીએ તો કંપનીનો નફો રૂ. ૨,૦૦૧ કરોડ થયો છે, જે ૫૯ ટકા નો મોટો વધારો છે. કંપનીની કુલ આવક પણ વધી છે. છેલ્લા ક્વાર્ટરમાં તેમની આવક ૧૫ ટકા વધીને રૂ. ૩,૨૭૮ કરોડ થઈ છે, જ્યારે આખા વર્ષની આવક ૧૮ ટકા વધીને રૂ. ૧૨,૪૨૨ કરોડ થઈ છે. વીજળી વેચીને કંપનીને જે આવક થઈ છે તેમાં પણ મોટો વધારો જોવા મળ્યો છે. છેલ્લા ક્વાર્ટરમાં આ આવક ૩૭ ટકાથી વધીને રૂ. ૨,૬૬૬ કરોડ થઈ હતી, જ્યારે આખા વર્ષ માટે તે ૨૩ ટકા વધીને રૂ. ૯,૪૯૫ કરોડ થઈ હતી.વીજળીના વેચાણમાંથી કંપનીનો નફો આખા વર્ષ માટે રૂ. ૮,૮૧૮ કરોડને વટાવી ગયો છે, જે ગયા વર્ષ કરતાં ૨૨ ટકા વધારે છે.નાણાકીય વર્ષ ૨૦૨૫ માં અદાણી ગ્રીને ૩.૩ ગીગાવોટ જેટલી નવી ગ્રીનફિલ્ડ ક્ષમતા ઉમેરી છે. આનો મતલબ એ થયો કે દેશમાં જેટલો પણ સોલર પાવર અને પવન ઊર્જાનો વધારો થયો છે, તેમાં અદાણી ગ્રીનનો મોટો ફાળો છે. સોલર પાવરમાં તેમનો ફાળો ૧૬ ટકા અને પવન ઊર્જામાં ૧૪ટકા જેટલો છે. આ વર્ષે ખાવડામાં કંપનીએ ૧,૪૬૦ મેગાવોટની સોલર ક્ષમતા અને ૫૯૯ મેગાવોટની પવન ઊર્જાની ક્ષમતા ઉમેરી છે. આ ઉપરાંત રાજસ્થાનમાં ૧,૦૦૦ મેગાવોટ સોલર અને આંધ્ર પ્રદેશમાં ૨૫૦ મેગાવોટ સોલર ક્ષમતા પણ ઉમેરવામાં આવી છે.

# અમેરિકામાં ભારતીય ઉદ્યોગ સાહસિકે પત્ની-પુત્રને ગોળી ધરબી આપઘાત કર્યો

## મૂળ કર્ણાટકના વતનીએ ભરેલા પગલાં પાછળનું કારણ અકબંધ

**અબતક, રાજકોટ**

૨૪ એપ્રિલના રોજ વોશિંગ્ટનના ન્યૂકેસલમાં આવેલા પોતાના ઘરે મૈસુરના એક ભારતીય મૂળના ઉદ્યોગસાહસિકે કથિત રીતે પોતાની પત્ની અને એક પુત્રની ગોળી મારીને હત્યા નીપજાવ્યા બાદ પોતે પણ આપઘાત કરી લીધાનો બનાવ સામે આવ્યો છે. મૃતકોની ઓળખ ૫૭ વર્ષીય હર્ષવર્ધન એસ કિક્કેરી, ૪૪ વર્ષીય તેમની પત્ની શ્વેતા પન્યામ અને તેમના ૧૪ વર્ષના પુત્ર તરીકે થઈ છે. આ પરિવાર ઘણા વર્ષોથી અમેરિકામાં રહેતો હતો.



કિંગ કાઉન્ટી શેરિફ ઓફિસ અનુસાર ૨૪ એપ્રિલની સાંજે આ બનાવની જાણ થઈ હતી. કિંગ કાઉન્ટી શેરિફ ઓફિસના અહેવાલ મુજબ હર્ષવર્ધનની પત્ની શ્વેતા અને તેમના પુત્રનું મૃત્યુ ગોળીબારથી થયું હતું અને તેમના મૃત્યુને હત્યા તરીકે ગણવામાં આવ્યા હતા. જ્યારે તેમનું મૃત્યુ આત્મઘાતી ગોળીબારથી થયું હતું, જેને આત્મહત્યા તરીકે વર્ગીકૃત કરવામાં આવી હતી. ગુના પાછળનો હેતુ હજુ સુધી જાહેર થયો નથી. આ ઘટનામાં દંપતીનો નાનો દીકરો બચી ગયો હતો. કર્ણાટકના મંડ્યા જિલ્લાના કિક્કેરી ગામના મૂળ વતની હર્ષવર્ધન, મૈસુરુ સ્થિત હાલમાં બંધ થયેલી રોબોટિક્સ કંપની હોલોવર્લ્ડના સીઈઓ હતા.

ભારત પાછા ફર્યા પછી તેમણે ૨૦૧૭ માં તેમની પત્ની સાથે હોલોવર્લ્ડની સહ-સ્થાપના કરી હતી. આ કંપની એઆઈ અને રોબોટિક્સ પર ધ્યાન કેન્દ્રિત કરતી હતી અને ૨૦૨૨ માં બંધ થઈ ગઈ હતી.

# સાબરકાંઠા: તલોદ આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા કર્મીઓનું બહુમાન

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**


તલોદ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ફરજ બજાવતા કર્મીઓને સન્માન કરવા કાર્યક્રમ અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો.કે. એસ.ચારણની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ અંગે વિગતો આપતા અધિક્ષક ડો.જતીન પટેલે જણાવ્યું હતું કે તલોદ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે તબીબથી માડી વર્ગ-૪ સુધીના કુલ ૪૮ કર્મચારીઓ ફરજ બજાવે છે વર્ષ દરમિયાન આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત કુલ ૩૬૦૬ દર્દીઓ ને વિનામૂલ્યે સારવાર આપી રાજ્ય સરકારમાં બે કરોડ રૂપિયાથી વધુના કલેમ કરવામાં આવ્યા છે કર્મચારીઓની ફરજ નિષ્ઠાની કદર કરી આરોગ્ય કેન્દ્ર ખાતે કર્મીઓમાં ફરજ પ્રત્યે નિષ્ઠાની સાથે સાથે પ્રોત્સાહન મળે તે આશયથી કુલ ૪૮ આરોગ્ય કર્મચારીઓની વર્ષ દરમિયાન કામગીરીની સમીક્ષા કરી દસ અધિકારી અને કર્મચારીઓનીને મોમેન્ટો અને પ્રશસ્તિ પત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તલોદ સામૂહિક આરોગ્ય કેન્દ્રના અધિક્ષક ડો.જતીન પટેલ સહિત આરોગ્ય કેન્દ્રનો કર્મચારી ગણ ઉપસ્થિત રહ્યા હતા.



# ભચાઉ ભૂમિ પર કાલે સ્વામિનારાયણ ગુરૂકુલનું શિલાન્યાસ સમારોહ

**અબતક, રાજકોટ**

આજથી ૭૭ વર્ષ પૂર્વે શાસ્ત્રીજી મહારાજ ધર્મજીવનદાસજી સ્વામીએ સૌરાષ્ટ્રના પાટનગર સમાન રાજકોટ શહેરમાં સ્વામિનારાયણ ગુરૂકુલ રાજકોટ સંસ્થાની શરૂઆત કરી. ગ્રામ્ય વિસ્તારના જરૂરિયાતમંદ બાળકોને એક દિવસના એક રૂપિયા ટોકન ફી માં છાત્રાલય સાથે ભોજન વ્યવસ્થા તેમજ શિક્ષણની તમામ સુવિધાઓ બાળકોને પૂરી પાડવામાં આવે છે.



કચ્છ-ભુજ જિલ્લાના ભચાઉ શહેરમાં ગુરુકુલની નૂતન શાખા શરૂ કરવાનું આયોજન કર્યું છે. જેમાં શહેર અને ગ્રામ્ય વિસ્તારના બાળકોને સંસ્કારયુક્ત શિક્ષણનો વિશેષ લાભ મળે તેમજ જરૂરિયાતમંદ લોકોને સામાજિક સેવાના વિવિધ પ્રકલ્પોનો લાભ મળે તેવા ઉમદા હેતુથી ગુરુકુલ નો પ્રારંભ કરવામાં આવેલ છે. તા.૧ મે ૨૦૨૫ના રોજ સાંજે ૫ વાગ્યે આહીર સમાજ ની વાડી પાછળ, ભુજ રોડ, ભચાઉ ખાતે શિલાન્યાસ સમારોહનું પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય મહંત સ્વામી દેવપ્રસાદદાસજી સ્વામીના દિવ્ય સાનિધ્યમાં આયોજન કરવામાં આવેલ છે. જેમાં પુ. ઘનશ્યામ સ્વામી, નારાયણ પ્રસાદ સ્વામી, જ્ઞાન સ્વરૂપ સ્વામી, ધર્મ વલ્લભ સ્વામી, પ્રભુ ચરણ સ્વામી, કૃષ્ણ પ્રિય સ્વામી વગેરે સંતોની પાવન ઉપસ્થિતિ રહેશે. પ્રફુલભાઈ પાનસુરીયા, વિનોદભાઈ ચાવડા વગેરે રાજકીય આગેવાન તથા દેશ વિદેશના સામાજિક મહાનુભાવો તેમજ વિશિષ્ટ અધિકારીઓ હરિભક્તો ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગે ત્રીદિનાત્મક અખંડ ધૂન, જનમંગલ યજ્ઞ. ભગવાન સ્વામિનારાયણની ચરણ પાદુકાનું પૂજન,જળા અભિષેક વગેરે આધ્યાત્મિક કાર્ય સંપન્ન થશે.આ આદર્શ માનવ નિર્માણનાં મહાન પુનિત સેવા કાર્યનાં સાક્ષી બનવા ગુરુકુલ પરિવાર દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# પોરબંદર જિલ્લા ભાજપ પ્રમુખનો તાજ ડો. ચેતનાબેન તિવારીના શીરે

## ગાંધીનગર શહેર, પંચમહાલ જિલ્લા, પોરબંદર જિલ્લા, ખેડા જિલ્લા, વડોદરા જિલ્લા અને અમદાવાદ શહેરના પ્રમુખના નામ જાહેર: હવે સંગઠનની ટીમ જાહેર કરાશે

**અબતક,રાજકોટ**

ભાજપ દ્વારા રાજયના તમામ ૩૩ જિલ્લા અને આઠ મહાનગરોમાં પ્રમુખની વરણીની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. આગામી દિવસોમાં તમામ સ્થળોએ સંગઠન રચનાની કામગીરી હાથ પર લેવામાં આવશે. પ્રદેશ ભાજપ અધ્યક્ષની નિયુકતીમાં હજી એકાદ પખવાડીયાથી વધુ સમય નિકળી જવાની શકયતા જણાય રહી છે. જિલ્લા અને શહેર પ્રમુખના નામની જાહેરાત કરાયા બાદ હવે સંગઠનની ટીમ જાહેર કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે.

ભાજપ દ્વારા માર્ચ માસમાં રાજયના અલગઅલગ ૩૫ જિલ્લા અને શહેર પ્રમુખના નામ જાહેર કરી દેવામાં આવ્યા હતા ચાર જિલ્લા અને બે શહેરના પ્રમુખોના નામ જાહેર કરવામાં આવ્યા ન હતા. ગઈકાલ સવારથી બાકી રહેતા જિલ્લા અને શહેરો માટે પ્રમુખોના નામ જાહેર કરવાનું શરૂ કરવામાં આવ્યું હતુ. રાત સુધીમાં બાકી રહેતા તમામ ૬ જિલ્લા અને શહેર માટે પ્રમુખના નામ જાહેર કરી દેવામાં આવ્યા હતા. જેમાં ગાંધીનગર શહેર ભાજપ પ્રમુખ તરીકે આશિષભાઈ દવેની, પંચમહાલ જિલ્લાના પ્રમુખ તરીકે મયંકભાઈ દેસાઈની, પોરબંદર જિલ્લાના પ્રમુખ તરીકે ડો. ચેતનાબેન રૂપારેલ (તિવારી)ની, ખેડા જિલ્લાના પ્રમુખ તરીકે નયનાબેન પટેલ, વડોદરા જિલ્લા પ્રમુખ તરીકે રસિકભાઈ પ્રજાપતિ અને અમદાવાદ શહેર ભાજપના પ્રમુખ પદે પ્રેરકભાઈ શાહની નિયુકતી કરવામાં આવી છે.

અગાઉ ૩૫ જિલ્લા અને શહેર પ્રમુખની નિયુકતી કરાયા બાદ એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે તમામ જિલ્લા અને શહેરમાં સંગઠનની ટીમ નવા પ્રદેશ અધ્યક્ષની નિયુકતી કરાયા બાદ જાહેર કરવામાં આવશે. પરંતુ આતંકી હુમલા બાદ હવે પ્રદેશ પ્રમુખની નિયુકતી પાછી ઠેલાઈ તેવું લાગી રહ્યું છે. આવામાં હવે સંગઠનની ટીમ પ્રદેશ પ્રમુખની નિયુકતી પહેલા જ જાહેર કરી દેવામાં આવશે.

# ચીને ચીલીમાં અવકાશી વેધશાળા બનાવતા અમેરિકા આગબબુલા

## અમેરિકન દેશોની ગુપ્ત માહિતી એકત્ર કરવા ચીન આવા નવા તૂત કરી રહ્યું હોવાના અમેરિકાના આક્ષેપ

**અબતક, નવી દિલ્હી**

દક્ષિણ અમેરિકન દેશ ચિલીમાં ચીનના સહયોગથી બનાવવામાં આવી રહેલી અવકાશ વેધશાળા અંગે અમેરિકાની ચિંતા વધી રહી છે. ચીને આ અંગે અમેરિકા પર નિશાન સાધ્યું છે. ચિલીની રાજધાની સેન્ટિયાગોમાં ચીનના રાજદૂત નીયુ કિંગબાઓએ યુનાઈટેડ સ્ટેટ્સ પર ચિલીના ભાગીદારો પસંદ કરવાના અધિકારમાં દખલ કરવાનો અને પ્રોજેક્ટ વિશે ખોટી માહિતી ફેલાવવાનો આરોપ મૂક્યો.

ચીનની રાષ્ટ્રીય ખગોળશાસ્ત્રીય વેધશાળા અને ચિલીની કેથોલિક યુનિવર્સિટી ઓફ ધ નોર્થે એક કરાર હેઠળ અટાકામા રણમાં અવકાશ વેધશાળા પર કામ શરૂ કર્યું છે. અહીં બનાવવામાં આવી રહેલા ઉચ્ચ-રિઝોલ્યુશન ટેલિસ્કોપથી પૃથ્વીની નજીકના એસ્ટરોઇડ અથવા ધૂમકેતુઓ જોવા મળશે. અમેરિકી અધિકારીઓનું કહેવું છે કે આવી અવકાશ વેધશાળાઓ દ્વારા ચીન ગુપ્ત માહિતી એકત્રિત કરવાની પોતાની ક્ષમતા વધારી શકે છે. જોકે, ચીન આ પ્રોજેક્ટનો કોઈ લશ્કરી હેતુ હોવાનો ઈનકાર કરે છે. ચીનના રાજદૂત નીયુએ કહ્યું કે ચીનને ભૂરાજનીતિમાં કોઈ રસ નથી. તેમણે ભૂ-રાજકીય દલીલોનો હવાલો આપીને ચીની પ્રોજેક્ટ્સને બદનામ કરીને અમેરિકા પર તણાવ વધારવાનો આરોપ લગાવ્યો.

તેમણે દાવો કર્યો હતો કે પ્રસ્તાવિત વેધશાળા ઉત્તરી ચિલીમાં સ્થિત અન્ય ઘણા ટેલિસ્કોપ જેવી જ પ્રકૃતિની છે. અમે ઘટનાક્રમ પર નજીકથી નજર રાખી રહ્યા છીએ અને આશા રાખીએ છીએ કે ચિલીનો પક્ષ યુએસ હસ્તક્ષેપનો અંત લાવશે અને શક્ય તેટલી વહેલી તકે પ્રોજેક્ટના અમલીકરણને મંજૂરી આપશે. ચીન ઘણા ક્ષેત્રોમાં રોકાણ વધારી રહ્યું છે. અમેરિકામાં ચીનના વધતા પ્રભાવને લઈને વોશિંગ્ટનમાં ચિંતા વધી છે. ચીન લેટિન અમેરિકામાં માળખાગત સુવિધાઓ બનાવી રહ્યું છે. ઉપરાંત, કૃષિ, ઉર્જા, ખાણકામ અને અન્ય ક્ષેત્રોમાં રોકાણ વધી રહ્યું છે. અમેરિકાને દૂર કરતી વખતે. ચિલીમાં યુએસ એમ્બેસેડર બ્રાન્ડન જુડે લેટિન અમેરિકાના સૌથી સમૃધ્ધ અને સ્થિર દેશોમાંના એકમાં ચીનના વધતા પ્રભાવ અંગે ચિંતા વ્યક્ત કરી. તેમણે કહ્યું કે તેઓ ચિલીને સમજાવવાનો પ્રયાસ કરશે કે આપણે એક સારા વેપારી ભાગીદાર છીએ.

# મારવાડી સહિત રાજ્યની ૧૦ ખાનગી યુનિ.ને સેન્ટર ઓફ એક્સલેન્સમાં સ્થાન

## આ દરજ્જા પછી હવે માત્ર ૨૫ ટકા બેઠકો જ પ્રવેશ સમિતિએ ભરવાની રહેશે: ટેકનિકલ કોર્સની ૭૫ ટકા બેઠકો કપાશે

**અબતક, રાજકોટ**



રાજ્યની ખાનગી યુનિવર્સિટીઓને સેન્ટર ઓફ એક્સલેન્સનો દરજ્જો આપવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ચુકી છે. સરકાર દ્વારા આગામી ૬ વર્ષ માટે કુલ ૧૦ યુનિવર્સિટીઓને આ દરજ્જો આપવાની જાહેરાત કરી દેવામાં આવી છે. ગતવર્ષે કુલ ૭ યુનિવર્સિટીઓ આ દરજ્જો ધરાવતી હતી જેમાં ૩ યુનિવર્સિટીઓનો વધારો કરાયો છે. મહત્વની વાત એ કે, આ યુનિવર્સિટીઓમાં ચાલતાં ટેકનિકલ કોર્સની બેઠકો પૈકી માત્ર ૨૫ ટકા બેઠકો જ પ્રવેશ સમિતિએ ભરવાની રહેશે. એટલે કે બાકીની બેઠકો પર જે તે સંસ્થા પોતાની રીતે પ્રવેશ કાર્યવાહી કરી શકશે.અત્યાર સુધી આ તમામ યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા ટેકનિકલ કોર્સની તમામ બેઠકો પ્રવેશ સમિતિ દ્વારા ભરવામાં આવતી હતી. આ દરજ્જો મળ્યા પછી તેમાં કરાયેલી જોગવાઈ પ્રમાણે હવે માત્ર ૨૫ ટકા બેઠકો જ પ્રવેશ સમિતિએ કેન્દ્રીય પ્રવેશ પધ્ધતિથી ભરવાની થશે. એટલે કે અત્યાર સુધી આ તમામ યુનિ.ઓમાં આવેલી ટેકનિકલ એટલે કે ઈજનેરી, ફાર્મસી, એમબીએ-એમસીએ સહિતના કોર્સની તમામ બેઠકો પ્રવેશ સમિતિના માધ્યમથી ભરવામાં આવતી હતી. આ દરજ્જા પછી હવે માત્ર ૨૫ ટકા બેઠકો જ પ્રવેશ સમિતિએ ભરવાની રહેશે. એટલે કે ૭૬ ટકા બેઠકો પ્રવેશ સમિતિ દ્વારા મેરિટના ધોરણે ભરવામાં આવતી હતી તે બેઠકો પર હવે જે તે સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓને સીધા પ્રવેશ ફાળવાશે. એટલું જ નહીં, આ સંસ્થાઓના ટેકનિકલ કોર્સની ફી પણ ફી રેગ્યુલેટરી કમિટીના બદલે સંસ્થાઓએ જાતે જ નક્કી કરવાની રહેશે. સૌથી મહત્વની વાત એ કે, અત્યાર સુધી માત્ર ત્રણ વર્ષ માટે આ પ્રકારનો દરજ્જો આપવામાં આવતો હતો હવે આ મુદત વધારીને ૬ વર્ષની કરાઈ છે. અગાઉ ૩૩ ટકા બેઠકો કેન્દ્રીય પ્રવેશ પધ્ધતિથી ભરાતી હતી અને ૬૭ ટકા બેઠકો જે તે યુનિવર્સિટી જાતે ભરતી હતી. આમ હવે માત્ર ૨૫ ટકા બેઠકો જ પ્રવેશ સમિતિ પાસે રહેતા મેરિટના આધારે જે વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવતાં હતા તેમને ભારે નુકસાન થશે. પ્રવેશ સમિતિ દ્વારા ભરવામાં આવતી સરકારી બેઠકો ઓછી થતાં સરવાળે હોશિયાર વિદ્યાર્થીઓએ નુકસાન થશે. આ ઉપરાંત જે તે સંસ્થાઓને થતી ફીની કુલ આવક પૈકી ૩થી ૫ ટકા સ્કોલરશીપ આપવી પડશે. કુલ સ્કોલરશીપ પૈકી ૨૦ ટકા ગુજરાત ડોમિસાઈલ વિદ્યાર્થીઓને આ સ્કોલરશીપનો લાભ આપવાનો રહેશે.

### રાજ્યમાં કઈ કઈ સંસ્થાને સેન્ટર ઓફ એક્સલેન્સનો દરજ્જો

(૧)અમદાવાદ યુનિવર્સિટી (૨) અનંત યુનિવર્સિટી (૩) સેપ્ટ યુનિવર્સિટી (૪) ચરોતર યુનિવર્સિટી (૫) ધીરૂભાઈ અંબાણી યુનિવર્સિટી (૬) ગણપત યુનિવર્સિટી (૭) મારવાડી યુનિવર્સિટી (૮) નિરમા યુનિવર્સટી (૯) પારુલ યુનિવર્સિટી અને (૧૦) પંડિત દિનદયાળ એનર્જી યુનિવર્સિટી

# સોનાને લાગે ક્યાંથી કાટ:અક્ષય તૃતીયાએ સોનાની ખરીદીમાં બજાર ગરમ

## ૧૮ કેરેટ અને ૨૨ કેરેટમાં વીંટી, બુટ્ટી ,બ્રેસલેટ, ચેઈન જેવી ડેલીકેટેડ આઈટમની ખરીદીની વધુ પસંદગી

તસ્વીર: શૈલેષ વાડોલીયા

**અબતક રાજકોટ**

અક્ષય તૃતીયા એટલે વર્ષના ચાર મહત્વના મુહૂર્તમાં નું એક શ્રેષ્ઠ મુહૂર્ત ગણવામાં આવે છે આજે દેશભરમાં અક્ષય તૃતીયા ઉજવવામાં આવે છે

અક્ષય તૃતીયાના ખાસ પ્રસંગે સોનું ખરીદવું શુભ માનવામાં આવે છે. આજના દિવસે ઘણા ઝવેરીઓ સોનાની ખરીદી પર ઘણી ડીલ્સ અને ડિસ્કાઉન્ટ આપી રહ્યા છે. છેલ્લા ઘણા દિવસોથી ક્યારેક સોનાના ભાવમાં ભારે વધારો થયો છે, તો ક્યારેક સોનાના ભાવમાં ઘટાડો થયો છે. આ દિવસોમાં, અમેરિકા અને ચીન વચ્ચે ચાલી રહેલા ટેરિફ વોરમાં સોનાના ભાવમાં તેજી આવી છે. જેના કારણે ગયા અઠવાડિયે દેશના વાયદા બજારમાં સોનાના ભાવમાં રેકોર્ડબ્રેક વધારો થયો હતો. સોનાનો ભાવ ૧ લાખ રૂપિયાને પાર કરી ગયો હતો અને પછી ઘટાડો પણ થયો હતો આજના દિવસે ખાસ કરીને નાની અને ડેલીકેટ આઈટમ ની ખરીદી કરવામાં આવી હતી જેમાં બુટ્ટી ,વીંટી ડેલિકેટ ચેન,બ્રેસલેટ તેમજ એક બે પાંચ ગ્રામ સુધીની ખરીદી કરવામાં આવી હતી સોનાના ભાવના વધારાને કારણે મોટા દાગીનાની ખરીદીનું પ્રમાણ ઘટ્યું હતું

### મેકિંગ ચાર્જ પર ૪૦૦૦ની છૂટ:રાધિકા જવેલર્સ મેનેજર મુકેશભાઈ



અબ તક સાથેની વાતચીતમાં રાધિકા જ્વેલર્સના જનરલ મેનેજર મુકેશભાઈ જણાવ્યું હતું કે અક્ષય તૃતીયાનું પરંપરા અને આપણી સંકૃતિ નું મુજબ અક્ષય તૃતીયા દિવસે સોના અને ચાંદી માટે મુર્હત જોવું પડતું નથી.આમ અક્ષય તૃતીયાની દિવસે કહેવાય છે કે વણજોયું મુહૂર્ત હોય છે તે દિવસે ખરીદી કરવી ખૂબ શુભ ગણવામાં આવે છે. સોનાના ભાવને વધારાને કારણે અત્યારે બજારમાં ઘરાકી નો માહોલ ઠંડો છે. ભાવમાં તેજીને લીધે આજે પણ દર વર્ષ જેવી હજી ઘરાકી નીકળી નથી. લગ્નની સીઝન શરૂ હોવા છતાં ભાવ વધારેના લઈ ૫૦ ટકા જેટલો ખરીદી ઓછી છે. જવેલર્સમા દરેક વસ્તુ મળી જાય છે.અત્યરે સોનાના બિસ્કિટનો ભાવ ૯૯ હાજર થી ૧ લાખ સુધી છે. ૧૦ ગ્રામ સોનાના ભાવ હાલ ૮૮,૦૦૦ ની પાર છે રાધિકા જ્વેલર્સમા અક્ષય તૃતીયાના દિવસે ભાવ વધારે ને લઈને ૪ હજાર રૂપિયા મેકિંગ ચાર્જ ઉપર ડિસ્કાઉન્ટ રાખવામાં આવ્યું છે.

### શિલ્પા જ્વેલર્સના સાત વર્ષ બાદ સ્કેચ એન્ડ વિનની ઓફર: શિવમ પારેખ



અબતક મીડિયા સાથેની વાતચીતમાં શિલ્પા લાઈફ સ્ટાઈલ ના શિવમ પારેખ એ જણાવ્યું હતું કે અક્ષય તૃતીય દિવસ એટલે કે સોનાની જ્વેલરી ખરીદવા માટેનું શુભ દિવસ આજના દિવસે લોકો સારા મુહૂર્તમાં સોનાની ખરીદી કરતા હોય છે ત્યારે આ વખતે સોનાની કિંમતમાં વધારો થયો છે એટલે થોડો માહોલ અલગ જોવા મળે છે છતાં પણ કિંમત વધવા છતાં એટલી અસર થઈ નથી અને લોકોને પણ સોનાનો ભાવ સ્વીકાર્ય થવા લાગ્યા છે. જેથી સોનાને ઈન્વેસ્ટ પણ કરવા લાગ્યા છે. અત્યારે રોજિંદા જીવનમાં પણ પહેરી શકાય તેવા પ્રકારના ઘરેણાની માંગ જોવા મળે છે સાથે જ બ્રાઈડલ જ્વેલરી લેતા હોય છે ત્યારે તેની વેલ્યુ , વેરાબીલીટી પણ જોવાતી હોય છે. આ વર્ષે પણ દર વર્ષની જેમ સોનાની ખરીદીનો માહોલ ખૂબ જ સરસ રહ્યો. આજે ૨૪ કેરેટ સોનાના ભાવ અંદાજે ૧ લાખ રૂપિયા જેટલો છે હાલ સોનાના ભાવ વધ્યા છે પરંતુ ગ્રાહકો આ ભાવને સ્વીકાર્ય છે. શિલ્પા જ્વેલર્સ માં ૨૨ કેરેટ, ૧૮ કેરેટ , ૧૪ કેરેટ એન્ટીક જ્વેલરી સાથે પોલકી ડાયમંડ , સહિતનું અલગ-અલગ ક્રિએશન કરવામાં આવે છે. અક્ષય તૃતીય ના દિવસે શિલ્પા જ્વેલર્સ ખાતે પાંચ થી સાત વર્ષ બાદ સ્કેચ એન્ડ વિન ની ઓફર પણ રાખવામાં આવી છે જેમાં ૧૦% થી લઈને ૧૦૦ ટકા સુધીના સ્કેચ એન્ડ ના ઓપ્શન મળી રહે છે. ત્યારે ગ્રાહકોને વધારે ૩૦ થી ૪૦% ના કાર્ડ નીકળે છે જેનાથી ગ્રાહકોને બેનિફિટ મળી રહે છે

# ICSE ધોરણ ૧૦નું ૯૯.૦૨ ટકા પરિણામ:૨.૫૦ લાખ વિદ્યાર્થીઓ ઉતીર્ણ

## ધોરણ ૧૨માં વિદ્યાર્થીઓનું ૯૮.૬૪ ટકા પરિણામ જયારે વિદ્યાર્થીનીઓનું ૯૯.૪૫ ટકા પરિણામ આવ્યું: કુલ ૯૯,૫૫૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી જેમાંથી ૯૮,૫૭૮ વિદ્યાર્થીઓ પાસ થયા

**અબતક, રાજકોટ**

ICSE ૧૦માનું પાસ થવાનું પ્રમાણ ૯૯.૦૨ ટકા જયારે ૯૯.૩૭ ટકા છોકરીઓ અને ૯૮.૮૪ ટકા છોકરાઓ પાસ થયા. બીજીબાજુ ISC ધોરણ ૧૨ માં, છોકરીઓનું પરિણામ છોકરાઓ કરતા સારું હતું. છોકરાઓનો પાસ થવાનો દર ૯૮.૬૪% રહ્યો, જ્યારે છોકરીઓનો પાસ થવાનો દર ૯૯.૪૫% રહ્યો. કુલ ૯૯,૫૫૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૯૮,૫૭૮ વિદ્યાર્થીઓ પાસ થયા છે.

CISCE ISC ધોરણ ૧૨ અને ICSE ધોરણ ૧૦નું પરિણામ આજે ૧૧ વાગ્યે તેમની ઓફિશ્યલ વેબસાઈટ પર જાહેર થયું હતું. cisce.org અને DigiLocker. CISCE વેબસાઈટ પર પરિણામ ચેક કરી શકાશે. ઉપરાંત ધોરણ ૧૦ અને ૧૨ પરિણામ જાહેર થયા બાદ પુનઃચેકિંગ માટેની વિન્ડો આજે પરિણામોની ઘોષણા પછી એક્ટિવ થયા હતા. જે વિદ્યાર્થીઓએ તેમની ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષાઓ ૨૦૨૫ માટે આપી હતી તેઓ cisce.org, results. cisce.org અને DigiLocker પરથી ICSE અને ISC ૨૦૨૫ પરિણામો ડાઉનલોડ કરી શકે છે.આઈએસસી ધોરણ ૧૨ ની પરીક્ષા ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ શરૂ કરવામાં આવી હતી, અને ૫ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ સમાપ્ત થઈ હતી. આઈસીએસઈ ધોરણ ૧૦ની પરીક્ષા ૧૮ ફેબ્રુઆરીના રોજ શરૂ થઈ હતી અને ૨૭ માર્ચ, ૨૦૨૫ ના રોજ સમાપ્ત થઈ હતી. ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ પરિણામ પુનઃપરીક્ષણ વિન્ડો આજે પરિણામોની ઘોષણા પછી એક્ટિવ થયું અને તે ૪ મે, ૨૦૨૫ સુધી ઉપલબ્ધ રહેશે. ઉમેદવારો કે જેઓએ જે વિષયો માટે અરજી કરી હતી તેના પુનઃપરિણામથી સંતુષ્ટ નથી, તેઓને ફક્ત તે વિષયોની તેમની ઉત્તરવહીઓ અથવા પેપરોના પુનઃમૂલ્યાંકન માટે અરજી કરવાની પરવાનગી આપવામાં આવશે. જે ઉમેદવારો પરીક્ષાના તે જ વર્ષમાં તેમના ગુણ સુધારવા ઈચ્છે છે, તેઓ વધુમાં વધુ બે વિષયોમાં સુધારણા પરીક્ષા આપી શકે છે. ICSE અને ISC ૨૦૨૫ સુધારણા પરીક્ષા જુલાઈ ૨૦૨૫ માં લેવામાં આવશે, CISCE એ જણાવ્યું હતું.પરિણામ ઈન્ટરનેટ વિના પણ જોઈ શકાય છે. વેબસાઈટ ઉપરાંત વિદ્યાર્થીઓ એસએમએસ દ્વારા પણ તેમનું પરિણામ જોઈ શકશે. આ માટે, તેઓએ તેમના મોબાઈલના મેસેજ બોક્સમાં ICSE ટાઈપ કરવાનું રહેશે અને સ્પેસ આપ્યા પછી, તેમનો સાત અંકનો ID ટાઈપ કરવો પડશે અને તેને ૦૯૨૪૮૦૮૨૮૮૩ પર મોકલવો પડશે. ઉદાહરણ તરીકે, ICSE ૧૨૩૪૫૬૭ થોડીવાર પછી મોબાઈલ પર મેસેજ તરીકે પરિણામ પ્રાપ્ત થશે.

### આ રીતે ચકાસો પરિણામ

પરિણામ તપાસવા માટે, પ્રથમ સત્તાવાર વેબસાઈટ cisce.org પર જાઓ.

વેબસાઈટના હોમપેજ પર ''પરિણામો'' વિભાગ પર ક્લિક કરો.

તમારો વર્ગ (ICSE) પસંદ કરો.

યુનિક આઈડી, ઈન્ડેક્સ નંબર વગેરે જેવી જરૂરી વિગતો ભરો.

સબમિટ બટન પર ક્લિક કર્યા પછી તમારું પરિણામ સ્ક્રીન પર દેખાશે.

જો વિદ્યાર્થીઓ ઈચ્છે તો તેઓ પરિણામની પ્રિન્ટઆઉટ અથવા પીડીએફ ડાઉનલોડ પણ કરી શકે છે.

## કદમ કદમ મિલાયે જા.... રખ હોંસલા... તુમ્હે વક્ત બદલના હૈ

# વિશ્વભરમાં રંગીલા રાજકોટવાસીઓનો જલવો: કલા-કૌશલ્ય થકી ઈતિહાસ

## શહેરમાં એક નહીં, પરંતુ અનેક એવી વિભૂતિઓ જેમણે વિવિધ ક્ષેત્રોમાં પોતાની આગવી ઓળખ બનાવી ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ અને લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મેળવીને ''રાજકોટ''નું નામ વિશ્વ ફલક પર રોશન કર્યું: અબતક સાથેની શુભેચ્છા મુલાકાતમાં તેજસ્વી હિરલાઓએ સમગ્ર માહિતીની કરી આપલે



તસ્વીર: શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

માનવ એ ઈશ્વરની સર્વોત્તમ રચના છે. પરંતુ કેટલાક જુજ મનુષ્યો તો ઈશ્વરે એવા ઘડયા છે, જે સમગ્ર માનવજાતિ એક ચમત્કાર જેવા હોય છે. જેનામાં ઈશ્વર કોઈ એક એવું અનોખું તત્વ મુકેલ હોય છે, જે પૃથ્વી પરના તમામ અન્ય કરતા તેને જુદું જ બનાવે છે. ટૂંકમા આવા લોકો પૃથ્વી પર ખુબ જ જુ જ હોય છે. આવ જ લોકોનાં કાર્યને વિશ્વ કક્ષાએ ગીનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ અને રાષ્ટ્ર કક્ષાએ લિમ્કા બુક ઓફ રેકોર્ડઝ પોતાની પ્રતિષ્ઠિત રેકોર્ડ બુકમાં સ્થાન આપી તેઓનું બહુમાન કરે છે. સૌરાષ્ટ એ તો સુરા અને ભકતોની ભૂમિ તરીકે ઓળખાય છે.

જેનું પાટનગર એટલે રાજકોટ આપણું શહેર, રાજકોટ શહેર માટે ગૌરવ લેવા જેવી વાત એ છે કે અહી એક નહિ પણ અનેક એવા વ્યકિતઓ છે, જેઓએ કોઈ વિશિષ્ટ ક્ષેત્રમાં અનોખું ખેડાણ કરી ગીનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ અને લિમ્કા બુક ઓફ રેકોર્ડઝમાં આપણા શહેરનું નામ રોશન કર્યું છે, જે ખરેખર આજના સમયના જવેલ્સ ઓફ સૌરાષ્ટ્ર છે. જેઓનો જન્મ આ રાજકોટમાં થયેલ છે.

જેમણે વિવિધ ક્ષેત્રોમાં પોતાની આગવી ઓળખ બનાવી છે અને ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ અને લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મેળવીને રાજકોટનું નામ વિશ્વ ફલક પર રોશન કર્યું છે. અબતક સાથેની શુભેચ્છા મુલાકાતમાં ડોક્ટર દીપક શર્મા નિકુંજ વાગડિયા ડોક્ટર હિમાંશુ ઠક્કર વિશાલ નાગાણી બીટ્ટુ ગાંધી હરેશ ઝવેરી અ સમગ માહિતી આપી હતી. તેમનું યોગદાન અને સિદ્ધિઓ માત્ર રાજકોટ માટે જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાત અને દેશ માટે પ્રેરણાદાયી છે. તેઓ યુવા પેઢી માટે એક ઉત્તમ ઉદાહરણ છે કે દ્રઢ નિશ્ચય અને સખત પરિશ્રમથી કોઈપણ લક્ષ્યને પ્રાપ્ત કરી શકાય છે.

### નાક, કાન, અને ગળાની જટિલ સર્જરી કરી હજારો દર્દીઓને નવજીવન આપતા ડો.હિમાંશુ ઠક્કર



અબતક સાથેની વાતચીતમાં ડોકટર હિમાંશુ ઠક્કરે જણાવ્યું હતું કે વિશ્વ ક્ષેત્રે નાક, કાન અને ગળાના જૂજ સફળ તબીબોમાં તેઓનું નામ માનભેટ લેવામાં આવે છે. કારણકે આ ક્ષેત્રમાં જોવા મળતા દુર્લભ રોગો અને તકલીફો કે જેમાં દર્દીના મૃત્યુ કે ખોડ-ખાંપણની સંભાવના રહેલી છે તેવા રોગોની જટિલ સર્જરીઓ સફળપૂર્વક પાર પાડી લાખ્ખો દર્દીઓને નવું અને આનંદમય જીવન આપ્યું છે. તાજેતરમાં જ તેમણે એક દર્દીના નાકમાંથી દૂરબિન વડે 8 cms x 25 cms મોટી મસો કાઢી મેડીકલ મારવૈશ શ્રેણીમાં લિમ્કા બુક ઓફ રેકોર્ડઝમાં પોતાનું નામ દર્જ કરાવ્યું છે. આ ઉપરાંત તેઓએ ઈન્ડીયા બુક ઓફ રેકોર્ડઝમાં પણ રેકોર્ડ નોંધાવ્યો હતો. જેમાં એક બાળકનો શ્વાસનળીમાં સાત વર્ષથી ફસાયેલ પ્લાસ્ટિકની સિસોટી દુરબિન વડે કાઢી આપવાની સફળ સર્જરી કરી આપી હતી.

### ૧૮૦ અંશના ખૂણે પગ વાળી ઉલ્ટા પગે આગળ-પાછળ ચાલવાનું વિરલ કૌશલ્ય ધરાવતા બીટ્ટુ ગાંધી



બીટ્ટુ ગાંધીએ જણાવ્યું હતું કે, હાડકા મેડીકલ મિસ્ટ્રી જેવા છે જેઓ પોતાનો પંજો કોઈપણ વિશેષ પ્રયત્ન કે તકારીક વિના ૧૮૦ અંશના ખૂણે પગ વાળી ઉલટા પગે આગળ અને પાછળ ચાલવા જેવા વિરલ કૌશલ્યનો સમાવેશ થાય છે. આ અંતર્ગત પગને ૧૮૦ અશના ખૂણે વાળી ૨૦૮૫ પગલા ઉલટા ચાલવા માટે તેઓનો નામે લિમ્કા બુક બીફ રેકોર્ડઝમાં બને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડઝમાં રાષ્ટ્રીય વિક્રમ દર્જ થયેલ છે.

### ૬૦૦૦ ટાઈનો સંગ્રહ કરી ટાઈમેન તરીકે ઓળખાતા ડો.દીપક શર્મા



ડો. દીપક શર્મા જણાવ્યું હતું કે મને ટાઈમેન તરીકે ઓળખવામાં આવે છે. ૧૬ વર્ષના સમયગાળામાં તેમને ૬૦૦૦ ટાઈનો પ્રભાવશાળી સંગ્રહ કર્યો છે. આ ઉપરાંત ચેસ,સ્વિમિંગ સહિતની પ્રવૃત્તિઓમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ સ્થાન મેળવ્યું છે. આ કૌશલ્યના કારણે તેઓનું નામ ગીનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ, લિમ્કા બુક ઓફ રેકોર્ડઝ અને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડઝમા દર્જ કરવામાં આવ્યું છે. તેઓના એક નહીં પણ આવા અનેક વિશ્વવિક્રમો છે

### ગાણિતીક ગણતરીમાં એ.આઈ.ને હંફાવી દેતા વિશાલ નાગાણી



ગાણિતિક ગણતરીમાં એઆઈને હંફાવી દેતો વિશાલ નાગાણી આપણા રંગીલા રાજકોટ ની શાન સમો છે, વિશાલ નાગાણી જે એક થી સો કરોડ સુધીના કોઈપણ ગુણાકાર કામ્પ્યુટર ગણો આપે તે પહેલા તમને મોઢે જ કરી આપે છે, એક થી સો કરોડ સુધીના ગુણાકાર કરી શકું છું તેઓના અદભુત કૌશલ્ય દ્વારા લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સ અને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સમાં અનન્ય સ્થાન મેળવ્યું છે

### તલના દાણા જેવડું વિશ્વનું નાનું પુસ્તક અંગુઠા જેવડા કદના રામાયણ, મહાભારત અને કુરાનનાં પુસ્તકોની રચના કરતા નિકુંજ વાગડીયા



નિકુંજ વાગડિયા જણાવ્યું હતું કે રાજકોટના વિશ્વ પ્રખ્યાત મીનીએચર આર્ટીસ્ટ, આંતરાષ્ટ્રીય પતંગવીર, બાળ કેળવણીકાર, એજ્યુકેશનલ ટોય રીસર્ચર અને ઈનોવેટર અને બાળ છબીકલાકાર (ફોટોગ્રાફર) છે જેઓએ હથેળીમાં સમાઈ જાય, તેવડા કદના આશરે ૩૦૦ યુકડા પુસ્તકો નરી આંખે લખી, ગીનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ અને લિમ્કા બુક ઓફ રેકોર્ડઝમા નામ દર્જ કરાવ્યું છે. તેઓને કેન્દ્ર સરકાર દ્વારા ટોયકેથન રાષ્ટ્રીય પુરસકાર પ્રાપ્ત થયો છે. આ અનોખા ઉપકરણોની પેટન્ટ લેવા માટે પણ સરકાર દ્વારા તેઓને ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે રાજ્ય સરકાર દ્વારા તેઓને ગુજરાતનું પ્રતિષ્ઠિત નાગરિક સન્માન ગૌરવ પુરસ્કાર એનાયત કરવામાં આવેલ છે.

### પ્રકૃતિના ખોળે લેહ - લદાખ તેમજ દુર્ગમ વિસ્તારોમાં બાઈકીંગ સાયકલિંગ કરી લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મેળવતા હર્ષ ઝવેરી



હર્ષ ઝવેરીએ જણાવ્યું હતું કે, ગોલ્ડ એન્ડ ડાયમંડના વ્યવસાય સાથે સંકળાયેલ વેપારી છે પરંતુ સ્વસ્થ રહેવું પ્રકૃતિના અને કુદરતના ખોળે રહેવુ તેઓનો આગવો શોખ છે. તેઓ ફુરસદના સમયમાં બાઈકિંગ, સાઈકલીંગ, સ્વીમીંગ અને ટ્રેકિંગ જેવો અનોખો શોખ પરાવે છે.

કાશ્મીરના લેહ - લદાખ વિસ્તારના સૌથી દુર્ગમ અને વિશ્વમાં સૌથી ઉંચા કહેવાતા ૧૮૩૮૦ ફૂટ ઊંચા દુર્ગમ રસ્તા પર બાઈક દ્વારા જવાનો તેઓનો ગ્રુપ રેકોર્ડ લિમ્કા બુક ઓફ રેકોર્ડઝમાં નોમીનેટ થયેલ છે.

# પરશુરામ જન્મોત્સવની શોભાયાત્રાના ભકિતસભર વધામણા

## ભાજપના હોદ્દેદારોએ ધર્મધ્વજ લહેરાવી ભગવાનને ફૂલહાર કરી બ્રાહ્મણોના આશિર્વાદ મેળવ્યા

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રમાં ઠેર-ઠેર પરશુરામ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી ત્યારે રાજકોટમાં સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા ભગવાન પરશુરામને રીઝવવા ભવ્યાતિભવ્ય શોભાયાત્રા સાથે મહાઆરતી તેમજ મહાપ્રસાદ અને આતંકી હુમલાના ભોગ બનેલા ૨૮ દિવંગતોને શ્રધ્ધાના સુમન અર્પણ કરવામાં આવ્યા હતા.

બ્રાહ્મણોના ઈષ્ટદેવ ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર ભગવાન પરશુરામજીની જન્મજયંતીની શોભાયાત્રાનું વિશાળ સંખ્યામાં ઉપસ્થિત બ્રાહ્મણો અને ધર્મપ્રેમી ભાવિકોના જય પરશુરામના જય ઘોષ સાથે રાજકોટ શહેર ભાજપ દ્વારા પંચનાથ મંદિર ખાતે પ્રસ્થાન અને સ્વાગત કરવામાં આવ્યું હતું.





તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

આ તકે શહેર ભાજપના હોદ્દેદારોએ ધર્મધ્વજ લહેરાવી અને ફુલહાર કરી ભગવાન પરશુરામનું પુજન અર્ચન કરી આર્શીવાદ મેળવ્યા હતા. આ તકે શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, મેયર નયનાબેન પેઢડીયા, મહામંત્રી અશ્વિન મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલા, શહેર ભાજપ પૂર્વ પ્રમુખ મુકેશભાઈ દોશી, કમલેશભાઈ મીરાણી, શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમભાઈ પુજારા, દંડકનેતા મનીષભાઈ રાડીયા, શહેર ભાજપ અનુસુચિત જનજાતી મોરચાના પ્રમુખ મનોજભાઈ દુબલ, શહેર મહિલા મોરચા પ્રમુખ કિરણબેન માકડીયા, મહામંત્રી કિરણબેન હરસોડા સહિત તમામ શ્રેણીના બહોળી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહયા હતા.

### નીતીનભાઈ ભારદ્વાજ - અંશભાઈ ભારદ્વાજે ભગવાનની પુજા કરી ધન્યતા અનુભવી



ભગવાન શ્રી પરશુરામ જન્મોત્સવના પાવન પર્વ નિમિત્તે ઈશ્વરીયા મહાદેવ ખાતે દાદા પરશુરામની આરતીનો પંકજભાઈ રાવલ અને મયુરભાઈ રાવલ દ્વારા ભાજપ અગ્રણી નીતિનભાઈ ભારદ્વાજ અવસર પ્રાપ્ત થયો સાથે અંશભાઈ ભારદ્વાજ અને ગૌરવભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

### અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી

# કેનો કાયાકિંગ વોટર સ્પોર્ટ્સમાં મેડલ મેળવી ‘સોનલે’ સોનેરી સિધ્ધિ પ્રાપ્ત કરી



### ૧૮મી પેરા કેનો નેશનલ ચેમ્પિયનશિપમાં ત્રણ સિલ્વર-બે બ્રોન્ઝ મેડલ મેળવનાર પ્રથમ ગુજરાતી મહિલા ‘સોનલ વસોયા’

**અબતક,રાજકોટ**

રાજકોટ બાળપણથી જ દિવ્યાંગ એવા સોનલ વસોયાએ, અડગ મનોબળ અને દ્રઢ નિશ્ચયથી રમત-ગમત ક્ષેત્રે સોનલે સોનેરી સિદ્ધિ પ્રાપ્ત કરી રાજકોટ અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

૮૫ ટકા ડીસેબિલિટી ધરાવતા સોનલબહેન વર્ષ ૨૦૧૨થી જ વિવિધ ક્ષેત્રે સ્પર્ધાઓમાં ભાગ લઈ મેડલો જીતતા આવે છે, તેમણે બરછી ફેંક, ડીસ્ક ફેંક ગોળા ફેંક સહિતની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધા બાદ વોટર સ્પોર્ટ્સમાં આગળ વધવાનું વિચાર્યું હતુ.

વર્ષ ૨૦૨૪માં પેરા કેનો નેશનલ ચેમ્પિયનશિપમાં સિલ્વર અને બ્રોન્ઝ મેડલ મેળવ્યા બાદ જાપાનમાં એશિયન ચેમ્પિયનશિપમાં પણ સિલ્વર મેડલ મેળવી તેમણે ગુજરાતને પ્રથમ ઈન્ટરનેશનલ મેડલનું ગૌરવ અપાવ્યું, ત્યારબાદ તાજેતરમાં ૧૮મી પેરા કેનો નેશનલ ચેમ્પિયનશિપ તા. ૨૪ થી ૨૮ એપ્રિલ,૨૦૨૫ ભોપાલમાં ચાલી રહી હતી. તેમાં તેઓએ કેનો બોટમાં ૨૦૦ મીટરની રેસમાં બ્રોન્ઝ મેડલ જીત્યો અને કાયાકિંગ બોટમાં ૨૦૦ મીટરની રેસમાં સિલ્વર મેડલ હાંસલ કર્યો છે. આમ, સોનલબહેને ત્રણ વર્ષમાં કેનોઈંગ કાયાકિંગ વોટર સ્પોર્ટસમાં ગુજરાતના એકમાત્ર ખેલાડી તરીકે ત્રણ સિલ્વર મેડલ અને બે બ્રોન્ઝ મેડલ અપાવ્યા, અને એશિયન ચેમ્પિયનશિપ ટોકયો ખાતે ગુજરાતને ફર્સ્ટ સિલ્વર મેડલ અપાવ્યો છે.

આગામી વર્લ્ડકપને ધ્યાનમાં લઈને હાલ સોનલબહેન

(અનું. આઠમાં પાને)

# ૪૦૦ મહેસુલી કર્મચારીઓ એક દિવસ માટે માસ સીએલ પર

## ઈ-કેવાયસી સહિતની રેવન્યુની કામગીરી અટકી



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મહામંડળના આદેશ અનુસાર આજરોજ રાજકોટ જિલ્લાના ૪૦૦ જેટલા મહેસુલી કર્મચારીઓ માસ સીએલ ઉપર ઉતરી ગયા છે. ગુજરાત રાજ્યમાં ૩૦ મહેસુલી કર્મચારીઓ એવા છે કે જેમની બદલી માંગી નહોતી છતાં તેમની બદલી કરી નાખવામાં આવી અને રાજ્યમાં અંદાજે ૨૦૦ કર્મચારીઓ એવા છે કે જેઓ જિલ્લા ફેર બદલીની માગ કરી રહ્યા છે છતાં સરકાર દ્વારા બદલી કરવામાં આવતી નથી.સાથે જ પ્રમોશન માટેની પરીક્ષા પણ લેવામાં આવતી નથી. જેને લઈને આજરોજ એક દિવસની માસ સીએલ રાખવામાં આવી છે. જેને કારણે ઈ-કેવાયસી સહિતની રેવન્યુની કામગિરી અટકી.

રાજકોટ જિલ્લાની પ્રાંત કચેરી અને મામલતદાર કચેરીના ૪૦૦ જેટલા મહેસુલી કર્મચારીઓ આજરોજ માસ સીએલમાં જોડાયા છે. સમગ્ર મુદ્દે અગાઉ બે વખત સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. ગુજરાત રાજ્ય મહામંડળ દ્વારા આગામી સમયમાં


(અનું. આઠમાં પાને)

### મહેસુલી કર્મચારીઓની જિલ્લા ફેર બદલીની મુખ્ય માગઃ કિરીટસિંહ ઝાલા



‘અબતક’ સાથેની વાતચીતમાં મહેસુલી કર્મચારી મહામંડળના પ્રમુખ કિરીટસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યના મહેસુલી કર્મચારીઓના અલગ અલગ પ્રશ્નો માટે સરકારને અગાઉ રજૂઆત કરવામાં આવી હતી. જે બાબતે સરકાર દ્વારા કોઈ નિર્ણય લેવામાં ન આવતા આજરોજ રાજકોટ સહિત રાજ્યના તમામ મહેસુલ કર્મચારીઓ એક દિવસની માસ સીએલ પર ઉતરી ગયા છે. જિલ્લા ફેર બદલીની મુખ્ય માંગ છે, કર્મચારીઓના પ્રમોશન થયા નથી.

# કાલે ગુજરાત સ્થાપના દિનઃવિકાસની રાજનીતિના નવા અધ્યાય થકી ગુજરાત દેશ માટે ‘રોલ મોડેલ’







## ગુજરાત ભારતનું સૌથી મહત્વપૂર્ણ રાજ્ય : દેશના જીડીપીમાં ગુજરાતનો ફાળો ૮.૨ ટકા

**અબતક રાજકોટ**

ગુજરાત વર્ષોથી સંસ્કાર, સંસ્કૃતિ, સમૃદ્ધિ અને વિકાસની ભૂમિ રહી છે. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૧માં વિકાસનો પાયો નાંખ્યો અને છેલ્લા બે દાયકા કરતાં વધુ સમયથી રાજ્ય સરકારના હકારાત્મક અભિગમ તેમજ જન ભાગીદારી થકી રાજ્યમાં વિકાસનો નવો અધ્યાય શરૂ થયો છે. જેના પરિણામે છેલ્લા બે દાયકાથી ગુજરાત દેશમાં વિકાસની રાજનીતિના નવા અધ્યાય થકી સતત રોલ મોડલ પુરવાર થઈ રહ્યું છે.

સૌ ગુજરાતીઓએ ગૌરવ થાય એવા ગુજરાતના ૬૫માં સ્થાપના દિન ૧લી મેએ આપણે આ અવિરત વિકાસ યાત્રાને વધુને વધુ આગળ વધારવા સંકલ્પબદ્ધ બનવું જ રહ્યું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ આજ માર્ગે રાજ્યની વિકાસ યાત્રાને આગળ ધપાવી રહ્યા છે. જેના પરિણામે

### વાત કરીએ ગુજરાતના વિકાસની

ગુજરાતનો ઈતિહાસ શરૂઆતથી જ ખૂબ જ વૈભવશાળી રહ્યો છે. લોથલ અને ધોળાવીરા જેવી સિંધુ ખીણ સંસ્કૃતિની સાઈટ્સથી લઈને મહાત્મા ગાંધીના જન્મસ્થળ પોરબંદર સુધી, ગુજરાતે ભારતના ઈતિહાસમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. શ્રી કૃષ્ણના દ્વારકા ધામથી લઈને સુફી સંસ્કૃતિ સુધી, ગુજરાત એક સાંસ્કૃતિક મેળાપનું પણ ઉદાહરણ છે.ગુજરાતના પનોતા પુત્ર અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સતત માર્ગદર્શન, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં તેમજ ગુજરાતીઓના અથાક પરિશ્રમથી ભારતના અર્થતંત્રમાં ગુજરાત એક મહત્વપૂર્ણ અને શક્તિશાળી રાજ્ય તરીકે વિશેષ સ્થાન ધરાવે છે.

આ ઉપરાંત ગુજરાત નિકાસના ક્ષેત્રમાં પણ અગ્રણી સ્થાન ધરાવે છે. ભારતમાં થતી કુલ નિકાસનો આશરે ૩૦ ટકાથી વધુ હિસ્સો ગુજરાત ધરાવે છે. આમાં મુખ્યત્વે પેટ્રોકેમિકલ, ફાર્માસ્યુટિકલ્સ, ટેક્સટાઈલ, સેરામિક્સ, જેમ એન્ડ જ્વેલરી, કેમિકલ્સ અને ફાર્મા ઉત્પાદનોનો સમાવેશ થાય છે. એપ્રિલથી ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન કુલ ૮૮.૧૬ બિલિયન યુ.એસ. ડોલરની નિકાસ સાથે દેશમાં ગુજરાતનો હિસ્સો ૨૭.૪૦ ટકા હતો.

ગુજરાત પોલિસી ડ્રિવન સ્ટેટ તરીકે દેશભરમાં મોડલ સ્ટેટ તરીકે સાબિત થયું છે. છેલ્લા ૨૦ વર્ષોમાં રાજ્ય સરકાર દ્વારા વિવિધ ક્ષેત્રોને પ્રોત્સાહન પૂરું પાડવા ગુજરાત સ્પોર્ટસ પોલિસી, ટુરિઝમ પોલિસી, સેમિકન્ડક્ટર પોલિસી જેવી વિવિધ પોલિસી જાહેર કરી છે.

ગુજરાત એ ભારતની વસતિના ૫ ટકા અને જમીનનો ૬ ટકા ભાગ ધરાવે છે તેમ છતાં દેશના આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ ફાળો આપે છે. વડાપ્રધાનશ્રીના ‘વિકસિત ભારત’ના લક્ષ્યને હાંસલ કરવા ગુજરાત દેશના જીડીપી માં ૮.૨ ટકા ફાળો આપી રહ્યું છે. જ્યારે ભારતના ટોચના પાંચ અર્થતંત્ર ધરાવતા રાજ્યોમાં ગુજરાત સ્થાન ધરાવે છે. ગુજરાત ગૌરવશાળી ભૂતકાળ ધરાવતું રાજ્ય છે અને ભવિષ્ય માટે પહેલ કરતી અગ્રગણ્ય શક્તિ છે. અહીં મંદિર છે તો મોલ પણ છે, અહીં રણ ઉત્સવ છે તો ગિફ્ટ સિટી પણ છે. અહીં આધુનિક બાંધકામ છે તો પર્યાવરણને કેન્દ્ર સ્થાને રાખતાં ગ્રીન બિલ્ડિંગ્સ પણ છે. ગિફ્ટ સિટી, સાયન્સ સિટી, ધોલેરા સ્માર્ટ સિટી, મેટ્રો ટ્રેન, બુલેટ ટ્રેન પ્રોજેક્ટ, વ્હાઈટ રેવિન્યુ જનરેટિંગ પોર્ટ્સ - આવી અનેક યોજનાઓ ગુજરાતને નેશનલ લીડરશિપ તરફ લઈ જઈ રહી છે.

### ડિજિટલ ગુજરાતઃ ગામથી ગ્લોબલ સુધી

ગુજરાત આજે ડિજિટલ ગવર્નન્સમાં પણ આગવું સ્થાન ધરાવે છે. ઈ ગ્રામ વિશ્વગ્રામ, ડિજિટલ સેવા સેતુ, જેવી યોજનાઓથી ગ્રામીણ વિસ્તારોમાં ઈન્ટરનેટ અને સરકારી સેવાઓ સરળતાથી ઉપલબ્ધ બની છે. હવે માત્ર શહેર નહીં, ગામડાં પણ ટેક્નોલોજીથી જોડાયા છે. ગરવી એપ દ્વારા હવે વિદેશમાં રહેતા ગુજરાતીઓ પણ પોતાની મિલકતો અને જમીન સંબંધિત કામગીરી ઓનલાઈન કરી શકે છે. ગુજરાત માત્ર ભારતમાં નહિ, પરંતુ ગ્લોબલ ગુજરાતી સમુદાયને જોડે છે.

### યુવાનો માટે અવસરઃ ગુજરાતનું ભવિષ્ય

ગુજરાત સ્ટાર્ટઅપ મિશન, આઈ-હબ, એગ્રિકલ્ચરલ પ્રોગ્રામ જેવી પહેલ યુવાનોને મંચ આપી રહી છે. રાજ્યના યુવાનો હવે ખેતીથી આઈ.ટી સુધી, ધંધાથી ડેટા એનાલિટિક્સ સુધી દરેક ક્ષેત્રમાં ગુજરાતનું નામ ઉજાગર કરી રહ્યા છે. એમ્પલોયમેન્ટ એક્સચેન્જ સ્ટેટિસ્ટિક- ૨૦૨૩ મુજબ રોજગાર વાંચ્છુકોને રોજગારી આપવામાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે.

### ગુજરાતનો ગૌરવપદ વારસો

પ્રવાસન ક્ષેત્રના સુનિયોજીત વિકાસ માટે આતિથ્યમ ટુરિસ્ટ ફુટફોલ ડેશ બોર્ડ તૈયાર કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે. ગિરના એશિયાઈ સિંહો, કચ્છનો રણોત્સવ, અને અમદાવાદ શહેરના હેરિટેજ ટાઉનનો દરજ્જો, રાણકી વાવ, ધોળાવિરા, ચાંપાનેર અને સુદર્શન સેતુ જેવા અનેક સ્થળો ગુજરાતના ગૌરવપદ વારસાને સાચવીને બેઠા છે.



### આધુનિક ગુજરાતનું ટેકનોલોજીયુક્ત ભવિષ્ય

ગુજરાત આજે માત્ર ઔદ્યોગિક રાજ્ય નથી. તે હવે એક ટેક-સેવી, સ્ટાર્ટઅપ-મૈત્રીપૂર્ણ અને ઈનોવેશનને પોષતું રાજ્ય બની ચૂક્યું છે. ગુજરાત છેલ્લા ત્રણ વર્ષથી સ્ટાર્ટપ ક્ષેત્રે પ્રથમ નંબરે છે. આજે ગુજરાત ગિફ્ટ સિટી ભારતનું પહેલું ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટર - હોવાના ગૌરવ સાથે જોડાયેલું છે. અહીં બ્લોકચેનથી લઈને એઆઈ, ફિનટેક સ્ટાર્ટઅપ્સ સુધીની સર્વિસ ઉપલબ્ધ છે.

### ઔદ્યોગિક વિકાસ અને રોકાણ

ગુજરાતે દેશ-વિદેશના રોકાણકારોને આકર્ષવા માટે ‘વાઈબ્રન્ટ ગુજરાત સમિટે’ સફળતાઓ હાંસલ કરી છે. વર્ષ ૨૦૨૪માં તેની ૧૦મી આવૃત્તિ યોજાઈ હતી. છેલ્લા બે વર્ષમાં ટેસલા, માઈક્રોન, ફોક્સકોન જેવી આંતરરાષ્ટ્રીય ટેક કંપનીઓએ ગુજરાતમાં મેન્યુફેક્ચરિંગ યુનિટ સ્થાપવા માટે પ્રસ્તાવ મૂક્યા છે. આ ઉપરાંત સેમી કન્ડકટર પોલિસી જાહેર કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું છે.

### ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પરિવહન


‘સ્ટેચ્યુ ઓફ યુનિટી’ પ્રવાસનના ક્ષેત્રે ભારતનું સૌથી મોટું કેન્દ્ર બન્યું છે. છેલ્લા પાંચ વર્ષમાં લાખો પ્રવાસીઓના દૈનિક પ્રવાહથી સ્થાનિક અર્થતંત્રમાં ઉછાળો આવ્યો છે. પ્રથમ સ્માર્ટ ઈન્ડસ્ટ્રીયલ સિટી તરીકે ધોલેરા ઝડપથી વિકાસ પામી રહ્યું છે. અહીં ઈ-વેહિકલ, રીન્યુએબલ એનર્જી અને ડેટા સેન્ટર્સમાં મોટાપાયે રોકાણ થયું છે. મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન ભવિષ્ય તરફ દોડતા ગુજરાતની સાક્ષી પુરે છે.

# પરાબજારમાં હુમલાના ગુનામાં આરોપી જામીન મુકત

## ફૂટના ધંધાકીય હરીફાઈને કારણે બે મિત્રને માર માર્યો 'તો

**અબતક, રાજકોટ**

શહેરના મોચી બજાર નજીક પરા બજારમાં ધંધાકીય હરીફાઈને કારણે હુમલાના ગુનામાં સંડોવાયેલા તોફિક ઉર્ફે રામો રફીક શેખ ને અદાલતે જામીન ઉપર છોડી મૂકવા હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરમાં રહેતા પ્રશાંત વાડોદરિયા અને તેના મિત્ર આસિફ કેયડા પર મોહસીન અને તોફિક ઉર્ફે રામો રફીક શેખે જ્ઞાતિ પ્રત્યે હડધુંત કરી હુમલો કર્યા અંગેની એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે મોહસીન જુનેજાને ફરિયાદીના મિત્ર આસિફ કેડા સાથે ચાલતી


વકીલ પાર્થરાજસિંહ ઝાલા


માથાકૂટનો ખાર રાખી માર માર્યાનો જણાયું હતું એટ્રોસિટી અને મારામારીના ગુનામાં એક વર્ષથી નાસતા ફરતા તોફીક ઉર્ફે રામો શેખને ઝડપી લઈ જેલહવાલે કર્યો હતો.તૌફીક ઉર્ફે રામો શેખ દ્વારા સ્પેશિયલ કોર્ટમાં જામીન અરજી દાખલ કરેલી સદરહું જામીન અરજી ચાલવા પર આવતા તૌફીક ઉર્ફે રામો શેખ નાં વકીલ પાર્થરાજસિંહ ઝાલા દ્વારા વિવિધ દલીલો કરવામાં આવેલ જે દલીલો માન્ય રાખી તૌફીક ઉર્ફે રામો ને જામીન પર છોડવાનો હુકમ કરવામાં આવેલો છે.તૌફીક ઉર્ફે રામો રફીકભાઈ શેખ વતી વકીલ તરીકે અજીતભાઈ પરમાર, હુસેનભાઈ હેરંજા, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવિભાઈ લાલ, જીત શાહ, ફેઈઝાન સમા, અંકીતભાઈ ભટ્ટ તથા રહીમભાઈ હેરંજા રોકાયેલા હતા.

# દુષ્કર્મના ગુનામાં વિધર્મીએ હાઈકોર્ટમાંથી જામીન અરજી પરત ખેંચવાની ફરજ પડી

## રમજાન બ્લોચ સગીરાને લલચાવી, ફોસલાવી પોતાનું નામ છુપાવી લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરી દુષ્કર્મ આચર્યું

**અબતક, રાજકોટ**

મોરબીની સગીરાને વિધર્મી યુવકે ફસાવી અપહરણ કરી દુષ્કર્મ આચરવાના ગુન્હામાં આરોપીને ગુજરાત હાઈકોર્ટમાંથી જામીન અરજી પરત લેવાની ફરજ પડી હતી. વધુ વિગત મુજબ ગત તારીખ : ૧૩/૦૨/૨૦૨૪ ના રોજ મોરબી ખાતે રહેતા યુવાને સગીર વયની બહેન ગુમ થયા અંગેની તાલુકા પોલીસ ફરીયાદ આપી હતી. પોલીસની પ્રાથમીક તપાસ કરતા મોરબીનો રમજાન બ્લોચ નામનો શખ્સ સગીરાને લલચાવી, ફોસલાવી પોતાનું નામ છુપાવી લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરી ભગાડી જઈ દુષ્કર્મ ગુજાર્યાનું સામે આવતા પોલીસે પોકસો, દુષ્કર્મ સહિતની કલમ મુજબ નોધી ધરપકડ કરી હતી. કોર્ટ આરોપીને જયુડીશ્યલ કસ્ટડીમાં મોકલી આપેલ હતો. આરોપીની સેશન્સ કોર્ટે જામીન અરજી નામંજૂર કરતા ગુજરાત હાઈકોર્ટમાં પોતાની જામીન અરજી દાખલ કરી હતી. જે ચાલી જતા કામમાં મૂળ ફરીયાદી તરફે જામીન અરજી સંબંધેના વાંધાઓ તથા મહત્વના ચુકાદાઓ હાજર રાખી, વિશેષ ધારદાર દલીલો કરી હતી, કોર્ટ બન્ને પક્ષોને સાંભળ્યા બાદ


વકીલ ચેતન વિઠલાપરા

આરોપીની જામીન અરજી રદ થવાની હોઈ, જેથી આરોપીને જામીન અરજી પરત લેવાની ફરજ પડી હતી. ફરીયાદીના વકીલ તરીકે, વિઠલાપરા સોલિસિટર્સ એન્ડ એડવોકેટસ, ના વકીલ ચેતન વિઠલાપરા, સાગર સરવૈયા, વિજય વણઝારા, રીતુસિંહ, લવજી ભજગોતર, કિરીટ ગોહિલ, જયદીપ બથવાર, સંજય ચાવડા, એમ. એમ. રાઠોડ, દક્ષાબેન બથવાર, મદદનીશ તરીકે કિશન ભીમાણી, હિરેન એસ. વિઠલાપરા, એસ. સી. વિઠલાપરા, હિરેન ખીમસુરીયા, ભાવેશ વોરા, વિનોદ ચૌહાણ, સચિન આર. દેસાઈ રોકાયેલ હતા.

# વોર્ડ નં.૧૮માં ડામર કામનો શુભારંભ કરાવતા કોર્પોરેટરો



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા વોર્ડ નં.૧૮માં આવેલ જય પાર્ક અને સન પાર્કમાં ડામર કામનો શુભારંભ વોર્ડ નં.૧૮ના કોર્પોરેટરો દ્વારા કરાવવામાં આવેલ. આ શુભારંભ કાર્યક્રમમાં કોર્પોરેટર સંજયસિંહ રાણા, સંદીપભાઈ ગાજીપરા, દક્ષાબેન વાઘેલા, ભારતીબેન પરસાણા, વોર્ડ પ્રભારી ગેલાભાઈ રબારી, વોર્ડ પ્રમુખ અનિલભાઈ દોંગા, વોર્ડ મહામંત્રી મુન્નાભાઈ જોગરાણા, મીતેશભાઈ બોરીચા, કાળુભાઈ કુંમર, નિલેશભાઈ મુંગરા, હિમાંશુભાઈ રાજ્યગુરુ, યોગેન્દ્રસિંહ રાણા, ધર્મેશભાઈ કિહોર, બાબુભાઈ સખીયા, પંકજભાઈ દોંગા, નવનીતભાઈ ધડુક, બાબુભાઈ મકવાણા, નિલેશભાઈ ગજેરા, સંસ્કાર પટેલ, માલતીબેન ચાવડા, વર્ષાબેન સભાયા, સોનલબેન સોમૈયા, ભારતીબેન ગજેરા, ઊર્મિબેન ગોંડલીયા વિસ્તારના આગેવાનો ઉપસ્થિત રહેલ.

# નિર્મલા રોડ પર રહેતા નેપાળી ચોકીદારનો "આપઘાત"

## ગાયકવાડી શેરીના પ્રૌઢએ જલજીરાના બદલે ઉંદર મારવાની દવા ખાઈ ગયા

**અબતક, રાજકોટ**

રાજકોટના પોશ ગણાતા નિર્મલા રોડ પર રહેતા નેપાળી સિક્યુરિટી ગાર્ડનું ઘરમાં જ ગળે ફાંસો ખાઈ લેતા મોત નીપજ્યું હતું.નિર્મલા રોડ શેરી નંબર ૧માં રહેતા અને રેસીડેન્સ કોમ્પ્લેક્સ માં ચોકીદારી નું કામ કરતા મૂળ નેપાલ અને છેલ્લા ત્રણેક વર્ષથી રાજકોટમાં રહેતા ચક્ર કામી ''પર''એ ગઈકાલે સાંજે પોતાના ઘરે ગળે ફાંસો ખાઈ લેતા બેભાન અવસ્થામાં સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં ફરજ પરના તબીબો એ મૃત જાહેર કર્યો હતો ચક્રકામી ના ભત્રીજા લક્ષમણે જણાવ્યું હતું કે મરનાર ને દારૂ પીવાની ટેવ હોય અને ઘરમાં વારંવાર કંકાસ થતો હોય માનસિક તનાવમાં આવી આ પગલું ભર્યું હોવા નું જણાવ્યું હતું.ભૂલમાં દવા પીધી... પ્રદ્યુમન નગર પોલીસ સ્ટેશન ની હદમાં આવેલ ગાયકવાડી શેરી નંબર પાંચ માં રહેતા મેઘરાજભાઈ હેમંત દાસ લીલાની ૪૯ ને રાત્રે ૩/૩૦ કલાકે ઉંદર મારવાની દવા પીધેલ હાલતમાં સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા તેમને લાવનાર શ્યામભાઈએ જણાવ્યું હતું કે મેઘરાજભાઈ ને મોડી રાત્રે પેટનો દુખાવો ઉપાડતા જલજીરાના બદલે ભૂલમાં ઉંદર મારવાની દવા પી લેતા સારવારમાં ખસેડવામાં આવ્યા હતા.

# હિટ એન્ડ રન, સાતડા ગામના પાટિયા પાસે કારની અડફેટે રાહદારીનું મોત

## સમૂહ લગ્નમાંથી પરત ફરતી વખતે સાતડા ગામના વૃદ્ધને જીવલેણ અકસ્માત સર્જાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ ચોટીલા હાઈવે ગોજારો બન્યો હોય તેમ અવાર નવાર અકસ્માત સર્જાયા હોવાની અનેક ઘટનાઓ પ્રકાશમાં આવી છે. ત્યારે વધુ એક બનાવમાં બે દિવસ પૂર્વે બામણગોર ખાતે યોજાયેલા સમૂહ લગ્નમાંથી પરત ફરતા સાતડા ગામના વૃદ્ધને કાર ચાલકે ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. હિટ એન્ડ રનની ઘટનામાં ઘવાયેલા વૃદ્ધના મોતથી પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટ તાલુકાના સાતડા ગામે રહેતા મોહનભાઈ અરજણભાઈ સદાદીયા નામના ૭૦ વર્ષના વૃદ્ધ બે દિવસ પૂર્વે રાત્રીના દસેક વાગ્યાના અરસામાં સાતડા ગામના પાટીયા પાસે ચાલીને જઈ રહ્યા હતા. ત્યારે અજાણ્યા કાર ચાલકે ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા વૃદ્ધને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમની તબિયત નાજુક જણાતા વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં વૃદ્ધની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ હોસ્પિટલના બિછાને દમ તોડી દેતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે. પ્રાથમિક પૂછપરછમાં મૃતક મોહનભાઈ સદાદિયા ચાર ભાઈ ત્રણ બહેનમાં વચ્ચેટ હતા અને તેમને સંતાનમાં બે પુત્ર અને ચાર દીકરી છે મોહનભાઈ સદાદિયા બામણબોર ખાતે યોજાયેલા સમૂહ લગ્નમાં ગયા હતા અને જ્યાંથી પરત ફરતી વખતે જીવલેણ અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે એરપોર્ટ પોલીસે નોંધ કરી અકસ્માત સર્જી નાસી છુટેલા અજાણ્યા કારચાલકને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ખોટી રીતે વળતર મેળવવાની કોશિશના ગુનામાં ડોકટર સહિતના આરોપીઓનો છૂટકારો

## સગીર પુત્રનું વળતર મેળવવા અકસ્માતની ખોટી ફરિયાદ અને સારવારના કાગળો ઊભા કર્યાની ફરિયાદ નોંધાવી તી

**અબતક, રાજકોટ**

શહેરના સગીર પુત્રના વાહન અકસ્માતનું વળતર મેળવવા ખોટી ફરિયાદ અને સારવારના કાગળો ઊભા કરી ખોટી રીતે વળતર મેળવવાની કોશિશ અંગેની ફરિયાદમાં અદાલતે ડોકટર સહિતના આરોપીઓનો છૂટકારો ફરમાવ્યો છે. રાજકોટમાં કિશોરસિંહ સુખદેવસિંહ ઝાલાના સગીર પુત્રને ૮૦ ફૂટ રોડ ઉપર વાહન અકસ્માતમાં ઈજા થતાં સારવારમાં ખસેડાયા બાદ ભકિતનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. વાહન અકસ્માતમાં ઈજાના વળતર અંગે અરજી કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. દરમિયાન ભકિતનગર


વકીલ એન. આર.જાડેજા

પોલીસ દ્વારા ઉપરોક્ત બાબતમાં ઈજાગ્રસ્ત તરુણના પિતા, સારવાર આપનાર ડો. છગનભાઈ ખૂંટ અને હરીભાઈ વેકરિયા સામે વીમા કંપની પાસેથી વાહન અકસ્માત વળતરનો અંગત ગેરલાભ લેવા સારવારમાં ખોટી રીતે સાહેદની હાજરી બતાવી ખોટો દસ્તાવેજ ઉભો કરી આરોપીઓએ અપ્રમાણીકપણે તથા બદઈરાદાથી મેડિકલ સર્ટિફિકેટ અને તેને આધારે પોલીસ સ્ટેશનમાં તથા ખોટો એકિસડેન્ટ કલેઈમ ટ્રિબ્યુનલમાં દાખલ કર્યાની સામી ફરિયાદ પોલીસ હેડ કોન્સ્ટેબલ હેમતસિંહ જોરુભા વાળાએ નોંધાવી હતી. આ કેસ ચાલવા ઉપર આવતા આરોપીઓનાં વકિલ નરેન્દ્રસિંહ જાડેજા દ્વારા દલીલો કરવામાં આવેલ કે, ફરીયાદપક્ષનાં આક્ષેપોને લેશમાત્ર પણ સમર્થન મળેલ નથી, તેવા સંજોગોમાં દલીલો તથા કાયદાકિય સિધ્ધાંતોને લક્ષમાં લઈ રાજકોટનાં ચોથા અધિક ચીફ જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ મેહુલભાઈ જી. શાહ દ્વારા આરોપીઓને નિર્દોષ છોડી મુકવા હુકમ કરેલ છે. આ કામે આરોપીઓ પક્ષે સૌરાષ્ટ્રનાં પ્રખ્યાત વકીલ અને ડિસ્ટ્રિકટ બાર એસોસિએશનનાં પ્રમુખ નરેન્દ્રસિંહ જાડેજા, યોગેશ ઉદાણી, એમ. બી. પંડયા, ડો.ધરાબેન ઠાકર, નૂપેન ભાવસાર, નિધિબેન ચોડાગર, ધારા એચ. ઉજીયા, પદમીની પરમાર, કિર્તિબેન હડિયા, હેમાક્ષી ભલસોડ, માનસી ગોલ, ચાંદનીબેન જાવિયા, દિગ્વિજયસિંહ જાડેજા, સુનિતા લાલવાણી, ભરત લુણાસિયા, ડિમ્પલ લખતરીયા, રીના ફેન્વિક અને લીગલ આસિસ્ટન્ટ રાજેશ ગોસ્વામી, શીવદત ગોસ્વામી, તનિષ વર્મા, મીતલ રાચ્છ અને ટીમ રોકાયા હતા.

# મિલકત મુદ્દે મારામારી ગુનામાં મહિલા સહિત છ આરોપીને નિર્દોષ

**અબતક, રાજકોટ**

શહેરના પેડક રોડ પર પાણીના ઘોડા પાસે મિલકત મુદ્દે જીવલેણ હુમલો કરવાના કેસમાં મહિલા સહિત છ આરોપીને કોર્ટે નિર્દોષ મુક્ત કરતો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટમાં પેડક રોડ પર પાણીના ઘોડા પાસે રહેતા ફરીયાદી ધીરજલાલ પ્રેમજીભાઈ વોરાને દુકાન અમારી છે તેમ કહી આરોપી નિલેશ મગનભાઈ વેકરીયા, નિકુંજ મેગનભાઈ વેકરીયા, પંકજ માવજીભાઈ પટેલ, મગન લાલજીભાઈ વેકરીયા, રમાબેન મગનભાઈ પટેલ અને સોનલભાઈ નિલેશભાઈ પટેલે ઝઘડો કરી ધારીયા, પાઈપ અને ધોકા વડે જીવલેણ ખુની હુમલો કર્યાની ધીરજલાલ વોરાએ બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ થયા બાદ કેસ ચાલવા ઉપર આવતા આરોપીઓના એડવોકેટ સુરેશ ફળદુ ધ્વારા એવી રજુઆત કરવામાં આવેલ કે સંપુર્ણ વિવાદ મિલ્કતનો છે ફરીયાદીના ભાઈ કોર્પોરેશનમાં નોકરી કરતા જે એક આરોપીના સાઢુભાઈ હોય તેઓએ કોર્પોરેશનમાંથી પ્લોટ અપાવેલ હોય તે રકમ આરોપીઓ ચુકવી દીધા બાદ તે પ્લોટ ઉપર આરોપીએ ફીરયાદીને મકાન તથા દુકાન બાંધકામ કરવા કામ સોંપેલ બાદ અરોપીઓને જાણવા મળેલ કે પ્લોટ ફરીયાદીના ભાઈએ તેના નામે લઈ લીધેલ છે જે વિવાદ અન્વયે આરોપીઓને દબાવવા સિવિલ દાવાઓ કરી મકાન અને દુકાન ફરીયાદી અને તેના ભાઈઓ ધ્વારા પડાવી લેવામાં આવેલ અને તે વખતે ફોજદારી કેસો પરત ખેંચી લેવા સમાધાન થયેલ હોવા છતા હકીકતથી ફરીયાદી ફરી ગયેલ હોય અને રેકર્ડ પરનો મેડીકલ પુરાવો લક્ષમાં લેવામાં આવે તો ફરીયાદીને સામાન્ય ઉજરડા સીવાય ગંભીર ઈજા ન હોવા છતા અને ડોકટરની મનાઈ છતા ફોર્સફુલી સીવીલ હોસ્પીટલમાં ફરીયાદી દાખલ થયેલ એન એમ.એલ.સી. કેસ કરાવી આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો દાખલ કરાવેલ, મોટા ભાગના સાહેદો ફરીયાદીના સગા હોય, ફરીયાદી સહિત તમામ સાહેદોએ આરોપીઓને સજા કરાવવાની ભાવનાથી પુરાવો આપેલનું ફલીત થતુ હોય ફરીયાદપક્ષના કેસમાં તબકકે તબકકે શંકા ઉપસ્થિત થતી હોય ત્યારે આરોપીઓને તકસીરવાન ઠેરવી શકાય નહી વિગેરે લંબાણ પુર્વકની દલીલો દલીલો અને રજૂ રાખેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ કોર્ટે તમામ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવ્યો છે.

આ કેસમાં આરોપીઓ વતી રાજકોટના જાણીતા એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, પાર્થ સંઘાણી, જસ્મીન દુધાગરા, જય પીઠવા, તથા મદદમા યુવરાજ વેકરીયા, નીરવ દોંગા, પ્રીન્સ રામાણી, ભાવીન ખુંટ અને જયમલ મકવાણા રોકાયા હતા.

# ગીર સોમનાથ: બે વોન્ટેડ ગુનેગારોને એલસીબીએ દબોચી લીધા

**અબતક રાજકોટ**

જુનાગઢ રેન્જ માં નાસ્તા ફરતા આરોપીઓને કાયદાના સકંજામાં લેવાના રેન્જ આઈ જી નિલેશ ઝાઝડીયા, ગીર સોમનાથ એસ.પી મનોહરસિંહ જાડેજા ની સુચના ના પગલે ગીર સોમનાથ એલસીબી એ વલસાડ અને ચોરવાડ પોલીસ સ્ટેશનના બે ભાગેડુ ગુનેગારોને દબોચી લીધા હતા.





ગીર સોમનાથ એલસીબી પીઆઈ એ બી જાડેજા ના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસી સિંધવ અને ટીમ ના પેટ્રોલિંગ દરમિયાન એએસઆઈ રામદેવસિંહ જાડેજા, ભુપેન્દ્રસિંહ ચાવડા, એ ટેકનિકલ એનાલિસિસ અને હેડ કોન્સ્ટેબલ નટુભાઈ બસિયાને મળેલી બાતમીને આધારે વલસાડ પોલીસ સ્ટેશનમાં દારૂના કેસમાં ફરાર ખારવા વાળ વેરાવળ વાળો કિસનભાઈ પ્રભુદાસ પીઠડીયા ૪૪, અને ચોરવાડના દારૂના કેસમાં ઉનાના લેરકા ના સુનિલ ઉર્ફે વિપુલ કાના વાળા ને દબોચી લીધો હતો.આ કામગીરી માં એલસીબી ની ટીમ ના પીઆઇ એબી જાડેજા, પીએસઆઇ એવી સિંધવ, રામદેવસિંહ જાડેજા, નરવણસિંહ ગોહિલ, ગોવિંદભાઈ વંશ, અજીતસિંહ પરમાર, ભુપેન્દ્રસિંહ ચાવડા, નટુભા બસીયા, ગોવિંદસિંહ વાળા, રાજુભાઈ ગઢીયા, કમલેશભાઈ પિઠીયા, ધર્મેન્દ્રસિંહ ગોહિલ, પેરલ ફર્લો ના સુભાષભાઈ ચાવડા, પ્રવીણભાઈ મોરી, રાજવીર સિંહ બારોટ અને નરેન્દ્ર પટાટ એ કામગીરી કરી હતી

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કેરી કાચી | ૧૩૨ | ૫૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૩૧૫ | ૧૬૦૦ | ૩૬૫૦ |
| સાકરટેટી | ૯૩ | ૨૦૦ | ૪૦૦ |
| તરબુચ | ૪૨૪ | ૨૦૦ | ૩૫૦ |
| બટેટા | ૩૦૨૦ | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૨૪૯૦ | ૬૫ | ૨૩૫ |
| ટમેટા | ૧૮૦૦ | ૨૦૦ | ૪૦૦ |
| સુરણ | ૮૯ | ૧૪૦૦ | ૨૦૦૦ |
| કોથમરી | ૬૧૯ | ૨૦૦ | ૪૦૦ |
| સકરીયા | ૧૧૪ | ૪૦૦ | ૬૦૦ |
| મુળા | ૩૧ | ૨૫૦ | ૪૦૦ |
| રીંગણા | ૪૪૬ | ૨૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૫૪૩ | ૫૦ | ૮૦ |
| ફલાવર | ૬૧૦ | ૩૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૫૩૨ | ૩૪૦ | ૫૦૦ |
| ગુવાર | ૪૩૭ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૮૭ | ૮૦૦ | ૧૦૦૦ |
| ટીંડોળા | ૧૫૦ | ૫૦૦ | ૯૦૦ |
| દુધી | ૫૩૭ | ૧૪૦ | ૩૨૦ |
| કારેલા | ૩૧૨ | ૪૦૦ | ૬૫૦ |
| સરગવો | ૧૩૭ | ૧૨૦ | ૩૩૦ |
| તુરીયા | ૨૩૨ | ૫૦૦ | ૯૨૦ |
| પરવર | ૬૧ | ૬૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૩૯૭ | ૨૫૦ | ૫૩૦ |
| ગાજર | ૪૩૦ | ૧૪૦ | ૩૦૦ |
| વટાણા | ૨૪૫ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ગલકા | ૩૭૮ | ૨૦૦ | ૫૦૦ |
| બીટ | ૧૦૩ | ૧૧૦ | ૨૨૦ |
| મેથી | ૧૬૩ | ૨૧૦ | ૪૨૦ |
| ડુંગળી લીલી | ૩૧૭ | ૨૦૦ | ૩૫૦ |
| આદુ | ૨૭૩ | ૭૦૦ | ૮૦૦ |
| મરચા લીલા | ૪૨૩ | ૨૦૦ | ૪૦૦ |
| લસણ લીલું | ૧૦૭ | ૧૨૦૦ | ૨૦૦૦ |
| મકાઈ લીલી | ૩૨૭ | ૧૧૦ | ૨૨૦ |
| ગુંદા | ૫૨ | ૪૦૦ | ૬૦૦ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૭૦૦ | ૧૪૦૦ | ૧૫૫૯ |
| ઘઉં લોકવન | ૦ | ૪૮૬ | ૫૩૮ |
| ઘઉં ટુકડા | ૦ | ૪૮૭ | ૬૩૨ |
| જુવાર સફેદ | ૫૦ | ૬૦૦ | ૭૭૦ |
| જુવાર પીળી | ૧૦૦ | ૪૦૦ | ૪૬૫ |
| તુવેર | ૮૦૦ | ૧૧૯૦ | ૧૩૫૪ |
| ચણા પીળા | ૦ | ૯૪૦ | ૧૦૮૫ |
| ચણા સફેદ | ૦ | ૧૧૫૦ | ૨૧૫૨ |
| અડદ | ૫૦ | ૧૧૯૫ | ૧૫૭૦ |
| મગ | ૧૨૫ | ૧૩૦૦ | ૧૯૫૦ |
| વાલ દેશી | ૨૦ | ૬૦૦ | ૯૦૦ |
| ચોળી | ૩૦ | ૨૩૩૫ | ૨૩૩૫ |
| વટાણા | ૨૫૦ | ૪૪૦ | ૧૭૭૫ |
| રાજમા | ૫૦ | ૬૦૦ | ૧૫૫૦ |
| મગફળી જાડી | ૬૩૦ | ૯૦૦ | ૧૦૪૮ |
| મગફળી જીણી | ૪૨૧ | ૯૪૦ | ૧૨૮૦ |
| તલી | ૪૦૦ | ૧૬૫૪ | ૧૯૪૦ |
| એરંડા | ૨૦૦૦ | ૧૧૨૧ | ૧૧૮૫ |
| અજમો | ૫૦ | ૯૮૦ | ૧૬૩૦ |
| સુવા | ૨૦ | ૧૧૦૦ | ૧૪૨૫ |
| સોયાબીન | ૧૯૦ | ૭૯૬ | ૮૨૫ |
| સીંગફાડા | ૧૨૦ | ૧૦૭૦ | ૧૩૩૦ |
| કાળા તલ | ૩૦ | ૨૮૨૮ | ૫૨૫૨ |
| લસણ | ૭૫૦ | ૮૩૦ | ૧૪૧૦ |
| ધાણા | ૭૦૦ | ૧૦૮૦ | ૧૪૩૫ |
| મરચા સુકા | ૭૦૦ | ૧૦૦૦ | ૨૦૨૦ |
| ધાણી | ૩૫૦ | ૧૨૦૦ | ૧૭૪૭ |
| વરીયાળી | ૪૫૦ | ૧૩૦૦ | ૨૫૦૦ |
| જીરૂ | ૭૨૦ | ૩૬૫૧ | ૪૨૬૪ |
| રાય | ૨૨૫ | ૧૦૮૦ | ૧૩૩૦ |
| મેથી | ૦ | ૮૫૦ | ૧૨૫૦ |
| ઈસબગુલ | ૧૩૦ | ૧૫૦૦ | ૨૦૫૦ |
| અશેરીયો | ૧૨ | ૧૩૦૧ | ૧૫૦૦ |
| કલોંજી | ૧૫૦ | ૩૨૦૦ | ૩૯૧૦ |
| રાયડો | ૪૫૦ | ૯૫૦ | ૧૦૯૦ |

# ચેક પરત ફરવાના કેસમાં વેપારીને છ માસની સાદી કેદ

## આર્કીટિકચરલ પેઢીને ૫૧,૩૫૪ વળતર પેટે ચુકવવામાં કસુર ઠરે તો વધુ છ મહિનાની સજા

**અબતક, રાજકોટ**

આર્કીટિકચરલ પેઢી પાસેથી જુદા જુદા ઈન્વોઈસથી માલની ખરીદી પેટે આપેલો ચેક પરત ફરવાના કેસમાં કોર્ટે આરોપીને છ માસની સાદી કેદની સજા અને રૂા.૫૧,૩૫૪ વળતર પેટે ચુકવવામાં કસુર કરે તો વધુ છ મહીનાની સજાનો હુકમ કર્યો છે. આ કેસની હકીકત મુજબ આરોપી રાજેશભાઈ મીસ્ત્રીએ આર્કીટિકચરલ પેઢી પાસેથી જુદા જુદા ઈન્વોઈસથી માલ ખરીદ કર્યો હતો. જે અંગે આરોપીએ પેઢીના નામનો ચેક આપ્યો હતો. જે ચેક રીટર્ન થયો હતો. જેથી પેઢીએ આરોપીને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ નીચે નોટીસ આપેલ હતી. તેમ છતાં આરોપીએ પેઢીની લેણી રકમ ભરપાઈ નહિ કરતા પેઢીએ તેમના કર્મચારી મારફત રાજકોટની ફોજદારી અદાલતમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળ ફોજદારી ફરીયાદ દાખલ કરી હતી. જે ફરીયાદમાં આરોપીને સમન્સ ઈસ્યુ કરવામાં આવ્યું હતું. બાદમાં આરોપી તેમના વકીલ મારફત હાજર થયા હતા. આરોપી સામે કેસ ચાલી જતાં ફરીયાદી તરફે કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ અદાલતે આરોપીને છ માસની સાદી કેદની સજા અને રૂા.૫૧,૩૫૪ વળતર પેટે ચુકવવામાં કસુર કરે તો વધુ છ મહીનાની સજાનો હુકમ કર્યો છે. આ કેસમાં ફરીયાદી તરફે રાજકોટના સિનિયર એડવોકેટ જી.આર. ઠાકર, ગાર્ગીબેન ઠાકર, જે.બી. રાઠોડ, મિલનભાઈ દુધાત્રા, કૃપાલ ઠાકર, જીંકલ રામાણી અને એ.જી. ઠાકર રોકાયા હતા.

# નોટરી નિમણૂંક પ્રક્રિયામાં બાકીના ૨૫૦ વકીલોને ન્યાય આપવા રજૂઆત

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારના કાયદા વિભાગ દ્વારા નોટરી તરીકે નિમણૂક પામેલા પૈકી બાકીના ૨૫૦ જેટલા વકીલોને ત્વરિત કોલ લેટર ઈસ્યુ કરી ઈન્ટરવ્યૂની પ્રક્રિયા પૂરી કરવા ધારાશાસ્ત્રી ભરત પરમારે સરકારમાં રજૂઆત કરી છે.



રાજયના અલગ અલગ ૩૩ જિલ્લામાં ૧૬૬૦ નોટરીની ખાલી જગ્યા ભરવા માટે ઓનલાઈન અરજી મંગાવી તમામ ઉમેદવારોને નોટરી ઈન્ટરવ્યૂ કોલ લેટર ઈસ્યુ કરવામાં આવ્યા હતા અને જિલ્લાના તબક્કાવાર ૧ થી૧૦ તબક્કામાં ઈન્ટરવ્યૂ કોલ લેટર ઈસ્યુ કરી નોટરી નિમણૂક પ્રક્રિયામાં હાજર રહેવા જણાવ્યું હતું. તેમાં ૨૭/ ૬/ ૨૩ સુધીમાં ઈન્ટરવ્યૂ કોલ લેટર ઈસ્યુ કરી નોટરી ઈન્ટરવ્યૂ પ્રક્રિયા પૂરી કરવામાં આવી હતી, અને રાજ્યમાંથી કેન્દ્ર સરકારમાં અરજી કરનાર તમામ ઉમેદવારો ૮૦૮૬ને નોટરી તરીકે નિમણૂક આપવામાં આવી હતી. પરંતુ

ગુજરાત સરકાર દ્વારા હજુ નિમણૂક પરિણામ રિઝલ્ટ જાહેર કરવામાં આવ્યા નથી, ઉમેદવારો અઢી વર્ષથી રાહ જોઈ રહ્યા છે ત્યારે રાજકોટના યુવા એડવોકેટ ભરત પરમારે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કાયદા મંત્રી ઋષિકેશ પટેલ, બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે જે પટેલ, બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સભ્ય દિલીપભાઈ પટેલને લેખિતમાં રજૂઆત કરી તમામને નોટરી તરીકે નિયુક્ત કરવા વકીલોને ઈન્ટરવ્યૂ લેટર મોકલવા માંગ કરી છે.

# અમદાવાદ બાદ જૂનાગઢમાં મેગા ડિમોલીશનઃ બુલડોઝરની ધણધણાટી

## અસામાજીક તત્વોએ સરકારી જમીન પર ગેરકાયદે ખડકી દીધેલા ૫૯ બાંધકામો જમીન દોસ્ત કરવા ૪૦૦થી વધુ પોલીસ જવાનોના ચૂસ્ત બંદોબસ્ત સાથે તંત્ર ત્રાટકયું: ધારાગઢ વિસ્તારમાં ચાર દાયકાથી ખડકાયેલા દબાણો દૂર કરાશેઃ ૫૦ કરોડની ૧૬૦૦૦ ચો.મી. જમીન ખૂલ્લી કરાવાશે

**અબતક,રાજકોટ**

અમદાવાદ બાદ આજે સવારથી જૂનાગઢ શહેરમાં મેગા ડિમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ચાર દાયકાથી સરકારી જમીન પર બૂટલેગરો સહિતના અસામાજીક તત્વો દ્વારા ગેરકાયદે ખડકી દેવામા આવેલા બાંધકામોને જમીન દોસ્ત કરવા બુલડોઝરની ધણધણાટી બોલાવવામાં આવી હતી.

જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા ધારાગઢ દરવાજા વિસ્તારમાં ૫૦ કરોડની સરકારી જમીન પર ગેરકાયદે ખડકાયેલા ૫૯ બાંધકામો તોડી પાડવા માટે નોટિસ ફટકારવામાં આવી હતી. તમામ દબાણકર્તાને સ્વૈચ્છાએ બાંધકામ દૂર કરવા તાકીદ કરવામાં આવી હતી. છતા અસામાજીક તત્વો સહિતના દબાણકર્તાઓએ દબાણો દૂર ન કરતા આજે સવારે ધારાગઢ દરવાજા વિસ્તારમાં ૧૦ જે.સી.બી., ૧૦ ટ્રેકટર, ૩ ડીવાયએસપી, ૯ પીએસઆઈ, ૨૬ પી.એસ.આઈ., ૧૦ ગન મેન જવાન, ૧૦ દૂરબીન, ૧૫ વોકીટોકી સાથે ૪૦૦થી વધુ પોલીસ જવાનોના ચૂસ્ત બંદોબસ્ત સાથે ડિમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ધારાગઢ વિસ્તારમાં ડ્રોન દ્વારા નિરિક્ષણ કરવામાં આવી રહ્યું છે.

૫૦ કરોડની સરકારી જમીન પર ગેરકાયદે ખડકાયેલા ૫૯ બાંધકામો તોડી ૧૬૦૦૦ ચોરસ મીટર જમીન ખૂલ્લી કરાવવામાં આવશે. ડિમોલીશનની કામગીરી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચૂસ્ત પોલીસ બંદોબસ્ત સાથે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અસામાજીક તત્વો અને ગેરકાયદે ભારતમાં ઘૂસેલા તત્વોએ મંજૂરી વિના ગેરકાયદે કડકી દીધેલા દબાણો દૂર કરવા માટે રાજયભરમાં સરકાર દ્વારા ડિમોલીશનની ધણધણાટી બોલાવવામાં આવી રહી છે.



### અમદાવાદમાં ચંડોળા વિસ્તારમાં સતત બીજા દિવસે ડિમોલીશન યથાવત

#### નાના મોટા ૩૦૦૦થી વધુ દબાણો તોડવાની કામગીરી એકાદ સપ્તાહ ચાલશે

અમદાવાદના ચંડોળા વિસ્તારમાં બાંગ્લાદેશી ઘુસણખોરો દ્વારા કરવામાં આવેલા દબાણો હટાવવા માટે ગઈકાલથી મેગા ડિમોલીશનની કામગીરી શરૂ કરવામાં આવી છે. ગઈકાલે ૧૦૦૦ જેટલા બાંકામો હટાવી દેવામાં આવ્યા છે. ૩૦૦૦થી વધુ બાંધકામો તોડવાના છે. ૧.૪૦ લાખ ચોરસ મીટર જમીન પર ગેરકાયદે ખડકાયેલા બાંધકામો તોડવા માટે આગામી એકાદ સપ્તાહ સુધી ડિમોલીશનની કામગીરી ચાલશે. ભવિષ્યમાં અહીં ફરી દબાણો ન ખડકાય તે માટે રાજય સરકાર દ્વારા ચંડોળા તળાવનો વિકાસ કરવામાં આવશે. આ વિસ્તાર હાલ મિનિ બાંગ્લાદેશ તરીકે ઓળખાય છે.

# રાજકોટમાં આજે ઓરેન્જ એલર્ટ: મોરબી, કચ્છ અને સુરેન્દ્રનગરમાં યલો એલર્ટ

## ૪૪.૯ ડિગ્રી તાપમાન સાથે રાજકોટ સતત બીજા દિવસે રાજયનું સૌથી ગરમ શહેર ૧૨ શહેરોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીથી વધુ; કાળઝાળ ગરમીથી જનજીવન ત્રાહિમામ

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છ સહિત સમગ્ર ગુજરાતમાં છેલ્લા દોઢ માસથી આકાશમાંથી અગન વર્ષા થઈ રહી છે. સોમવારે તો રાજકોટનું તાપમાન ૪૬.૨ ડિગ્રી સેલ્સીયસ નોંધાયું હતુ. એપ્રીલ માસમાં ગરમીએ તમામ રેકોર્ડ બ્રેક કરી દીધા છે. દરમિયાન મંગળવારે પણ રાજકોટ ૪૪.૯ ડિગ્રી સેલ્સીયસ સાથે રાજયનું સૌથી ગરમ શહેર રહ્યું હતુ. આજે રાજકોટમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જયારે મોરબી, સુરેન્દ્રનગર અને કચ્છમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આજે રાજયમાં તાપમાનનો પારો ૪૫ ડિગ્રીને પાર થવાની સંભાવના જણાય રહી છે. સવારથી આકરા તાપનો અહેસાસ થઈ રહ્યો છે. આવતીકાલે પણ રાજયમાં સિવિયર હીટવેવની શકયતા રહેલી છે.

### કયાં કેટલુ તાપમાન

| | | | |
|---|---|---|---|
| રાજકોટ | ૪૪.૯ડિગ્રી | વડોદરા | ૪૨.૪ડિગ્રી |
| અમદાવાદ | ૪૪.૮ડિગ્રી | કેશોદ | ૪૨ડિગ્રી |
| અમરેલી | ૪૪.૫ડિગ્રી | ભૂજ | ૪૧.૮ડિગ્રી |
| કંડલા એરપોર્ટ | ૪૪.૩ડિગ્રી | ભાવનગર | ૪૧.૬ડિગ્રી |
| ગાંધીનગર | ૪૪ડિગ્રી | ડિસા | ૪૧.૬ડિગ્રી |
| સુરેન્દ્રનગર | ૪૩.૯ડિગ્રી | વલ્લભવિધાનગર | ૪૦.૭ડિગ્રી |

રાજયમાં કાતીલ ગરમીનું મોજુ ફરી વળ્યું છે. રાજકોટ ગઈકાલે મંગળવારે ૪૪.૯ ડિગ્રી સેલ્સીયસ તાપમાન સાથે રાજયનું સૌથી ગરમ શહેર રહ્યું હતુ આ ઉપરાંત સૌરાષ્ટ્રના અન્ય શહેરોનાં મતમ તાપમાન પર નજર કરવામાં આવે તો અમરેલીનું તાપમાન ૪૪.૫ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૪૧.૬ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૩૩.૪ ડિગ્રી, ઓખાનું તાપમાન ૩૪.૬ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૭.૧ ડિગ્રી, રાજકોટનું તાપમાન ૪૪.૯ ડિગ્રી, વેરાવળનું ૩૨.૫ ડિગ્રી, દિવનું તાપમાન ૩૪.૬ ડિગ્રી, સુરેન્દ્રનગરનું તાપમાન ૪૩.૯ ડિગ્રી, મહુવાનું તાપમાન ૩૪.૪ ડિગ્રી, કેશોદનું તાપમાન ૪૨ ડિગ્રી, કચ્છના ભૂજનું તાપમાન ૪૧.૮ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૬.૮ ડિગ્રી, કંડલા પોર્ટનું તાપમાન ૩૬.૬ ડિગ્રી, કંડલા એરપોર્ટનું તાપમાન ૪૪.૩ ડિગ્રી, ઉતર ગુજરાતનું તાપમાન ૪૪.૮ ડિગ્રી, ડિસાનું તાપમાન ૪૧.૬ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૪૪ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરનું તાપમાન ૪૧.૬ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૪૪ ડિગ્રી, વડોદરાનું તાપમાન ૪૨.૪ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૪.૩ ડિગ્રી, દમણનં તાપમાન ૩૪.૨ ડિગ્રી નોંધાયું હતુ.

આજે રાજકોટમાં ગરમીનું ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. જયારે મોરબી, સુરેન્દ્રનગર અને કચ્છમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આવતીકાલે પણ ગરમીનો પ્રકોપ યથાવત રહેશે. સુર્ય પ્રકોપથી જનજીવન ત્રાહીમામ પોકારી ગયું છે. હજી મે માસ આખો બાકી હોય સૂર્ય નારાયણ કાળઝાળ બની આકાશમાંથી અગન વર્ષા ચાલુ રાખશે.


પોઝિટીવ ન્યુઝ, ઈન્ફોર્મેટિવ ન્યુઝ

અબતક®

સાંધ્ય દૈનિક

# વાર્ષિક લવાજમ યોજના

૦૧-૦૫-૨૦૨૫ થી ૩૦-૦૪-૨૦૨૬

**યોજના નં. ૧**

લવાજમ રૂ.૧૧૧૧/-

સિગ્નેચર બ્રાન્ડનું પરફ્યુમ તથા ડિઓ




**યોજના નં. ૨**

લવાજમ રૂ.૧૨૯૯/-

ડબલ હાથી મસાલાનું ૧ કિ.ગ્રા. મરચું, ૫૦૦ ગ્રામ હળદર તથા ૫૦૦ ગ્રામ ધાણાજીરૂ




**વિશેષ નોંધઃ**

(૧) લવાજમના સમય દરમિયાન અખબારી કિંમતમાં થનારો કોઈપણ પ્રકારનો વધારો લવાજમ ગ્રાહકોને લાગુ પડશે નહીં. (૨) લવાજમ ભરનાર ગ્રાહકોએ અબતકની છાપેલી કાચી પહોંચથી જ લવાજમ ભરવાનો આગ્રહ રાખવો, અનાધિકૃત કાચી પહોંચથી ભરેલ લવાજમની જવાબદારી અબતકની રહેશે નહીં. (૩) આ ઉપરાંત અબતકની લવાજમ પોલીસી મુજબ તમામ ચીજવસ્તુઓ શરતોને આધીન રહેશે.

**લવાજમ ભરવાનું સ્થળઃ અબતક મીડિયા હાઉસ, રાષ્ટ્રીયશાળા રોડ, રાજકોટ.**

**આજે જ સંપર્ક કરો : MO:- +૯૧ ૭૦૪૮૧ ૩૦૦૦૧, ૦૨૮૧- ૨૪૬૧૨૩૪**